
આવતી કાલનાં
નાગરિકોનું
માસિક



સ્તૂપના તોરણની કમાન
(મથુરાનું અદ્‌ભુત શિલ્પ)

યુરોપમાં જેમ ઍથેન્સ, તેમ ભારતવર્ષમાં મથુરા કલાનું તીર્થ ગણાય છે. ત્યાંના શિલ્પનાં માર્દવ, લક્ષણકલા તેમજ ઐતિહાસિક ઉપયુક્તતાની પ્રશંસા દુનિયાભરના વિદ્વાનોએ કરી છે. એ જ પ્રદેશમાંથી મળી આવતા લાલ પત્થરમાં કરેલાં અસંખ્ય શિલ્પોમાં આરસને પણ ભુલાવે એવી જે મૃદુતા ને ભાવપૂર્ણતા ત્યાંના શિલ્પીઓ લાવતા તેનો આ વિશિષ્ટ નમૂનો છે. ભગવાનની પૂજાર્થે જઈ રહેલા એ લોકસમુદાયમાં ઘોડા ને બળદ જેવા પશુઓના રુઆબથી માંડી અર્ઘ્ય લઈ જતા સ્ત્રીજનોની અંગભંગી સુંદરીના માનવજનોની પરિચર્યાગાની એકેએક વિગતનું એમાનું આલેખન કેટલું લાવણ્યભર્યું ને જીવંત છે! એ કલાના વિશેષ પરિચય માટે જુઓ આ અંકમાંનો લેખ.

ઑક્ટોબર ૨૭૪ ઈ.સ. ૧૯૪૬
તંત્રી
બચુભાઈ રાવત

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ



મીનાક્ષીમંદિરે

ચિત્રકાર રવિશંકર રાવળ

દક્ષિણ ભારતમાં આવેલી મદુરા નગરી તેના મહાન મીનાક્ષીમંદિરથી સુપ્રસિદ્ધ છે. કળા, કલ્પના અને ભવ્યતાનું અદ્‌ભુત સર્જન એના સ્થાપત્યમાં ભરચક માલૂમ પડે છે. આ ચિત્ર દેવીના ગર્ભમંદિરના પ્રદક્ષિણા માર્ગ પર જતા એક વનવાસી દંપતીનું છે. મીનાક્ષીદેવીનું શ્રી સુંદરેશ્વર (મહાદેવ) સાથે લગ્ન થયું તે તિથિએ દર વર્ષે મદુરામાં હજારોની સંખ્યામાં આવાં વનવાસીઓ આવીને દેવીની લગ્નઘડીને જ શુભ મુહૂર્ત માની તેની સમક્ષ પોતાના હાથ મેળવી, પ્રદક્ષિણા કરી, પોતાનું લગ્ન કરી લે છે અને પછી સાથે આણેલો પ્રસાદ દેવીને ધરીને મંદિરના જળાશયને કાંઠે કોઈ વૃક્ષ નીચે બેસી સહભોજન કરે છે કુદરતે ઘડેલી અદ્‌ભુત શિલ્પમૂર્તિ જેવાં આ વન્ય દંપતીઓને જુઓ તો ગ્રીસ ને રોમનાં પૂતળાં ઝાંખાં પડતાં લાગે. વસ્ત્ર અને વૈભવની જરા યે સ્પૃહા નહિ છતાં આ ગ્રામ જનતામાં પવિત્રતા અને શ્રદ્ધા અપૂર્વ સૌંદર્ય ઝળકાવે છે.

કુમાર
ઑક્ટોબર ૧૯૪૬
અંક ૨૭૪

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર–નાટિકા


લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

ગ્રાહકોને


કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારી-પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂા. ૭-૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧–૪–૦.



વિવિધ આભૂષણો: હિંદી ઢબનાં ડિઝાઈન

કલાકાર શ્રી કનુ દેસાઈના સૌજન્યથી-'શૃંગારિકા'ની આગામી અંગ્રેજી આવૃત્તિમાંથી



ભવ્ય સતાર

અહોહો, ઝનઝન ભવ્ય સતાર!
રણઝણે તારતાર પર તાર!
અધર ગગનમાં ચડી પૃથ્વીનું તુંબ ગ્રહ્યું તેં ગોદ,
સપ્ત તેજના તંતુ પરોવી તેં છેડ્યો કામોદ. અહોહો૦
કુંજકુંજ કોયલ ગૈ થંભી થંભી ગ્રહઘટમાળ,
ક્ષીરસિન્ધુએ તજી સમાધિ, જાગ્યો બ્રહ્મમરાળ. અહોહો૦
અમે પૂછતા કોણ વરસતું, નહિ વાદળ નહિ વીજ,
તેં તારો મુખચંદ દરસિયો, મુજને પડી પતીજ. અહોહો૦
દૂરદૂર ભીતરની ભીતર, એ જ એક ઝંકાર,
કૈંક કળ્યો કૈં અકળિત, તોયે મીઠો તુજ મલાર. અહોહો૦
સૌ માગે છે લલિત વસંતે ભૂપ ભવ્ય કલ્યાણ!
હું માગું આછી આસાનું મંજુલ મંજુલ ગાન. અહોહો૦

સુન્દરમ

ા રાવશંકર રાવળની સંસ્કારયાત્રા 'પ્રવાસ મંજરી'નો વિશિષ્ટ હપતો


મથુરાની શિલ્પકલા



જમણા હાથે અઢીંગીને ઊભેલી સ્ત્રી. સુંદર કટિભંગનો નમૂનો

મથુરા તો હિંદુ જનતાને છેક મહાભારતના કાળથી જીભે ચડેલી નગરી છે, ને આજે પણ એ મથુરા, ગોકુળ-વૃન્દાવન ને યમુનાઘાટ નામશેષ જેવાં છતાં વૈષ્ણવ સંપ્રદાયને માટે તો એ ગણનાં અનુપમ સ્વપ્નો આપનારાં પ્રતીક જેવાં બની રહ્યાં છે કૃષ્ણયુગ ા કથા–પારાયણોમાં અમર થઇ ગયો છે, પણ તે પછીનાં અહીંનાં જારો વર્ષોનો જે ઇતિહાસ સામાન્ય જનતાની નજરમાંથી લોપાઇ યો હતો, તે આજે મથુરા જિલ્લા અથવા શૂરસેન પ્રદેશની ભૂમિ-ાંથી અદ્ભુત શિલ્પ રૂપે પ્રત્યક્ષ મળી આવ્યો છે. એની સીમા-ાનો વિસ્તાર ભરતપુર, આગરા, દિલ્હી અને અલીગઢ તરફનો મજવાનો છે. યુરોપમાં ઍથેન્સ જેમ કલાનું તીર્થ છે તેમ ભારત-ર્ષમાં મથુરા છે. પરંતુ બરોબર ધ્યાન નહિ અપાયાથી આ જિલ્લાની અદ્ભુત સુંદર મૂર્તિઓની લૂંટ ચાલી રહી. જેને જે હાથ ચડયું ઉઠાવી ગયા અને ઘણા ઉત્કૃષ્ટ નમૂનાઓ અન્ય દેશી–પરદેશી સંગ્રહાલયોમાં પહોંચી ગયા. ઈ. ૧૮૮૬માં ડૉ. ફ્યુહરરે મથુરાનો કાલી ટેકરો ખોદાવ્યો તેમાંથી બૌદ્ધ કલાની દરેક પ્રકારની એક જાર ચીજો નીકળી, તે લખનૌ ગઇ. એ જગ્યા પર કોઇ કાળે બૌદ્ધ, ન અને હિંદુ ધર્મના વિહારો તથા મઠો હતા.

પરંતુ હવે તો ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવા વિદ્વાન પુરા-ત્વવિદ્‌ના પરિશ્રમથી મથુરામાં જ એક સુવ્યવસ્થિત, સુવિચા-ત, યોજનાબદ્ધ સંગ્રહાલય થયું છે, જે આજે ભારતવર્ષમાં એક નૂનો ગણાય છે. તેમાં ઇતિહાસના ક્રમાનુસાર, પરિચયલેખો થે, અનેક સુંદરતમ શિલ્પો ગોઠવવામાં આવ્યાં છે. મથુરા જનારા કોઇ આ સંગ્રહ જોયા વિના રહે તેમની યાત્રા અફળ સમજવી. તો જેટલી વખત મથુરા જાઉં છું તેટલી વાર આ શિલ્પકલાનો સ્વાદ ભોગવવાનું ચૂકતો જ નથી. આ વખતે પણ પ્રથમથી જ ત્યાં વાનો ક્રમ રાખ્યો હતો. અનેક યુરોપી વિદ્વાનોએ અહીંના શિલ્પનાં માર્દવ, તક્ષણકલા ને ઐતિહાસિક ઉપયુક્તતાનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે.



મા અને બાળક : ત્રીજી સદીના મથુરા-શિલ્પનો નમૂનો. એમાં માતાના ચહેરા પરના મરકાટની મુદ્રા જુઓ અને પશ્ચિમી કલાઓની માતૃમૂર્તિઓ સાથે તેને સરખાવો એટલે પૂર્વીય કલાનો આત્મા ક્યાં રહેલો છે તે સમજાશે.

પ્રાચીનતા

ગાંધાર અને સારનાથ કરતાં પણ મથુરા એક ડગલું પ્રાચીન છે. મૌર્ય કાલના સર્વશ્રેષ્ઠ સમ્રાટ મહારાજા પ્રિયદર્શી અશોકે (ઈ. પૂર્વે ૨૭૨થી ૨૩૨) ભગવાન બુદ્ધના આદેશોનો અનેક દેશોમાં પ્રચાર કર્યો હતો. ઊંચા સ્તંભો અને ઉન્નત ગિરિશિખરો ઉપર કોતરાએલી તેની એ આજ્ઞાઓથી ધર્મ, નીતિ અને સદાચારનો અમૂલ્ય ઉપદેશ જનતામાં ફેલાયો. એ આદેશોની લિપિઓની ભાષા એ સમયની માગધી છે અને તે પેશાર સુધી બોલી-સમજી શકાતી હતી.

એ મૌર્ય કાળ, બૌદ્ધ ધર્મના ઉદયની સાથે બૌદ્ધ કલાનો પણ મહાન અભ્યુદયકાળ હતો (ઈ. પૂ. ૨૭૨થી પહેલી શતાબ્દી સુધી) અને ભગવાન બુદ્ધનાં અનેક સૂચનો–પ્રતીકો–એ કલામાં મૂર્તિમંત થયાં. તેમાં (૧) ધર્મચક્રનું તો પ્રમુખ સ્થાન છે; (૨) એવું જ સ્થાન બોધિ વૃક્ષનું છે (ભગવાન બુદ્ધને પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન થએલું તે પરથી બૌદ્ધો તેનો બોધિવૃક્ષ કહે છે); પછી (૩) સ્તૂપ–જેમાં બુદ્ધ ભગવાનના અસ્થિ-અવશેષો રાખવામાં આવેલા; (૪) બુદ્ધની ઉષ્ણીસ અથવા પાઘ અને (૫) બુદ્ધનું ભિક્ષાપાત્ર. આ પ્રતીકો બૌદ્ધ કલામાં ઠારોઠાર જોવા મળે છે. (જુઓ સામેના પૃષ્ઠને છેડે) બુદ્ધ-ગયા, સાંચી, ભરહુત, મથુરા ને અમરાવતીમાં શુંગ કાળનાં સમકક્ષી બૌદ્ધ સ્મારકો છે. મથુરા ને સાંચીનો સંબંધ તો બહુ ગાઢ હતો. પહેલી શતાબ્દીની લગભગ તો મથુરાના શિલ્પીઓ પોતાની પ્રાચીન પરંપરાઓને બહુ સારી રીતે ઘાટ પર લાવી ચૂકયા હતા અને એ પ્રદેશમાં જ મળી આવતા લાલ પત્થરમાં કરેલાં અસંખ્ય શિલ્પોમાં આરસને પણ ભુલાવે એવી મૃદુતા અને ભાવપૂર્ણતા સર્જતા હતા.

મથુરાની કલાની ઐતિહાસિક ભૂમિકા

એ વખતે મથુરાનું સ્થાન હિંદના રાજકારણમાં બહુ મહત્ત્વનું હતું. મહારાષ્ટ્ર અને ઉજ્જૈનમાં ક્ષત્રપો રાજ્ય કરતા હતા. ઈ. સ. પૂર્વે ૧૩૦માં શકોએ બલ્ખ (બૅક્ટ્રિયા) અને પલ્હવ (પાર્થિયા)ના રાજ્યવંશો ખતમ કરી અફઘાનિસ્તાન અને પશ્ચિમ પંજાબ ઉપર અધિકાર મેળવ્યો હતો. ઈ. સ. પૂર્વેની શતાબ્દીમાં મથુરામાં ક્ષત્રપ રાજા રંજુવલ અથવા રાજુલ રાજ્ય કરતો હતો. તેની રાણીએ પ્રસિદ્ધ ખરોષ્ઠી લિપિવાળો સિંહસ્તંભ કરાવ્યો હતો. એના વખતમાં મથુરાએ પશ્ચિમી રાજ્યો સાથે સંધિ કરી બહુ મહત્ત્વ મેળવ્યું.

બીજી શતાબ્દીમાં ભક્તિધર્મ બહુ પ્રચાર પામ્યો. બેસનગરમાં ગ્રીક યવન હેલીઓડોરસે વિષ્ણુ પ્રત્યેની ભક્તિને કારણે જે ગુરુડ-સ્તંભ ઊભો કરેલો તે હજી મોજૂદ છે. એ કાળમાં બૌદ્ધધર્મીઓને પણ સ્વયં બુદ્ધને પ્રતિમા રૂપે જોવાનો ઉત્સાહ થયો અને શિલ્પીઓને પરખમ યક્ષોના જેવી બુદ્ધની મૂર્તિઓ કરવાનો આગ્રહ થવા લાગ્યો.


આ પરથી મથુરાના કુશળ તક્ષકોએ (મૂર્તિ કંડારનારાઓએ) પહેલવહેલાં ધ્યાનસ્થિત યોગીનાં સમસ્ત લક્ષણો મેળવીને યોગીશ્વર બુદ્ધની મૂર્તિ તૈયાર કરી. ભક્તોને જે પદ્માસનસ્થ ધ્યાની ભગવાન જોવાની ઇચ્છા હતી તે ફળી એટલે પ્રસન્નતા થઇ. પહેલી સદીમાં તક્ષશીલાની આસપાસ ગ્રીક શિલ્પકલાની અસરવાળો ગાંધાર કળાનો ઉદ્ભવ થયો. એ શૈલીએ ભારતીય શૈલીનો ઘણા અંશોમાં સ્વીકાર કર્યો. આથી વિવાદ થયા કરે છે કે બુદ્ધની મૂર્તિ પહેલી ગાંધાર કલામાં થઇ કે ભારતીય કલામાં; પરંતુ હિંદી સંશોધકો માને છે કે મૌર્યકાલમાં પણ મૂર્તિનિર્માણકલા હતી. પાણિનીના સમયમાં પણ મૂર્તિઓ બનતી હતી.

કુશાન કાળમાં (ઈ. ૧૦૦થી ૩૦૦ સુધી) મથુરા કળાનું સૌથી મોટું કેન્દ્ર હતું. જોકે તે કાળમાં તેના પર ગાંધાર કળાનો પ્રભાવ પડવો શરૂ થયો હતો. એ કુશાન કાળ શાંતિ અને સમૃદ્ધિનો સમય હતો, નિર્માણનો યુગ હતો. કલા, સાહિત્ય અને સંસ્કૃતિનો એ સમયમાં ખૂબ જ અભ્યુદય થયો હતો. શક, ક્ષત્રપ, મહાક્ષત્રપો તથા તેમના વંશજો શાહાનુશાહી કુષાણપુત્ર વેમ, કનિષ્ક, વાસિષ્ક, હુવિષ્ક, વાસુદેવ વગેરે સમ્રાટોએ તન, મન ને ધનથી સમાજ, દેશ અને ધર્મની ઉન્નતિના પ્રયત્નો કર્યાં હતા અને મથુરા તેનું પ્રધાન ક્ષેત્ર હતું. આથી ઉત્તર ભારતમાંથી ચોમેર કુશાન કળાના નમૂના મળે છે.

એ ક્ષત્રપો યવનો હતા, વિજેતાઓ હતા, પણ સમાજનું ક્ષેમકુશળ ચાહનારા હતા; એટલે તેમણે દેશની કલા અને સંસ્કૃતિને ખૂબ આદર આપ્યો. તેઓ દેશમાં વસીને દેશના જ બની ગયા.

મથુરામાં શક અને યુનાની જાતિઓની સંસ્કૃતિઓ આવી એટલે ત્યાં ત્રણે પ્રકારની કળાનો પ્રભાવ પડ્યો. તેનાં સેંકડો પ્રમાણ મળી આવે છે. ત્યાં ઇરાની ઢબના સિંહાકૃતિવાળા સ્તંભો છે, ઍકેંથસ પાંદડાની ડિઝાઇનવાળા કાર્થિયન સ્તંભો છે, ને પર્સિપોલીસ જેવા તો ઘણા મળે છે. સાથેસાથે ભારતીય પ્રતીકો કમળ, અશોકવૃક્ષ, કદંબવૃક્ષ આદિનાં શોભનો તો મથુરાના શિલ્પીઓનો પ્રાણ લાગે છે. (જુઓ આ પાનાની વચ્ચેનું સુશોભન). ભારતીય આભૂષણો અને ધોતિયું તથા મુકુટ તો સર્વત્ર નજરે પડે છે.


મથુરાપ્રદેશનાં આ બધાં શિલ્પની અનેક મૂલ્યવાન વસ્તુઓ બહાર ચાલી ગઇ છે. તે બધીનો જો અહીં એકીસાથે સંગ્રહ થયો હોત તો જગતમાં મથુરાનું સંગ્રહાલય અનુપમ ગણાત. છતાં યે જે કાંઇ સુરક્ષિત કરી લેવામાં આવ્યું છે તેથી પણ મથુરા પ્રાચીન પ્રધાન કલાકેન્દ્ર સ્થાપિત તો થાય જ છે. ત્યાંની અદ્ભુત કૃતિઓના સૌન્દર્યનો ખ્યાલ વર્ણન કરીને આપવો અશકય છે. દરેક ઉત્સુક પ્રવાસીએ તે પ્રત્યક્ષ કરવું જોઇએ. મથુરાના પ્રવાસીએ એ કલાયાત્રા કદિ ભૂલવી ન જોઇએ. (ચાલુ)





જમણી બાજુ : યક્ષિણી—પ્રારંભકાળના મથુરાના શિલ્પમાં હિંદુ ધર્મ તેમજ સામાજિક જીવનનાં પ્રતીકો તરીકે આવી અનેક યક્ષીઓ, કિન્નરીઓ, પરિચારિકાઓ, માતૃમૂર્તિઓ આદિ મળે છે. તેના લાક્ષણિક નમૂના રૂપ આ નરવાહન ઉપર ઊભેલી યક્ષી ને તેના ઉપરનું મિથુન યુગલ, શિલ્પસંયોજન તેમજ સંજ્ઞાકલાનું ઉત્તમ દૃષ્ટાંત છે. એક બાજુ જરા વજન આપીને કટિની નાજુક ભંગિ કરીને ઊભેલી યક્ષીના જમણા હાથમાં કેરીનો ઝુમખો છે અને ડાબા હાથે ઊંચે ધરેલા કુંભ ઉપર અટારીમાંનો પુરુષ પ્યાલો ઊંધો ઢાંકી દે છે. પ્રવાહી લાવણ્યભર્યા આ શિલ્પનાં બધાં પાત્રો પર તેમની સાયુજ્ય ક્ષણોના આનંદની રેખાઓ છે. નીચે ડાબી બાજુ: (૧) બૌદ્ધ કલામાં ઠારોઠાર જોવા મળતાં બુદ્ધનાં પ્રતીકો : ધર્મચક્ર, બોધિ વૃક્ષ, સ્તૂપ અને નીચે બુદ્ધનું (કંડારેલું) સુંદર ભિક્ષાપાત્ર; (૨) નાગરાણીના એક સુંદર શિલ્પની પીઠના ભાગમાં કંડારેલું અશોકવૃક્ષનું ભાસ્કર્ય: જેમાં, એનાં પાંદડાં, પુષ્પગુચ્છ, ખિસ્કોલી આદિની હુબહુ કોતરણી છે. ફોટોગ્રાફ કે રેખાલેખન દ્વારા આ બધાં શિલ્પના સૌન્દર્યનો અંશત: આસ્વાદ જ કરી શકાય છે. એના પૂર્ણ રસાનુભવ માટે તો મૂળ શિલ્પ જ જોવાં જોઇએ.







રણછોડલાલ



★ **લેખક :** રણછોડલાલ કોણ? –તમે પૂછશો. ગુજરાતના મીલઉદ્યોગનો પિતા. અહમદશાહ પછીનો અમદાવાદનો વિધાયક. એના જીવનનું આ નાટક છે.

હવે તમને અમદાવાદની એક પોળના મેડામાં લઇ જાઉં છું. ત્યાં એક સાતેક વરસનો બાળક એની માતાની ગોદમાં સૂતેલો છે. રાતના ત્રણેક વાગ્યે એ ઝબકી ઊઠયો છે.

મા : બાપુ, શું છે? (થોડી વારે) શું થયું બેટા? આટલો થથરે છે કેમ? આ રહી હું.

બાળક : પણે ખૂણામાં કોઇ છે.

મા : ગાંડો રે ગાંડો! લે દીવો કરૂં. લે જો, કોણ છે? ઊંઘમાં બીન્યો બેટા. લે, સૂઈ જા હવે. આવ મારી સોડમાં (થોડી વાર પછી)

અવાજ : ઈલાહી તુ ઈં શહરે આલી બીના,
મદે તા બહસ્રશ ઝવાલો ફના.

(એમ બીજી વાર, ત્રીજી વાર અવાજ આવે છે.)

અવાજ : બીશ મા બેટાં, તું નકામો બીશ મા. છે શાહ અહમદશાહનો આવાઝ આ. (થોડી વાર અટકે છે)

બેટા! આવ મારી પાસે, ખૂણામાં આવ, આવ; બીશ નહિ. હું તને કંઇ નહિ કરૂં. મારે તને કાંઈક કહેવું છે. માને ના જગાડીશ બાપુ! તું એકલો આવ. કેવો ડાહ્યો છોકરો છે! આવ ભાઈ, આવ; આવ્યો? અહીં બેસી જા અને સાંભળ. (થોડી વાર મૌન પ્રસરે છે.)

પ્રત્યેક કલાકૃતિની પાછળ કલાકારની કલ્પનાનો, તેની સુખદુઃખની ળોનો, વૃત્તિની એકાગ્રતાનો ઇતિહાસ હોય છે. તૈયાર રસોઈ મનારને રસોઇ કરનારની તિતિક્ષાનો ભાગ્યે જ ખ્યાલ હોય છે. લાકારની કલ્પના એ કેવળ વિલાસ નથી, પરંતુ તિતિક્ષા છે, તપ છે.

'રણછોડલાલ'ના સર્જનની પાછળનું આવું કેટલુંક સંવેદન જણાવવું હેતુપુરઃસર હોવાથી તે જણાવું છું.

અમદાવાદના ૫૦૦ વર્ષના ઇતિહાસમાં તેના ત્રણ વિધાયકો તરફ મારી દૃષ્ટિ વિશેષ આકર્ષાઇ : ૧) અહમદશાહ, (૨) રણછોડલાલ છોટાલાલ, ને (૩) ગાંધીજી. એકે અમદાવાદને જન્મ આપ્યો, બીજાએ મીલઉદ્યોગ બક્ષી આર્થિક સમૃદ્ધિ આપી તેને આખા હિંદમાં જાણીતું કર્યું, અને ત્રીજાએ રેંટિયો આપી, નવી ફિલસૂફી અને વા આચારવિચારનાં વહેણ ચલાવી આર્થિક સમૃદ્ધિમાં ધાર્મિક ને રાજકીય સમૃદ્ધિ ઉમેરી તેને આખી દુનિયામાં જાણીતું કર્યું. આમ, અમદાવાદની સમુત્ક્રાંતિના ત્રણ તબક્કા છે અને એ ત્રણે બક્કાના ત્રણ પ્રતિનિધિઓ સાથે અમદાવાદનો ઇતિહાસ સંકળાલો છે. અમદાવાદમાં બીજા મહાપુરુષો થયા છે ખરા, પરંતુ ક્ષાં ૫૦૦ વર્ષના ઇતિહાસ પર એકધારી નજર કરતાં ત્રણ તબક્કા મહત્ત્વના લાગે છે અને તે તે તબક્કાના પ્રવર્તક આ ત્રણ મહાપુરુષો જ વિચારકનું વિશેષ ધ્યાન ખેંચે છે.

અહમદશાહના સવિશેષ અભ્યાસના સાધનને અભાવે અને ગાંધીજીના સવિશેષ અભ્યાસની શક્તિના અભાવે—તેઓ સ્થૂલ રીરે હયાત છે તે વાત બાજુએ મૂકતાં પણ—મારી વૃત્તિ રણછોડલાલ ઉપર એકાગ્ર થઈ. પણ એમ પણ ખરૂં કે અહમદશાહ ઘણા ર અને ગાંધીજી ઘણા નજીક ને લગભગ સર્વવ્યાપી, એટલે એ બે મહાપુરુષોને કલ્પનામાં પકડવાનો મનસૂબો ઊઠતાં જ શમી ગએલો.

રણછોડલાલના જીવનમાંથી મારી કલ્પનાને નાટકનું ભરપૂર વસ્તુ પડયું. તેમના જન્મને લગતી વિચિત્ર કહાણી, ભારેખમ ઓદ્ધા પરથી બરતરફી, એ બરતરફીની અંદર છુપાએલું અમદાવાદની ાવિ ઉન્નતિનું બીજ, એ બરતરફી પાછળની વિચિત્ર ઘટના, એ બધું ચારતાં–ગોઠવતાં, પાડતાં–ગોઠવતાં, ઘડતાં–ગોઠવતાં, મને લાગ્યું રણછોડલાલના જીવનમાં નાટકનું બીજ છે અને તેમાંથી એક દર વૃક્ષ ઊગી શકે તેમ છે. એમના જન્મથી માંડીને નોકરીમાંથી બરતરફી મળવા સુધીમાં મને વિધિનો કોઈ અપૂર્વ સંકેત સમજાયો.

રણછોડલાલનો જન્મ તેમનાં માતાપિતાની પાછલી અવસ્થામાં ગિરનારની યાત્રા દરમિયાન એક તપસ્વીના આશીર્વાદના કારણે હતો. એમના બાપનાં મા સતી થએલાં, અને ચિતા પર ચડતી વખતે પોતાના દીકરા છોટાલાલને કહેલું કે તારી સાત પેઢી જાહોજલાલી રહેશે. આવી હકીકત રણછોડલાલના ચરિત્રકાર આપે છે. ગિરનારના તપસ્વીએ છોટાલાલ બક્ષીને (રણછોડલાલના પિતાને) આશીર્વાદ આપેલા તે હકીકત પણ કલ્પનાને ઉત્તેજે તેવી છે. ચરિત્રકારના શબ્દો ટાંકું છું: 'અમદાવાદ આવ્યા પછી થોડી મુદતમાં પોતાની બે પુત્રીઓને લઇ બક્ષીજી અને તેમનાં પત્ની લાભબાઇ ગિરનારની યાત્રાએ ગયાં. ત્યાં ફરતાં ફરતાં એ બધાં ભૂલાં પડ્યાં. આમથી તેમ ખાંગામાં આથડ્યા પણ રસ્તો જડે નહિ. અંતે તેઓ એક મોટી ગુફા આગળ આવ્યાં. ત્યાં એક તપસી તપ કરતા તેમના જોવામાં આવ્યા. તેમનું સ્વરૂપ જોઇને તેમને ઘણો ભય લાગ્યો. આખરે ગુફામાંના તપસી જાગ્યા. તેમનાં નેત્ર ઊઘડેલાં જોઈ બધાં તેમને પગે લાગ્યાં. તેમને જોઇને તપસી જાણી ગયા કે તેઓ દુઃખાર્ત છે. પછી તપસીએ લાભબાઇને થોડી ભભૂતિ આપી અને આશીર્વાદ દીધો કે જાઓ તમારી મનઃકામના સિદ્ધ થશે અને તમને પ્રતાપી પુત્ર થશે તે રાજ્ય કરશે.' (ભગવાનલાલ બાદશાહ કૃત રણછોડલાલનું ચરિત્ર)

મારી કલ્પનાએ અમદાવાદના વિકાસમાં વિધિનો સંકેત કલ્પી રણછોડલાલને અહમદશાહના માનસપુત્ર કલ્પ્યા અને જે માણેકનાથ બાવાએ અહમદશાહ પર અનુગ્રહ કરી શહેરને નિર્વિઘ્ન બાંધવા

આધુનિક અમદાવાદના વિધાયકનું જીવનદર્શન કરાવતી રેડિયો-નાટિકા ★

ઑલ ઇન્ડિયા રેડિયોનું રૂા. ૫૦૦નું ઇનામ મેળવનાર આ નાટિકા તા. ૨૨ મી ઑક્ટોબરે મુંબાઈ રેડિયો સ્ટેશનેથી બ્રોડકાસ્ટ થશે.

લેખક
શ્રી યશોધર નર્મશંકર મહેતા બાર-એટ-લૉ

અવાજ : બેટા! હું અહમદશાહ છું. તું મારો માનસપુત્ર છે; શહેરે અહમદાબાદનો સાચો વારસ છે. ચારસો સાલથી મારો આવાઝ વેરાન રણના એકલા મુસાફરના આવાઝની માફક ખાલી ગયો છે નારાજ ને નાઉમેદ અહમદશાહે તને પોળેપોળે ને ગલીએગલીએ ખોળ્યો, વર્ષોથી ખોળ્યો; પણ તું લાધ્યો નહિ. હર રાત રોજામાં રાતભર આંસુ સાર્યાં. રાતભર બંદગી ગુજારી. માણેકનાથને વીનવ્યા; ને માણેકનાથનો આત્મા જગાડ્યો. એ આત્માએ કહ્યું કે ગિરનારના એક તપસીના શરીરમાં તે ઊતર્યાં છે, માટે ત્યાં જા. બેટા! હું ત્યાં ગયો તપસીને જગાડ્યા. તપસીએ કહ્યું, 'જા, તારો વારસ છોટા બક્ષીને ઘેર જન્મી ચૂક્યો છે, સાત વરસ થયાં. જા, મેં માણેકનાથે મારું વચન પાળ્યું છે. તારા શહેરનો જે ઘડીપળમાં જન્મ છે તે જ ઘડીપળમાં એના જન્મનો સંકેત મેં યોજ્યો છે! જા. હવે ભટકવાની જરૂર નથી. માણેકનાથના તને ને તેને આશીર્વાદ.' (થોડી વારે)

બાળક : પણ મને તો બહુ ઊંઘ આવે છે. હું તો સૂઈ જાઉં છું.

અવાજ : ઊંઘ! બેટા, ચારચાર સૈકાથી હું ઊંઘ્યો નથી ને ઊંઘની સામે ઝઝૂમ્યો છું! ઊંઘની તો હવે મારે જરૂર છે, તારે કે તારા અહમદાબાદને નહિ. (બાળક બગાસું ખાય છે.)

બાળક : (રડવા જેવા અવાજે) ભઈ, મને તો ઊંઘ આવે છે. જવા દોને! કાલે સવારે આવજો.

અવાજ : (હસતાં હસતાં) સવાર તો પડી ચૂકી છે.

બાળક : સૂરજ વગર?

અવાજ : તું જાગ્યો ત્યારથી પ્હો ફાટ્યો છે.

(ચારના ડંકા સંભળાય છે, કૂકડો પણ બોલે છે.)

અવાજ : અહમદાબાદના આફતાબ! સૈકાઓના સાગરમાં અહમદશાહનો આવાઝ શમે તે પહેલાં આટલું સાંભળ. અહમદાબાદની મિટ્ટીમાં તું મળે તે પહેલાં એ મિટ્ટીમાંથી સ્વર્ગ સર્જજે. એ મિટ્ટીમાં તારો પસીનો રેડી તેને પવિત્ર કરજે. એની હવા, એનાં પાણી ને એની જમીન તારાં છે ને તું એનો થજે. એની ઇજ્જતની ખુશબૂ સારા હિંદુસ્તાનમાં ફેલાવજે. આકાશચૂમતા મિનારાઓની મહાકતારો ઊભી કરજે. ઉદ્યોગનો અમીર થજે, આરામનો નહિ. ઉદ્યોગથી એને ધનવાન કરી ધનવાન થજે. ધનથી સત્તા મેળવજે, સત્તાથી ધન નહિ. તારાં ધન ને શરીર સાંકેતિક છે. અને બેટા! અહમદશાહ ઈચ્છે છે કે તારી સત્તાનો સંન્યાસ તું ને તારા નબીરાઓ શહેરે અહમદાબાદની ઈજ્જત ને આબાદીમાં કરજો, ને સેવા તથા સમર્પણથી મહિમાવાન થજો. અને...અને આ અવાઝની વાત કોઇને કરતો નહિ. વચન આપ.

બાળક : (બગાસું ખાઇ) વચન છે. (ખૂણામાં સૂઈ જાય છે.)

[સવાર પડવા આવે છે.]

મા : બાપુભઇ! અલ્યા ક્યાં ગયો? ઓત્તારીની! અલ્યા ત્યાં કેમ પડ્યો છે? (સ્વગત) આ છોકરો ત્યાં ક્યાંથી સૂઈ ગયો! (ઢંઢોળીને) ઊઠ, બાપુ! તું અહીંક ચાંથી?

દીધું તે જ માણેકનાથના આત્માનું ગિરનારના તપસ્વીમાં અવતરણ જોયું. એટલે મેં એ આખો યે પ્રસંગ—અહમદશાહના આત્માની સૈકાઓજૂની ઝંખના, તેનું ગિરનારના તપસ્વીમાં ઊતરેલા માણેકનાથની આગળ હૃદયનિવેદન, અને 'જા તારો વારસ છોટા બક્ષીને ઘેર જન્મી ચૂક્યો છે' એવું તપસ્વીનું વચન—કલ્પનાથી સંસ્કારીને, સાંગોપાંગ ઘડીને, નાટકને અનુરૂપ રચ્યો. રણછોડલાલના સ્થૂલ જીવનની પાર જોવાની મદદ મને જેટલી આ પ્રસંગમાં સાંપડી તેટલી જ એક બીજા પ્રસંગમાં પણ સાંપડી. આ પ્રસંગ તે એમની બરતરફીનો. બરતરફી વખતે તે આસિસ્ટન્ટ પોલિટિકલ એજંટ હતા.

રણછોડલાલ ઉપર રૂશ્વતનો આરોપ મુકાયો. તેમનાં પત્ની જેઠીબા મારફતે આઠ હજાર રૂપિયાની તેમણે લાંચ લીધેલી એવું તહોમત મુકાયું. લાંચ લુણાવાડા દરબાર તરફથી મળેલી. આ હકીકતમાં નીચેના ત્રણ મુદ્દાઓએ મારી કલ્પના સતેજ કરી: (૧) આઠ હજાર રૂપિયામાં 'આઠ'નો આંકડો; (૨) લુણાવાડા દરબારે ગાદી ઉપર આવ્યા "પછી"—પહેલાં નહિ—બરાબર 'આઠ' મહિને તે રકમ જેઠીબાને મોકલાવેલી તે સૂચક હકીકત; (૩) જેઠીબા તરફ દરબારનાં માતુશ્રી બલ્કે મરહૂમ રાણી સાહેબનો અપૂર્વ ભક્તિભાવ, અને તેમણે દરબારને જણાવેલું કે ગાદી ઉપર આવ્યા બાદ આઠ હજાર જેઠીબાને આપવા; તે પ્રમાણે નાણું અપાએલું.

સ્થૂલ દૃષ્ટિથી ભલે આ રૂશ્વત ઠરે; પણ 'આઠ હજાર', 'આઠ માસ પછી', 'ગાદીએ આવ્યા પછી', 'મરહૂમ રાણીસાહેબની ઇચ્છાનુસાર' વગેરે હકીકતોની પાછળ મેં રહસ્ય જોયું. જેઠીબાને રાણીસાહેબ શક્તિનું સાક્ષાત સ્વરૂપ માનતાં હશે. અને જેઠીબા શક્તિનાં પૂજક હતાં તે વાત ખરી છે. આઠનો આંકડો 'શક્તિ'નો મનાય છે તે જાણીતી હકીકત છે. એ લાંચ નહોતી—ગાદીએ આવ્યા 'બાદ' લાંચ કેવી?—સંકલ્પની સિદ્ધિરૂપ ભેટ હતી. ગમે તેમ હો; પણ મારી કલ્પનાને તેની પાછળ, જેઠીબાના આઠ હજારની પાછળ, રણછોડલાલનાં સતી દાદીમાનો સંકેત સમજાયો.

સ્થૂલમાં સૂક્ષ્મ જોવું એ કલાકારનો ધર્મ છે, લક્ષ્ય છે, વારસાહક્ક છે. મેં જોયું અને નાટકમાં ગૂંથ્યું. સ્થૂલ સૃષ્ટિ એ જ વાસ્તવસૃષ્ટિ છે એવો પ્રતિબંધ કલાકારની ક્રાંતદૃષ્ટિને હોતો નથી, હોઇ જ ન શકે. એની કલ્પના, એનું આંતર્ જગત, વાસ્તવ જગત જેટલું જ સત્ય છે. અને હેતુની સિદ્ધિમાં જ જો સત્યની પ્રતિષ્ઠા માનીએ, તો રસાસ્વાદનો હેતુ સિદ્ધ કરાવવામાં કલાકારની દૃષ્ટિના સત્યની પ્રત્યક્ષ પ્રતિષ્ઠા છે. એવો અતીંદ્રીય રસાસ્વાદ કરાવનાર કલાને વાસ્તવિક અવાસ્તવિક વગેરે અર્થહીન વિચાર-ચોકઠામાં પૂરી શકાતી નથી.

આ નાટકમાં લેખકને પાત્ર રૂપે વણ્યો છે. ફ્રેન્ચ લેખક 'સાશા-ગીત્રી'નાં નાટકોમાં મેં આ પ્રયોગ લંડનમાં જોએલો. લેખક સ્ટેજ ઉપર આવી વાર્તાનો તંતુ યોગ્ય સમયે યોજી આપે. એ પદ્ધતિ ગુજરાતની રંગભૂમિ સ્વીકારે એટલું ઇચ્છી અટકું છું. —**ય. ન. મ.**

[આધારગ્રંથો : એડવર્ડ્ઝ અને જેમ્સ કૃત "એ મેમ્વર ઑવ રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ'; ભગવાનલાલ બાદશાહ કૃત 'રણછોડલાલનું જીવનચરિત્ર'. રત્નમણિરાવ ભીમરાવ કૃત 'ગુજરાતનું પાટનગર અમદાવાદ'; નરસિંહરાવ ભોળાનાથ કૃત 'સ્મરણમુકુર'.]

બાળક: (ઊંઘમાં) વચન છે, નહિ કહું. ઊંઘ આવે છે.

મા: બાપુ! બેટા, જો સવાર પડી.

બાળક: ના, ઊંઘ આવે છે.

મા: લે ઊઠ. જો સૂરજ ઊગ્યો છે ને તારા બાપુ તો ન્હાઇધોઇને પૂજામાં યે બેસી ગયા.

બાળક: બા, સૂરજ ઊગ્યો? ક્યાં છે?

મા: (લાડથી) આ રહ્યો મારો સૂરજ.

★ **લેખક:** અને બાળક રણછોડલાલ ઊઠયા ને મોટા થતા ગયા. નોકરીએ વળગ્યા ને હોશિયારીથી અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે રેવાકાંઠાના દફતરદાર થયા. એમની ચાલાકી ને કાબેલિયતથી ઉપરીઓ એમના પર આફરીન રહેતા; પણ બીજાઓ બળી જતા. આમાંનો એક, રણછોડલાલની નાતનો સૂરજરામ હતો. તે વડોદરામાં દફતરદાર હતો. હવે એ સૂરજરામ અને તેના શિરસ્તેદારને સાંભળો.

સૂરજરામ: એ...મ? બહુ ડાહ્યો થશે તો વહેલો જશે.

શિરસ્તેદાર: એમાં શંકા જ નથી. આપ સાહેબનું ધાર્યું કદી ખોટું પડ્યું છે? પાક્કા અંગ્રેજના એમના ભભકા તો બજ્યું બાર મહિના! આફ્રટરામ સાહેબ સાથે ખૂબ જ 'ગૉટપીટ' કરે છે.

સૂરજરામ: ક્યારે?

શિરસ્તેદાર: અરે સાહેબ, પૂછશો જ નહિ ને. મહિનાના મુકામમાં હજુ પૂરા પંદર દહાડા યે થયા નથી, તેમાં તો જાણે સાહેબના શા યે જમણા હાથ થઇ ગયા હોય! રોજ. કાલ સાંજે તો એ ને સાહેબ શેતરંજ રમતા'તા!

સૂરજરામ: કેવી રમે છે તે જોઈશું. મારે લગાર તાલ જોવો પડશે.

શિરસ્તેદાર: પણ સાહેબ! માણસ ચાલાક એમાં શક નહિ. અઠ્ઠાવીસની ઉંમરે દફતરદાર તો ભાગ્યનો બળિયો જ બને! વળી પાછી 'ગૉટપીટ ગોઠ્ઠુગ'ની મદદ. સાહેબ આગળ આપને કે મને ચાર ભાંડ તો યે મારે તો વગર સમજ્યે થાંભલાની માફક ઊભા જ રહેવાનું.

સૂરજરામ: એના સાહેબના શૉખ કેવા છે? મારા સાહેબના શૉખ એ જાણે તો મારે એનાના યે જાણવા જોઇએ.

શિરસ્તેદાર: ભલો છે. પણ . . . (અટકીને) કાચા કાનનો છે.

સૂરજરામ: ઠીક વાત છે. રંછોડલાલને બીચારાને દફતરદારૂં ભારે ન પડે! લ્યો, આ આવ્યો મારા સાહેબની સાથે! સાથેનો સાથે!!

આફ્રટ્રામ: સૂરજરેમ. ટુમ રનછોરલાલકો પિછાનટે હો? Ranchhorlal, Surajram is a fine fellow. Pity he doesn't know English.

રણછોડલાલ: He belongs to my caste, Colonel. I know the venerable old man too well.

આફ્રટ્રામ: Oh! do you? Mind you, he is a bit of a devil. Sly as a fox. I like him all the same. Good-bye. સૂરજરેમ, આધા ઘંટા બાદ આના.

સૂરજરામ: બહોત અચ્છા, સાબ (અટકે છે). આવો રંછોડભાઇ, પધારો!

રણછોડલાલ: કેમ મુરબ્બી! આપની તબિયત તો સારી છે ને?

સૂરજરામ: રંછોડભાઇ! અમારી ઘયડાઓની તબિયતનું શું પૂછવું? કાઢ્યાં એટલાં ક્યાં કાઢવાં છે? સાહેબ મહેરબાનની કૃપા હશે ને ટાંટિયા ચાલશે તો ત્રણ વરસ દહાડો નોકરી કરીશું.

રણછોડલાલ: સાહેબની આપના ઉપર તો કૃપા છે.

સૂરજરામ: ખફા થવાનું કારણ સૂરજરામે આપ્યું નથી. હા, મને અંગ્રેજી નથી આવડતું. પણ એ તો બહુ સારૂં છે. સાહેબ બે ગાળો દે તો યે અમારે મન તો ફૂલ ખર્યાં, અને ફુલાઇને ફરીએ.

રણછોડલાલ: ના રે સૂરજરામભાઈ! સાહેબો જે ગાળો દેતા હોય તો કહેણમાં જ દે છે. એટલે અંગ્રેજી શીખ્યા ન શીખ્યા બધું સરખું. આપના તરફ તો તેમનો સારો ભાવ લાગે છે.

સૂરજરામ: આપનો પણ ક્યાં ઓછો છે?

રણછોડલાલ: એ શું બોલ્યા? આપનો ભાવ મારા પ્રત્યે જોઇએ. આપ રહ્યા મુરબ્બી, એટલે મુરબ્બી તરફ તો માન જ ઘટે.

સૂરજરામ: મારૂં સદ્ભાગ્ય કે આપે મને મુરબ્બી માન્યો. સાંભળ્યું છે કે લુણાવાડાની ગાદીનો નિકાલ આપે કરી નાખ્યો.

રણછોડલાલ: સાહેબે કર્યો. એક ગાદી ને ચાર ઉમેદવાર, એટલે બીચારા ત્રણને ગાદી વગરના રહેવું પડ્યું.

સૂરજરામ: હાસ્તો. જ્યાંત્યાં મળે તે એક આવવાનો. વહેલો તે પહેલો, કેમ?

રણછોડલાલ: ના; ખરો તે પહેલો.

સૂરજરામ: રંછોડભાઈ! ખરો તે વળી આપને કે મને લાગ્યો તે. આ રજવાડાં તો બાપડાં આપણી હથેળીમાં રમે છે. આપનું કે મારૂં શું અજાણ્યું છે? વીસ વરસની દફતરદારીમાં હું તો એટલું જ શીખ્યો કે રજવાડાં આપણી હથેળીમાં, ને સાહેબો આપણા ગજવામાં.

રણછોડલાલ: મુરબ્બી! દફતરદારીમાં મને તો હજી પૂરાં બે પણ નથી થયાં, ને મારી હથેળી તથા ગજવાં ખાલી છે.

સૂરજરામ: તેમાં કંઇ રજવાડાં કે સાહેબોનો વાંક? ગંગાકિનારે બેસીને સ્નાન ન કરીએ તેમાં ગંગાજી શું કરે?

રણછોડલાલ: ને ડૂબી જઇએ કે મગર ખેંચી જાય તો યે ગંગાજી શું કરે?

સૂરજરામ: (હસીને) ફરી નહાવાનું ન રહે. ચાલો, આજે મારે ઘેર પાવન કરો. જમવાનું ત્યાં જ રાખજો.

રણછોડલાલ: આજે લગાર માફ કરશો. કાલ રાખું તો વાંધો છે?

સૂરજરામ: વાંધો શો? આપનું જ ઘર છે. આવો તો લગાર શેતરંજ રમીએ. ત્યારે કાલે જરૂર પધારજો. (રણછોડલાલ જાય છે.) સિપાઈ! શિરસ્તેદાર સાહેબને મોકલ.

શિરસ્તેદાર: (આવીને) જી સાહેબ! રંછોડભાઈ ગયા?

સૂરજરામ: હા. બડો ચાલાક છે.

શિરસ્તેદાર: રેવાકાંઠાના દફતરદાર છે. ન હોય તો નવાઈ.

સૂરજરામ: પણ વડોદરાની દફતરદારી વધારે જૂની. (ધીમે સાદે) લુણાવાડાના પેલા કારભારીને લગાર મળવું પડશે.

શિરસ્તેદાર: મને મળવા આવેલા છે. આપની રજા હોય તો મોકલું.

સૂરજરામ: મોકલો, મોકલો. (થોડી વારે કારભારી આવે છે.)

કારભારી: કેમ સાહેબ! આપના આ તાબેદારને શું ફરમાન?

સૂરજરામ: તાબેદાર મારા નહિ રેવાકાંઠાનો દફતરદાર હું નથી.

કારભારી: વડોદરાને રેવાકાંઠાની શી પડી હોય, સાહેબ?

સૂરજરામ: અને લુણાવાડાને વડોદરાની પણ શી પડી હોય? પણ હવા તો બદલાતી જ રહે છે. હાં!

કારભારી: અજાણ્યું નથી સાહેબ!

સૂરજરામ: અનુભવીને અજાણ્યું ન હોય. બોલો, નવા રાજાને ગાદીનો કેટલો ભાવ આપવો પડ્યો? સાચું કહેજો, હાં. વડોદરાથી સંતાડવામાં સાર નથી.

કારભારી: એટલે જ સાચું [illegible] (ધીમેથી) આઠ હજાર.

સૂરજરામ: કોને આપ્યા?

કારભારી: દફતરદાર સાહેબનાં ઘરવાળાંને!

સૂરજરામ : રંછોડભાઈને દાણો ચાંપ્યો તો હશે.

કારભારી : ના સાહેબ. વાત એમને જણાવવાની જ નહોતી. મહૂંમ રાણી સાહેબાને તથા ફોજદારસાહેબનાં ઘરવાળાં જેઠીબાને ઘણા ઘરોબો હતો. જેઠીબાએ રાણી સાહેબાને કહેલું કે તેઓ તેમનાથી બનતું બધું કરીને ઠાકોર સાહેબને ગાદી અપાવશે. અને મહૂંમ રાણી સાહેબાએ ઠાકોર સાહેબને કહેલું કે જો તે ગાદીએ આવે તો જેઠીબાને જગદંબા માની આઠ હજાર રૂપિયા ચરણે મૂકવા. ઠાકોર સાહેબે વચન આપેલું ને તે પ્રમાણે આઠ હજાર રહું જેઠીબાને અમદાવાદ આપી આવ્યો.

સૂરજરામ : પછી જગદંબાએ નાણાં સ્વીકાર્યાં ને ?

કારભારી : ઘણી આનાકાની પછી. તેમને ખાસ જણાવ્યું કે આ તો મહૂંમ રાણીસાહેબાનો સંકલ્પ હતો કે ઠાકોર સાહેબે આપને જગદંબા જ ગણવાં. આઠનો આંકડો પણ તેથી.

સૂરજરામ : સો વાતની એક વાત. ઠાકોર સાહેબ ગાદીએ આવ્યા તે આઠ હજારના પ્રતાપે.

કારભારી : એ તો આપ જેમ ધરાવો તેમ. બાકી સાચી વાત કહી.

સૂરજરામ : સાચી વાત છે એટલે જ કામની છે. લ્યો, પાન ખાવ.

કારભારી : સાહેબ ! કેમ આ પૂછવું પડયું ?

સૂરજરામ : બગલાને ડહોળ્યે લાભ. કેમ વડોદરાનું કંઈ કામકાજ? બેફિકર રહી જણાવશો. (ધીમેથી) હું રેવાકાંઠાનો ફોજદાર નથી ને મારે ઘેર જગદંબા યે નથી (એટલું બોલી હસે છે. પછી વાત બદલીને) લુણાવાડા ને વડોદરાની સરહદની બાબતમાં બોલો, શો નિર્ણય કરે ?

કારભારી : બેમાંથી એકને તો આઘુંપાછું થવાનું જ ને સાહેબ ?

સૂરજરામ : અરે ભલા ભાઈ ! વડોદરા હોય કે લુણાવાડા હોય, તેમાં મા-આ-આ-રે-એ-શું, અને મહેરબાન, તમ-રે-એ-એ-એ-શું ?

કારભારી : સમજ્યો સાહેબ. પણ લુણાવાડાના હિતમાં આપણે બંને રાજી, એટલે આપને શું કે મારે શું એમ બોલીને કંઈ છૂટી પડાય ? લ્યો સાહેબ, આ પાનનો વાટવો. તેમાંનાં પાન ઠાકોર સાહેબે આપને ખાસ ભેટ મોકલ્યાં છે તે સ્વીકારીને આભારી કરશો.

સૂરજરામ : ઠાકોર સાહેબની બડી મહેરબાની. તેમને મારા સવિનય નમસ્કાર કહેશો. (ધીમેથી) ઠાકોર સાહેબને કેવાં પાનના શૉખ છે ? એમના સાહેબનાં પાન તો વળી ભારે હશે. મારા જેવાને પોસાય નહિ એવાં.

કારભારી : ઠાકોર સાહેબનાં પાન પન્નાથી આવે છે. અને આપને ન પોસાય તો બીજા કોને પોસાય ? લ્યો સાહેબ, રજા લઉં ? પાછા તહેનાતમાં ક્યારે આવું ?

સૂરજરામ : (ઘણું ધીરેથી) બોલાવીશ, બોલાવીશ આવજો. લગાર શિરસ્તેદારને કહો કે અંદર આવે. (થોડી વારે)

શિરસ્તેદાર : કેમ સાહેબ ?

સૂરજરામ : રંછોડલાલના સાહેબના બુટલેલના હાથમાં પચીસ રૂપિયા મૂકજો ને કહેજો કે મળતો રહે.

શિરસ્તેદાર : ઠીક સાહેબ આજે સાહેબને મળવાનું ગોઠવી આપું?

સૂરજરામ : ઉતાવળ નથી. બુટલેલને બીજા પચીસ જાય પછી.

શિરસ્તેદાર : બીજું કંઈ, સાહેબ ?

સૂરજરામ : બીજું કંઈ નહિ. (આસ્તેથી) પૂછજો કે સાહેબના શૉખ કેવા છે.

શિરસ્તેદાર : (હસીને) સાંભળ્યું છે કે પરણેલા છે.

સૂરજરામ : પૂછજો કે 'શૉખ' કેવા છે. વાંઢા હોય કે પરણેલા.

શિરસ્તેદાર : મને [illegible] સાહેબ. બીજું કંઈ ?

સૂરજરામ : બીજું કંઈ નહિ. (બહુ ધીમા ને ઠંડા અવાજે) રંછોડલાલ [illegible] છે.

★ **લેખક** : હવે હું તમને વડોદરેથી ગોધરે લઈ જાઉં છું. પંદર રોજ પછીની વાત છે. રણછોડલાલના આવવાનો દિવસ છે, અને તેમની રાહ જોતાં તેમનાં ત્રીસેક વરસનાં સોહામણાં પત્ની જેઠીબા બેઠાં છે. રણછોડલાલ આવી પહોંચે છે. જેઠીબાની આંખમાં ઉમંગ માતો નથી. હવે તમે મને ન સાંભળતાં તે જમાનાનાં એ નાગર વરવહુને સાંભળો. 'I love you darling' વાળો આજનો જડ જમાનો એ નથી.

જેઠીબા : વાહ, ફોજદાર સાહેબ ! આપે ઠીક રાહ જોવડાવી.

રણછોડલાલ : (ધીમેથી હસીને) પંદર દિવસ તો પંદર યુગ જેવા લાગ્યા. તમારી તબિયત કેમ છે ?

જેઠીબા : યુગ લાગ્યા ત્યારે મને લઈ જતી'તી ને? બે દિવસ રાહ જોઈ હું તો વડોદરે આવવાની હતી.

રણછોડલાલ : હા . આ . અ . શ, ઘેર આવ્યા. અને (ઘણું ધીમેથી) તમારા વગર જીવને ચેન ન પડે, હો ! ચાલો હીંચકે બેસીએ.

જેઠીબા : હીંચકો અને પાન તમારા વગર સૂનાં હતાં.

રણછોડલાલ : અને તમે ?

જેઠીબા : પૂછો તમારા અંતરને. લ્યો પાન.

રણછોડલાલ : એમ તે હોય? મોંમાં મૂકો.

જેઠીબા : (ધીમેથી) બળ્યું, કોઈ જોશે.

રણછોડલાલ : (ધીમેથી) કોઈ નથી.

જેઠીબા : લગાર સુકાયા છો, રાયજી ! મારા વગર પાન કોણ આપતું'તું ?

રણછોડલાલ : નાગરવેલ ! તમારા વગર પાન કેવાં ?

જેઠીબા : વૃક્ષરાજ ! તમારા વગર વેલ કેવી? અને એકલપેટા ન થઈએ. મને યે પાન ખાધે પંદર દહાડા થયા.

રણછોડલાલ : લ્યો (ધીમેથી) મોં ઉઘાડો. (એટલામાં બાળક માધુભાઈ દોડી આવે છે.)

બાળક : મને આપો, મને આપો બાપુ ! મારે ખાવું છે, મને આપો.

જેઠીબા : લે.

રણછોડલાલ : વહાલાં ! એક જ પાન હતું અને તે તમારે માટે મેં ખાસ બનાવ્યું હતું.

જેઠીબા : માધુએ ખાધું તે મેં જ ખાધું. માધુ મારું જ અંગ છે, રાયજી !

રણછોડલાલ : આજે આપનો ઠરસો કંઈ ખૂબ લાગે છે !

જેઠીબા : કેમ ન મારીએ? રેવાકાંઠાના બેતાજ બાદશાહનાં બેગમ છીએ.

રણછોડલાલ : બેગમ સાહેબા, પણ આ બંગલામાં તો આપના બાદશાહની એક આખી સાલની આમદ રોશન થાય છે.

જેઠીબા : આપની આમદ આપની પાસે ધરી રહી માગવા આવીએ ત્યારે કહેજો. સદર અમીનની દીકરી ફોજદારની સામે હાથ નહિ લંબાવે.

રણછોડલાલ : સદર અમીનનાં દીકરીએ જ હમણાં હાથ લંબાવી આ મોંમાં પાન મૂક્યું હતું.

જેઠીબા : હા. (કરડાકીથી) ને આપે તો એમાં યે ઢીલ કરી.

રણછોડલાલ : લ્યો બીજું બનાવું. આમ તો જુઓ લગાર

જેઠીબા : શું છે ? (અનુસંધાન આગળ પાન ૨૨૬ મે)

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદષ્ટિ ખીલવતી લેખમાળા

ચિત્ર-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી અનુવાદક પ્રો. અપર્ણાબેન ત્રિવેદી

રેખાનું સમપ્રમાણ (Balance) સામંજસ્ય

જ્યારે કોઇપણ ચિત્રમાં વધારે રેખા અથવા વધારે વસ્તુના સમાવેશથી ચિત્ર-વસ્તુ એક તરફ નમી પડે છે ત્યારે તેને વજનમાં ઊંચું લાવવા માટે બીજી તરફ ભાર મૂકવો પડે છે. એટલે કે નવી વસ્તુના સમાવેશથી એનું પ્રમાણ સરખું કરવું પડે છે. ભારની આ સામ્યતા લાવવા માટે બંને તરફ એક જ મૂલ્ય અથવા એક જ વજનની વસ્તુનો સમાવેશ કરવો જોઇએ એવું કંઇ નથી. જ્યારે કોઈપણ વસ્તુના આકર્ષણને લીધે છબિની એક તરફ મન ઝૂકી પડે, ત્યારે મનના આ ધ્યાનની સામ્યતા લાવવા માટે ચિત્રના વિપરીત અંશમાં કોઇ બહુ જ સાધારણ વસ્તુનો સમાવેશ કરવાથી પણ ભારનું તોલન જળવાય છે. એટલે, મનને બીજી તરફ ખેંચી જવા માટે સામાન્ય કારણ પણ જો હાજર હશે તો મન ચિત્રના ઉત્તમાંશમાં શ્રેષ્ઠતર આકર્ષણને લીધે ઝૂકશે. મનઃસંયોગનું આ ઇચ્છવાજેવું ભાર-સમતોલન (Balance) ચિત્ર-વિજ્ઞાનની રચનારીતિની ખરી મુદ્દાની વાત છે. પશ્ચિમના દેશોનાં ચિત્રોમાં કોઈપણ જાતની વિપરીત આકર્ષણની સામગ્રીનું અંકન કરીને આ ભારતોલનનું પ્રમાણ લાવવામાં આવે છે; પણ પૂર્વ દેશોનાં ચિત્રોમાં, ને ખાસ કરીને ચીનજાપાનનાં ચિત્રોમાં, આ ભાર-તોલન શૂન્ય સ્થાન (ખાલી જગ્યા) વડે, એટલેકે વિપરીત આકર્ષણવાળી કોઇપણ વસ્તુનું અંકન કર્યા વગર જ અત્યંત કુશળતાથી સિદ્ધ કરવામાં આવે છે.

પશ્ચિમનાં ચિત્રોમાં ભાર-તોલન બે પ્રકારનું હોય છેઃ(૧)ચાક્ષુષ, અથવા પ્રત્યક્ષ, યા દૃષ્ટિગોચર સામ્ય (formal balance); અને (૨) અપ્રત્યક્ષ અથવા અંદરનું ભારસામ્ય (informal balance).

પહેલાના ઉદાહરણ તરીકે ઇટાલિયન કલાકાર ફ્રા ઍન્જેલિકો (ઈ. ૧૩૮૭ થી ૧૪૫૫)નું 'માતા ને દેવદૂતો' (Madonna & Angels)નું ચિત્ર લઇએ (આકૃતિ નં. ૪૮). આ ચિત્રમાં માતૃમૂર્તિ મેરીને વચમાં બેસાડી તેની બંને બાજુ દેવદૂતોની સમપ્રમાણ હાર મૂકવામાં આવી છે. ચિત્રના વસ્તુનું વજન કરી તેના બે સરખા ભાગ પાડવામાં આવ્યા છે- કોઈપણ તરફ લેશમાત્ર વધારેઓછું નથી વસ્તુનો એવો તો સમાન ભાગ કરવામાં આવ્યો છે કે બેય તરફ વિષયવસ્તુ જાણે બરાબર સરખી જ તોળી બતાવી છે. આ જાતનું ભાર-તોલન ચિત્રકળાના આદિ અથવા શૈશવકાળમાં બહુ જ પ્રિય હતું.

બીજા પ્રકારના ઉદાહરણ માટે વિખ્યાત ઇટાલિયન ચિત્રકાર બૉતીચેલ્લી (ઈ. ૧૪૪૪ થી ૧૫૧૦)નું ચિત્ર 'વીનસનો જન્મ' (Birth of Venus) લઇએ. આ ચિત્ર અપ્રત્યક્ષ ભારસામ્યતાના દૃષ્ટાન્તરૂપ છે. (આકૃતિ નં. ૪૯). પહેલા ઉદાહરણ પેઠે આ ચિત્રના વિષયવસ્તુનું વજન કરીને તેના બે 'સરખા' ભાગ કરવામાં આવ્યા નથી. જમણી બાજુ ઊભેલી દેવપરીનું રૂપ તથા અવયવો ડાબી બાજુએ ઊભેલી વસ્તુની આકૃતિ કે વજન જેવાં નથી; એમ છતાં ડાબી બાજુની વસ્તુ જમણી બાજુના ચિત્ર તરફથી આપણા મનને આકર્ષી લે છે. જમણી તરફના કરતાં વિરોધી જ એવું કંઇક ડાબી તરફ છે. (જુઓ નીચે ચિત્ર).

ચીન-જાપાનનાં ચિત્રોમાં આ ભાર-સામ્યતા, કોઇ પણ વિરોધી વસ્તુનું ચિત્રાંકન કર્યા વગર જ, ફક્ત વિપરીત સ્થાનને તદ્દન ખાલી રાખીને જ, સિદ્ધ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે 'ઊડતા હંસ'નું ચિત્ર (આકૃતિ નં. ૫૦) જુઓ. એ ચિત્રમાં ચંદ્રની બહુ જ નિકટ ઊડતા હંસ-યુગલનું સ્થાપન કરીને ચિત્રનો બધો જ નિમ્નાંશ (નીચેનો ભાગ) એકદમ ખાલી રાખવામાં આવ્યો છે. ઉપરના એ વિષયવસ્તુનાં ભાર અથવા વજન, નીચેના શૂન્ય સ્થાનના ખાલી ભાગને ઘણી જ સહેલાઇથી પકડી રાખે છે. નીચે કોઇપણ વસ્તુનું ચિત્ર નથી, છતાં ઉપરના ચિત્ર-વસ્તુને સ્વસ્થાને રાખી તેનો ભાર હલકો કરવામાં આવ્યો છે. જો નીચેનો શૂન્ય અંશ ભરી દેવામાં આવે તો ઉપરના અંશનો ભાર અયોગ્ય રીતે વધી જતો લાગે—થોડી જગ્યામાં જાણે ઘણી વસ્તુની અયોગ્ય રીતે ભીડ થઇ હોય એવું લાગે.

બીજું ઉદાહરણ 'માનવી ને સારસ' (Man and Crane by Korin)નું લો. (આકૃતિ નં. ૫૧) આ ચિત્રમાં ચિત્રિત વસ્તુ ચિત્રપટના લગભગ અરધા ભાગની સીમા ઉપર દોરવામાં આવી છે. પટનો ઉપરનો અરધો ભાગ લગભગ ખાલી રાખવામાં આવ્યો છે, અને ત્યાં એક તરફ થોડાક અક્ષરો ઊભી હારમાં લખી દીધા છે. ઉપરની આ ખાલી જગ્યા ને તેમાં નાનાનાના અક્ષરોની આ હાર, માનવીના મોટા માથાના ને અવયવોના ભારને, ઉપલા શૂન્ય સ્થાનના વજન વડે પકડી રાખે છે. ઉપરનો એ ખાલી અંશ જો હાથથી ઢાંકી દેશો તો તરત જ લાગશે કે છબિ અતિશય ભારવાળી થઈ જાય છે. આ શૂન્ય સ્થાનને ઊંધું વજન આપી, ભારને હલકો કરી









←-૪૮




૪૯

હઇને ચિત્રકારે છબિને દૃષ્ટિ-મધુર કરી છે. ત્યાં જો પેલી અક્ષરોની હાર ન મૂકી હોત તો ઉપરનો અરધો શૂન્ય ભાગ વધારે માથાભારે થઈ જાત, અને વજનનું સમતોલન ન રહેત. એટલા માટે ચિત્રકારે પોતાના નામની સહી કરવાની તરકીબ દ્વારા ચિત્ર વસ્તુના વજનને કુશળતાથી સુવિભક્ત કર્યું છે.



૫૨



૫૦




૫૧

ચિત્રરચનાના આદિ યુગમાં પ્રત્યક્ષ ભાર સામ્યતા (formal balance)નું બીજું પણ એક રૂપ હતું. તેનું નામ 'માપની સમતા' (symmetry). એટલેકે બંને બાજુએ સરખા જ માપની અને સરખા વજનની જ માત્ર નહિ, પણ એકસરખી જ જાતની બે વસ્તુનું સ્થાપન કરવું તે. (જુઓ નં. ૫૨, ૫૩, ૫૪). એ ડિઝાઇનોમાં ગૂંથેલા મોર, હરણ, ફૂલ આદિની રચના સમતાયુક્ત symmetricel બંને બાજુ એકસરખી છે. માત્ર ગૃહશણગાર તથા આલંકારિક ચિત્રો (ડિઝાઇનો) સિવાય ચિત્રરચનામાંથી તો આ રીતિ હવે ઘણો વખત થયાં અલોપ થઈ ગઇ છે.

૫૩





૫૪

હવે ઘણુંખરૂં માપની આવી સમતા(symmetry)ને બદલે, a-symmetry અથવા 'અનર્ધખંડનની'–ભાગ પાડવાની રીત તરફ વધુ પક્ષપાત દર્શાવાય છે. ચિત્રો ચીતરવામાં રૂપના આવા અરધોઅરધ વિભાગની રીતને બદલે સફેદ અને કાળી, અથવા પ્રકાશ ને છાયાની વિપરીતતાનો પ્રયોગ કરવામાં આવે છે.

૫૫




૫૬




પણ પ્રકાશ ને છાયાના ભાગ એકસરખા વજનમાં પાડવા ઉચિત નથી; એટલે, જો કોઈપણ વિશિષ્ટ માપના પ્રકાશના પથ્થરને તોળવો હોય તો એના પ્રમાણ કરતાં વધુ છાયાની સ્થાપના કરવાથી જ ભાર-સામ્ય (balance)નું પ્રમાણ જળવાય. [illegible] Titian(ઈ. ૧૪૭૭થી ૧૫૭૬)નું 'લાવીનિયા' નામનું ચિત્ર આના શ્રેષ્ઠ દૃષ્ટાન્ત રૂપ છે. (નં. ૫૫, ૫૬ તથા સામેના પાના પરનું ચિત્ર). એમાં જેટલો અંશ પ્રકાશથી ઊજળો છે તેના કરતાં લગભગ ત્રણ ગણો મોટો અંશ છાયામાં નિમગ્ન કરી ચિત્રકારે ભાર-સામ્યતા (અથવા પ્રકાશ ને છાયાનું સમપ્રમાણ) કર્યું છે. પ્રકાશ અને છાયાની આ પ્રકારની વિપરીત

રીતિને ઈટાલીના ચિત્રકારો 'Chiaroscuro' કહે છે. ડચ કલાકાર રેમ્બ્રાં આ પદ્ધતિનો સમર્થ સ્વામી ગણાતો.



૫૭




૫૮

સમગ્ર આકૃતિ (Mass)

કોઈ પણ વસ્તુવિષયની સમગ્ર આકૃતિ જ્યારે પ્રકાશની ગતિનો માર્ગ રોકે છે, અથવા એક વસ્તુ જ્યારે બીજી વસ્તુની આડે આવે છે, ત્યારે બીજીનો માર્ગ રોકીને તે વસ્તુ સંપૂર્ણપણે પોતાની હાજરી તથા પોતાના રૂપ તરફ આપણી દૃષ્ટિને આકર્ષે છે. આવી રીતે પ્રકાશમાં અન્તરાય થવાથી આપણે જોકે એક અખંડ વસ્તુ તરીકે તેની હાજરી અનુભવી શકીએ છીએ, પણ તેના બીજા બધા અવયવોના જુદાજુદા અંશોનું અસ્તિત્વ અનુભવી શકતા નથી કે તેની વિગતો જોઈ શકતા નથી. તેને તો માત્ર એક દીવાલની માફક–એકઢાંકણની માફક–એક રોકાણ તરીકે–આપણે અનુભવીએ છીએ. આપણે એ અન્તરાયનાં અંગોનો ઝીણવટથી વિચાર કરવા બેસતા નથી, અથવા તો એનો વિચાર કરવાનો અવકાશ જ હોતો નથી. દેખાય છે તે માત્ર એટલું જ કે એક વસ્તુ તેની સમગ્ર આકૃતિ વડે બીજી વસ્તુના દર્શનનો માર્ગ રોકે છે ને બીજી એક વસ્તુને જોવા દેતી નથી. આકૃતિ નં. ૫૭ જોશો તો જણાશે કે મોટું ઝાડ તેની પાસેનાં નાનાંનાનાં ઝાડ તથા વેલવેલાના સમગ્ર જથ્થા સાથે એક ઢાંકણ રૂપ બનીને સામેના પેલા મકાનને જોવાનો રસ્તો રોકી ઊભું છે. એ રીતે આપણે એની સમગ્ર આકૃતિ (mass) અન્તરાય રૂપે સમગ્ર રૂપે, અખંડ રૂપે, વિરાટ રૂપે અનુભવીએ છીએ, પરંતુ તેના ખંડાંશોની વિગતો આપણી નજરે પડતી નથી. તેનું એ અખંડ, સમગ્ર, વિરાટ રૂપ તેના ખંડાંશોનું અતિક્રમણ કરી જાય છે. તેનાં પાંદડાં, ફળ, ડાળીઓ વગેરે કાંઈ પણ આપણી નજરે પડતું નથી.



૬૦



૫૯

મોળો બાસ્તા જેવો વાદળગોટ ઘેરા ભૂરા આકાશને એક ખૂણે, હિમ-આચ્છાદિત હિમાલય જેવા મોટા રૂપથી, એ ભૂરા આકાશનો ઘણોખરો ભાગ જેમ ઢાંકી રહે છે (ચિત્ર નં. ૫૮) તેવી રીતે સફેદ આકાશનો અસીમ પ્રકાશ ઢાંકીને ઊભાં રહે છે શહેરનાં એકબીજાને વળગીને ઊભેલાં આપણાં વિવિધ મકાનો (આકૃતિ નં. ૫૯). તેમની એકત્ર દીવાલોનો અંતરાય એક અખંડ કિલ્લાની પેઠે આકાશના પ્રકાશનો માર્ગ રોકી રાખે છે. એ વખતે પછી એ દરેક મકાનનો દેખાવ, તેના ઓરડા, બારીબારણાં વગેરે કંઈ જ આપણી નજરે પડતું નથી.

દૃશ્ય-ચિત્રકારો જ્યારે કોઈપણ પૅનોરમા (panorama) અથવા એક અખંડ વિસ્તારવંતા દૃશ્યનું નિર્માણ કરે છે, ત્યારે તેમને જુદાંજુદાં માપની આવી સમગ્રાકૃતિઓ–massesમાંથી એક સુદૃશ્ય માપના પ્રમાણ(proportion)ની કલ્પના કરી લેવી પડે છે. ચિત્ર નં. ૬૦માંની વૃક્ષરાજિની સમગ્રાકૃતિ–massમાં ને તેની પાછળની વસ્તુમાં એક સુદૃશ્ય, સુમધુર, નયનરંજક, આંખને તૃપ્તિકર એવા એક પ્રમાણ (proportion)ની અથવા ભારસામ્યતા–balanceની અથવા વજનના સમતોલન–epuilibriumની સૃષ્ટિ તેણે યોજી છે. એ સમગ્રાકૃતિ–massના વ્યવધાનની લંબાઈ પહોળાઈ જો તેની પાછળની વસ્તુની લંબાઈ પહોળાઈ કરતાં ઘણી જ વધારે હોત તો સામેનું વ્યવધાન (mass) ભારે થઈ જઈને સમગ્ર છબિની ભારસામ્યતાને-balanceને નુકસાન પહોંચાડત. એટલે આ બંને વસ્તુની વચ્ચે આંખને તૃપ્તિદાયક એવું એક પ્રમાણ ને માપનું રક્ષણ કરવું એ ચિત્રકારનું અવશ્ય કર્તવ્ય છે. છાયા ને પ્રકાશની આ સમગ્રતાનું સમપ્રમાણ equilibrium of mass, એ ચિત્રરચનાના છન્દનું એક જરૂરી સાધન છે. ફ્રેન્ચ કલાકાર (Corot) કૉરૉના 'અપ્સરાનું નૃત્ય' નામના એક ચિત્રમાં (જુઓ આ નીચેનું ચિત્ર) છાયા અને પ્રકાશના આ પ્રમાણનો અત્યંત સુંદર પ્રયોગ કરવામાં આવ્યો છે. (ચાલુ)



Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

આ પત્ર મેળવનાર : ડૉ. ડી. કે. સોનેજી સુખનાથ ચોક, ઉપલેટા (કાઠિયાવાડ)

Dobrovskeho 27,
PRAHA VII (Czechoslovakia)
Prague (પ્રાગ) તા. ૧૬-૭-૧૯૪૯

પ્રિય ડૉ. સોનેજી,

તમારા તા. ૪-૭-૪૯ ના પત્ર માટે આભાર માનું છું. શરૂઆતમાં હું અમારી રાજધાની પ્રાગનું વર્ણન કરીશ. અનું એક નામ Praha (प्रह) છે. તેની વસતિ દશેક લાખની છે અને યુરોપ-બલ્કે દુનિયામાંનાં સૌથી સુંદર શહેરો પૈકીનું એક છે. અમારૂં શહેર Vltava (व्लतव) નદીના બંને કિનારાની કેટલીક ટેકરીઓ પર વસેલું છે. આ બંને કિનારા કેટલા યે પૂલો વડે જોડાએલા છે, જેમાં 'ચાર્લ્સ બ્રિજ' સૌથી પ્રાચીન (૧૪ મી સદીમાં બંધાએલો) છે.

'વ્લતવ' નદીના ડાબા કિનારે એક ટેકરી પર પ્રાગનો Hradcany (हृदचनी) નામનો કિલ્લો અને જૂનું 'ગોથિક દેવળ' આવેલાં છે જેમાં આજે તો અમારા દેશના પ્રમુખ નિવાસ કરે છે. પ્રાગ 'સેંકડો દેવળોનું શહેર' કહેવાય છે; જો કે ખરી રીતે તો અહીં તેથી યે વધારે દેવળો છે.

સ્થાપત્યની દૃષ્ટિએ પ્રાગ ખરેખર ઘણું જ રસપ્રદ છે. ભૂતકાળની યાદગીરીરૂપ આજે રસ્તાઓ પર રોમનિક, ગૉથિક, રીનેઝાં, બેરોક, રોકોકો અને આધુનિક ઢબના મહેલો અને દેવળોની હારની હાર જોવામાં આવે છે. આખા પ્રાગમાં મને અત્યંત પ્રિય છે તે તો Mala Strana (मला स्त्रन)—જે Hradcany (હૃદચની)ની નીચેના ભાગમાં આવેલું છે. વાંકાચૂંકી ગલીઓમાં ઊંચે ચડતાં અકલ્પ્ય સુંદર દૃશ્યો નજરે પડે છે. [હું ચેક નામોના ઉચ્ચારો 'દેવનાગરી'માં લખું છું કારણકે અંગ્રેજી લિપિમાં લખેલા ઉચ્ચારો ગૂંચવણભરેલા હોય છે.] . . . હું તમને પ્રાગનાં કેટલાક દૃશ્યો મોકલીશ કારણ કે આ ક્ષુલ્લક વર્ણન પ્રાગનાં મહાલયોનો ખરો ખ્યાલ નહિ આપી શકે. કદાચ ફોટોથી પણ તેનો ખરો ખ્યાલ આવવો મુશ્કેલ છે.

ચેકોસ્લોવાકિયા ને એની રાજધાની આજે તો પૂર્વ ને પશ્ચિમનું મધ્યબિન્દુ છે. તેની સાબિતી તરીકે ગયા વર્ષના નવેમ્બરમાં આખી દુનિયાના વિદ્યાર્થીઓ અહીં ભેગા થયા હતા તે તેમજ આંતરરાષ્ટ્રીય સંગીતોત્સવ પણ મે માસમાં થયો હતો તે ગણાવી શકાય . . . .

હાલમાં અમારે ત્યાં યુવાનો અને વિદ્યાર્થીઓ માટેની આંતરરાષ્ટ્રીય છાવણીઓ છે, જેમાં દુનિયાભરના વિદ્યાર્થીઓ માટે પૂરતાં સુખસગવડ છે અને ત્યાં વિદ્યાર્થીઓ વૅકેશન ગાળવા આવે છે.

ડેનમાર્કથી મારે ત્યાં ઑગસ્ટ મહીનામાં મારી એક સખી આવે એવી આશા છે. તેની સાથે હું સપ્ટેમ્બરમાં ડેનમાર્ક જઇશ. હિંદુસ્તાન આટલું દૂર છે એ કેટલું બધું દુઃખદાયક છે! . . . . ૧૪મી જુલાઇ પારીમાં જેટલા આનંદથી ઉજવાય છે તેટલા જ આનંદથી અહીં અમે અમારા બળવાના વર્ષનો મે નો પહેલો દિવસ ઉજવ્યો હતો. એ વખતે રાત્રિ દરમ્યાન પણ મેં શેરીઓમાં નૃત્ય કર્યું હતું.

પ્રાગ એટલે વિદ્યાર્થીઓનું, સંગીતનું અને 'સોકોલ' (Sokol) ઉત્સવોનું ધામ. હું તમને પ્રાગ આવવાનું આમંત્રણ આપું છું પ્રાગનો સાચો અનુભવ લેવાની એકમાત્ર શકયતા એ જ છે. . . .

હિંદુસ્તાનની કઇ વસ્તુમાં મને રસ છે તે જણાવવું બહુ મુશ્કેલ છે; તોપણ કહું કે આખું હિંદુસ્તાન! અલબત્ત, ઇતિહાસ, કળા અને અર્થશાસ્ત્રની અગત્યની હકીકતો હું પુસ્તકોમાંથી જાણી લઉં છું અને વર્તમાન બનાવો વર્તમાનપત્ર કે રેડિયો દ્વારા જાણી શકું છું. . .

જો તમે હજી સુધી ભૂલી ગયાં ન હો તો હિંદુસ્તાનનાં બાળકોની રમતગમતનાં સાધનો અને રમતગમત વિષે મહેરબાની કરી જણાવશો. તમારી પ્રવૃત્તિ જોતાં તો હું માનું છું કે તમે તમારા દેશનું જીવન સારી રીતે માણો છો. મને રસ પડે એવું કંઇ હોય તો કૃપા કરી લખશો.

अभी देख रही हुँ कि हिन्दी भाग को बिलकुल भूल गया। आपसे तो भी एक बात पूछुँ। कैसी तरह चेक (Czech) 'A' बिहतर लिखना है। अर्थात् मेरे पहले नाममें दो 'अ' हैं। लेकिन अगर 'मिलद' लिखती हूँ, हो सक्ता है कि हिन्दी अन्तिम 'अ' नहीं पढते। यदि 'मिलादा' लिखूँ तो फिर गलत भी होए। इस लिए की इस बात में लम्बा 'आ' नहि और हमारी भाशा उसमें दरियाफत करती है आशा है कि आप मेरी हिन्दी समझेंगे और शीघ्र उत्तर देंगे। आपकी मातृभाषा क्या है, कृपा लिखिए।

आपकी बहन

मिलद कलाबोवा Milada Kalabova

નવાં સરનામાં

નેધરલૅન્ડઝનાં કુમાર-કુમારીઓ જોડે પત્રવ્યવહાર કરવા ઇચ્છતા હિંદી પત્રમિત્રો નીચેને ઠેકાણે લખીને સરનામાં મેળવી શકશે : Internationaal Contact, Karrestraat 24 A-Breda (The Netherlands). અંગ્રેજી, ફ્રેન્ચ અગર જર્મન ભાષામાં પત્રવ્યવહાર કરી શકાશે. દરેકે પોતાનું નામ, સરનામું, જાતિ (કુમાર કે કુમારી છે તે) વય, શોખ અને રસના વિષયો, પત્રવ્યવહારની ભાષા અને કઈ જાતિ તથા વયનાં મિત્રો સાથે પત્રવ્યવહાર કરવા ઈચ્છે છે તે લખી જણાવવું. આ માહિતી 'કુમાર'માંથી મળ્યાનો ઉલ્લેખ કરવો.

ભાઈ સદરહુસેન મેરાલી (બૉક્સ ૬૪૫, મૉમ્બાસા) મારફતનાં, ગયા અંકમાં પ્રકટ થએલાં પત્રમિત્રોનાં ૧૪ સરનામાંને અનુસંધાને બાકી રહેલાં સરનામાં આ નીચે આપ્યાં છે. તેનો ઉપયોગ કરવા ઈચ્છનારે, પત્રવ્યવહાર કરતી વખતે, પોતાને એ નામ તે ભાઈ તરફથી (કુમાર માસિક મારફત) મળ્યું હોવાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. (15) Miss Margaret Johnson, 145, Stokesley Crescent, Billingham, C. Durham, (England); (16) Miss Rejeanne Duchanne, 1870 Prefontaine Avenue, Montreal-4, (Canada); (17) Master Joe Bennett, 3 Tonne Street, Sliema, Malta (Europe); (18) Miss Robin Cristiansen, 13 Justus Street, North Bondi, Sydney, (Australia); (19) Master Victor P. Atard, 'Tati House' 106 Howard Street, Malta (Europe); (20) Millard M. Groben, 621 W. Market Street, Bethlehem, Pa. U. S. A.; (21) Mr. Gustal Rothell, Rosenlundsgatan 6-8 Goteberg, (Sweden); (22) Mr. A. Majeed Khadroo, Sweet Home, 23, Willington Street, Port Louis, Mauritius; (23) Betty Howie, 14, Bradon Street, Edinburgh, (Scotland)

શેઠાણી : આ ટંબલર કોણે ભાંગ્યો?'

નોકરડી : બિલાડીએ.

શેઠાણી : બિલાડીએ?—કઈ બિલાડીએ?

નોકરડી : (પોતાનું બહાનું પકડાઇ જવાથી ગભરાઇને—ગફલતથી) બાપરે! તમારે ત્યાં બિલાડી નથી?

પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી નૃત્ય અભિનય આદિ કલાઓનો પરિચય આપતી લેખમાળા

ભારતીય નાટ્યનો ઉત્પત્તિકાળ

સંસ્કૃત નાટ્યસાહિત્યના ઉત્પત્તિકાળ વિષે વિદ્વાનોમાં અનેક મતમતાંતરો છે. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસકાર પ્રો. વેબરના મત અનુસાર તેનો જન્મ બે હજાર વર્ષ પર ગ્રીક સંસ્કૃતિની અસરથી થયો હતો. એટલે તેઓ એમ માને છે કે પુરાતન ભારતીય નાટ્યસાહિત્ય સ્વતંત્ર સાહિત્ય નથી, પરંતુ ગ્રીક નાટ્યકલાની અનુકૃતિ છે, અને તે બે હજાર વર્ષથી વધું જૂનું નથી! તેમનો મત યથાર્થ હોય તો સંસ્કૃત નાટ્યસાહિત્ય પર ગ્રીક નાટ્ય સાહિત્યની ગાઢ અસર પડી હોવી જોઇએ. પરંતુ તેમાં તો સર્વાંશે ભારતીય વિશેષતાનાં લક્ષણો જ જોવામાં આવે છે.

બે હજાર વર્ષ પર ગ્રીક બાદશાહ સિકંદરે હિંદની સરહદ પર થોડા સમય માટે સ્થાપેલું રાજ્ય જ હિંદના સર્વ નાટ્યવૈભવના આધારરૂપ હતું એમ કહેવું અત્યંત બેહૂદું છે. સિકંદરના આગમનની અતિ પૂર્વે હિંદ તેના સાંસ્કૃતિક વિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચી ચૂક્યું હતું તે આપણે જાણીએ છીએ. રામાયણ-મહાભારતનો કાળ આપણને ઘણો પાછળ ખેંચી જાય છે.ને કોઈપણ દેશની ઉન્નતિને સમયે તે દેશનાં સંગીત,સાહિત્ય ને કલાનો સંપૂર્ણ વિકાસ થએલો આપણે ઇતિહાસમાં જોઇએ જ છીએ. કલાના વિકાસ વગર સાંસ્કૃતિક વિકાસ સંભવી જ શકતો નથી. એટલે ભારતીય નાટ્યસાહિત્યનો ઉદ્ભવ બે હજાર વર્ષથી તો અતિપૂર્વે પરમ પ્રાચીન કાળમાં જ થયો હોવાનું ચોક્કસ છે.

હાલમાં મળી આવતા સંસ્કૃત નાટ્યગ્રંથોમાંથી મૃચ્છકટિકને પ્રો. વેબર સૌથી પ્રાચીન ગણે છે. તે બે હજાર વર્ષ પર રચાયું હોવાની માન્યતા છે. હાલ મળી આવતા ગ્રંથોમાં મૃચ્છકટિક સૌથી વધુ પ્રાચીન હોવા વિષે વિદ્વાનોમાં ભાગ્યે જ બે મત છે પરંતુ તે પહેલાંની કોઈ નાટ્યકૃતિ હાલ ઉપલબ્ધ નથી એટલા જ ઉપરથી મૃચ્છકટિક ગ્રંથથી જ ભારતીય નાટ્યસાહિત્યનો પ્રારંભ થયો હોવાના મતનું સંપાદન કરવું ઘણું વિચિત્ર છે. મૃચ્છકટિક પછીના કાળની પણ અનેક કૃતિઓ વિલુપ્ત થઈ ગઈ હોવાનું આપણે જાણીએ છીએ; તો તે પહેલાં કોઈ નાટ્યકૃતિ નહિ જ રચાઇ હોય એવું ખાત્રીપૂર્વક કેમ કહી શકાય? રૂચિના ફેરફારથી નવી નાટ્યકૃતિઓ અસ્તિત્વમાં આવતાં જૂની કૃતિઓ ધીમે ધીમે વિલુપ્ત થઈ ગઈ હોવાનું પણ ઘણું સ્વાભાવિક છે. વળી, મૃચ્છકટિક કોઈ આખ્યાન કે ઇતિહાસ પર રચાએલું નથી,પણ કવિકલ્પિત વસ્તુ પર રચાએલું છે. આથી તે પહેલાં વાસ્તવિક વૃત્તોનાં નાટકો પણ પ્રચલિત હોવાં જ જોઇએ.

નાટ્યશાસ્ત્રમાં આપેલા રૂપક(નાટક)ના દસ પ્રકારોમાં મૃચ્છકટિક 'પ્રકરણ' નામે પ્રકારનું છે..તે પ્રકાર પાંચથી દસ અંકમાં રચાએલો હોય છે. વળી, નાટ્યસાહિત્યની સર્વ પરિપક્વતા તેમાં જોવામાં આવે છે. તેથી જ, એક નાટ્યપ્રકારની કૃતિ આટલી પરિપક્વ સૌથી પ્રથમ જ રચાઇ હોય તે યે સંભવિત નથી.

રૂપકના 'અંક' અને 'વીથી' જેવા એક-અંકી નાના પ્રકારો પણ નાટ્યગ્રંથોમાં જણાવ્યા છે. તેથી પ્રારંભમાં આવા સાદા અને સરળ પ્રકારો પ્રચલિત હોવાનું વધુ સંભવિત છે. નાટ્યસાહિત્યના વિકાસની સાથે આ નાના પ્રકારો વિલુપ્ત થયા હોવા જોઇએ. આ ઉપરાંત મૃચ્છકટિકની પહેલાંના કાળના સંસ્કૃત સાહિત્યમાંથી પણ નાટ્ય અંગેના અનેક ઉલ્લેખો મળી આવે છે. વળી બૌદ્ધ અને જૈન સૂત્રોમાં નાટકો જોવાની મનાઈ કરેલી છે, તે પરથી પણ સાબિત થાય છે કે નાટકો ઈ. પૂર્વે છઠ્ઠા સૈકામાં પણ અસ્તિત્વ ધરાવતાં હશે. વજ્રપુર નગરમાં યાદવકુમારોએ ભૌમ સ્ત્રીઓ સાથે 'કુબેર રંભાભિસાર' નામનું નાટક ભજવી બતાવ્યાનો ઉલ્લેખ 'હરિવંશ'માં પણ આવે છે.

નાટ્યના વિષય પર રચાએલો 'ભરત નાટ્યશાસ્ત્ર'નો ગ્રંથ અતિ પ્રાચીન મનાય છે. ઋગવેદ વગેરે વેદોની જેમ તેની ઉત્પત્તિની કથા પણ દંતકથામાં મનાય છે તેમજ તેને પાંચમો વેદ ગણવામાં આવે છે, એ હકીકત પણ તેની પ્રાચીનતા જ દર્શાવે છે. વળી, કોઇપણ વિષયનું શાસ્ત્ર તે વિષયના ગણનાપાત્ર વિકાસ પછી જ રચાય છે. આ ન્યાયે ભારતીય નાટ્યકલા અનેતેના સાહિત્યનો ઉદ્ભવ ભરત નાટ્યશાસ્ત્રની પહેલાં થયો જ હોવો જોઈએ. આ બધું જોતાં તેનો જન્મ ગ્રીક નાટ્યકલાની અસરથી વિમુક્તરીતે અને બે હજાર વર્ષથી યે અતિ પ્રાચીનકાળમાં થયો હોવાનું હવે વિશેષ પુરવાર કરવું પડે તેમ નથી.

(ચાલુ)

યોગેન્દ્ર પ્રિયદર્શી

કસોટી

હુકેલી ન શકો તો ઉત્તરો આ નીચે અવળા આપ્યા છે.

(૧) વસુના જન્મદિને તેના હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકીને મેં કહ્યું કે જેટલા વર્ષની તારી ઉંમર છે તેટલા અધોળ મિઠાઈ તારા માટે લઇ આવ. તેણે પોતાની મનભાવતી મિઠાઈ લઇ આવીને મારા હાથમાં ત્રણ રૂપિયા એક આનો ને અગિયાર પાઈ પાછાં મૂક્યાં તો તેની ઉમર કેટલી?

(૨) ચાર છોકરાને તેમની દોડની શરતનું પરિણામ પૂછતાં તેમણે નીચેના જવાબ આપ્યા: અનુએ કહ્યું, 'હું છેલ્લો નથી આવ્યો'; બાલુએ કહ્યું, 'હું દીનુથી આગળ આવ્યો છું'; ચંદુએ કહ્યું 'પણ દીનુ અનુ કરતાં તો આગળ આવ્યો છે ને?' ત્યારે પહેલું કોણ આવ્યું?

(૩) એક માણસને એવું સ્વપ્ન આવ્યું કે જાણે પોતાને ફાંસીને માંચડે ચડાવવામાં આવ્યો છે. અચાનક એ જ વખતે તેની બાજુમાં સૂતેલા મિત્રનો હાથ તેના ગળા પર પડ્યો; એથી પેલા માણસને એમ જ લાગ્યું કે પોતાના ગળામાં ફાંસીનું દોરડું પડ્યું! એથી તે એટલો હેબક ખાઈ ગયો કે તેના આઘાતથી તત્ક્ષણ મરણ પામ્યો. આ વાતમાં તમને વજૂદ લાગે છે?

(૪) વિજ્ઞાનના પ્રોફેસર બજારેથી આવતા હતા તેમને એક મિત્રે પૂછ્યું 'કેમ શું લઈ આવ્યા?' પ્રોફેસરે જવાબ આપ્યો: 'થોડું સોડિયમ ક્લોરાઈડ ને થોડો ઍસેટિક ઍસિડ.' તો એ શું લાવ્યા હશે?

(૫) ગાજર, લીંબુ અને કોબેજ, એ ત્રણમાં વિટામીન 'સી' સૌથી વધુ શામાં ને સૌથી ઓછું શામાં?

(૬) ચાર પાંચડા એવી રીતે ગોઠવો કે જેનો સરવાળો ૧૦૦ થાય.

કસોટીના ઉત્તરો: (૧) ૧૯ વર્ષ (ખુલાસો: જેટલાં વર્ષની તેની ઉમર, તેટલાં અધોળ મિઠાઇ લાવતાં તેણે પાંચ રૂપિયામાંથી ૩૬૧ પાઈ વાપરી. હવે તે [illegible] બીજો કોઈ અવયવ પડતો નથી; માત્ર તેનું વર્ગમૂળ ૧૯ નીકળે છે.) (૨) બાલુ; (૩) જો એ તત્ક્ષણ મરી ગયો તો આ સ્વપ્નની વાત કેવી રીતે કહી શક્યો? (૪) સાદું મીઠું ને સરકો; (૫) સૌથી વધુ લીંબુમાં, તેથી ઓછું કોબેજમાં; ગાજરમાં સૌથી ઓછું; (૬) [illegible] × [illegible] (આ રીતે કોઇ પણ અંકની બાબતમાં બનશે.)

રણછોડલાલ (અનુસંધાન પાછળના પૃષ્ઠ પાન ૨૨૪થી)

રણછોડલાલ : આંખો બંધ કરો (અટકીને) મોં ઉઘાડો. લ્યો. (એકદમ) અરે-એ-એ-એ ! છેવટે આંગળી ઉપર જ ક્રોધ કાઢ્યો ને !

જેઠીબા : રાયજી ! નહાવું કરવું નથી ? ઊઠો હવે; મને બહુ જોઈ.

રણછોડલાલ : હું-એં-એં-એં ? હા હા; લ્યો આ આવ્યો.

જેઠીબા : કેમ મહમદ ?

પટાવાળો : હજૂર ! સોની દાગીના લઇને આવ્યો છે.

જેઠીબા : બેસાડ. કહે કે હમણાં આવશે. અને તમે નહાવા જાવ.

રણછોડલાલ : કેમ, આપે માથુનું લગન લીધું છે ?

જેઠીબા : ના જી, જાવ, નહાવા પધારો.

રણછોડલાલ : દેવીની જેવી આજ્ઞા.

જેઠીબા : કેમ પાછા ઊભા ? (હસીને) જાવ હવે. (ઘણા ધીરા મૃદુ અવાજે) દેવીની આજ્ઞા છે (મોટેથી) બરાબર નહાજો. (ધીમેથી) હું જતી નહિ રહું. મહમદ, પેલા સોનીને મોકલ. (થોડી વારે)

સોની : બા શા'બ ! કીધા પરમોંણે લાયો કે નૈં ?

જેઠીબા : શું ધૂળ ? ત્રણ વાર પટાવાળો દોડાવ્યો ત્યારે.

સોની : બા શા'બ, લગાર બે દાઢા મોડું થૈ ગ્યું. પણ લગાર કાંમ તો જુઓ.

જેઠીબા : બે દહાડા શેનું ? બે મહિના. દહાડાના મહિના ન કરે તો સોની નહિ. ચીડ તો એટલી ચડી છે કે મારા સિપાઇને બોલાવી ચાર સાટકા મરાવું.

સોની : બળ્યું બા શા'બ ! આપનો શભાવ બહુ તેજ.

જેઠીબા : લ્યો હવે, દાગીના બતાવો.

સોની : બા શા'બ, આવું કાંમ બીજો કરે તો મારે ભૂંગળી મૂકી દેવી.

જેઠીબા : ભગત, કામ તો સારું છે. લાવો હું લગાર એમને બતાવીશ; તમે કાલે આવજો.

સોની : બા શા'બ, જરૂર આવેશ.

જેઠીબા : ઠીક, જાઓ હવે, સાહેબ આવ્યા. (અટકીને) કેમ, આપ નહાયા ?

રણછોડલાલ : હા—આ—શ. હા, હવે લગાર બેસીને પછી જમીએ.

જેઠીબા : તમને આ દાગીના ગમ્યા ? જુઓ.

રણછોડલાલ : દાગીના સરસ ને પહેરનાર તમે, પછી પૂછવું શું ?

પટાવાળો : હજૂર ! કોઇ મળવા આવ્યું છે, નામ આ લખ્યું.

રણછોડલાલ : લગાર બેસો, હું મળી આવું.

પટાવાળો : બા સાહેબ આપને પ્રભાતપુરનાં રાણીસાહેબ મળવા આવ્યાં છે.

જેઠીબા : તમે મળી આવો. હું રાણીસાહેબને અંદર બોલાવું. (અટકીને) પધારો !

રાણી : આપને નિમંત્રણ આપવા આવી છું. આઠમનું જનોઈ રાખ્યું છે, જરૂર પધારજો.

જેઠીબા : જરૂર; આપની કંકોત્રી આવી જ હતી. આપે તસ્દી લેવાની શી જરૂર હતી ?

રાણી : તસ્દી આપવા તસ્દી લેવી પડે. એ શું બોલ્યાં? આપને ત્યાં આવવામાં તસ્દી શી? કેમ સુકાયાં છો? દફતરદાર સાહેબ વગર હશો?

જેઠીબા : એ આજે આવી ગયા.

રાણી : ચાલો, બહુ સારું થયું. એમને પણ આપ કહેજો.

જેઠીબા : જરૂર કહીશ.

રાણી : લ્યો રજા લઈશ. જે અંબે !

જેઠીબા : જે અંબે ! (રાણી જાય છે. રણછોડલાલ પ્રવેશે છે.)

રણછોડલાલ : જે અંબે !

જેઠીબા : મશ્કરી કે ?

રણછોડલાલ : ના, આપ જગદંબા બન્યાં છો તેની ખબર પડી.

જેઠીબા : (હસીને) લગાર મોડી પડી. રાણીસાહેબને પડ્યા પછી.

રણછોડલાલ : (ગંભીરતાથી) આ શી વાત છે ?

જેઠીબા : (સાશ્ચર્ય) શી ?

રણછોડલાલ : આઠ હજાર તમને મળ્યાની ?

જેઠીબા : હું તમને કહું તે પહેલાં જાણી ?

રણછોડલાલ : સદર અમીનનાં દીકરી ! રેવાકાંઠાના ખૂણેખૂણે રણછોડલાલના બાતમીદારો છે. તમે માનો કે મારાથી તમે છુપાવી શકો, તે ભૂલ છે.

જેઠીબા : તમારાથી કોણે છુપાવ્યું ?

રણછોડલાલ : હં. ત્યારે વાત સાચી.

જેઠીબા : સાચી ને ખોટી, મારા કહ્યા પહેલાં ?

રણછોડલાલ : અરે અક્કલ !

જેઠીબા : લગારે નહિ. સાતને મૂરખ કરું એમ છું, તમારા સુદ્ધાં!

રણછોડલાલ : આઠ હજાર કેમ લીધા ? કોણે આપ્યા ?

જેઠીબા : કેમ લીધા શું વળી ? લુણાવાડાનો કારભારી મારી પાસે અમદાવાદ આવ્યો ને કહ્યું કે મર્હુમ રાણી સાહેબ, કે જેમને મારો ઘણો ઘરોબો હતો તેમણે, મને આઠ હજાર આપવા એવી વાત ગુજરી જતાં અગાઉ ઠાકોર સાહેબને કરેલી; અને રાણીસાહેબને આપેલું વચન પાળવા ઠાકોર સાહેબે આઠ હજાર મોકલ્યા છે. મેં કહ્યું, ના મારે નથી રાખવા. એટલે એણે કહ્યું ઠાકોર સાહેબે આપને જગદંબા જ ગણવાં તેથી રાણી સાહેબની આજ્ઞા હતી. માટે રાણી સાહેબની ઇચ્છાને આપ ન અવગણશો. મેં કહ્યું તેમ હોય તો મૂકો.

રણછોડલાલ : અરે અક્કલ !

જેઠીબા : ત્યારે ચતુર ને ડાહ્યા છો તો કહો કે મેં શો ગુનો કર્યો ?

રણછોડલાલ : મને પૂછ્યા વગર રાખવાનો.

જેઠીબા : તેમાં તમને શું પૂછવાનું ? મારે ક્યાં લાંચરૂશ્વત કે ચોરીનો માલ રાખવો'તો ? મારા સંબંધથી મને કંઈ ચીજ કે રોકડ રૂપિયા મળે તેમાં તમારે શું ? વળી તમે ત્યારે ક્યાં અમદાવાદમાં હતા ? અને હું અહીં આવી ત્યારે તો તમે વડોદરે હતા. મળો છો તો આજ ? મહેરબાની કરીને ચિકાશ ના કરશો.

રણછોડલાલ : રૂપિયા ક્યાં છે ?

જેઠીબા : મારા હાથે ને કાને. ને ખબરદાર, જો એને અડ્યા છો તો !

રણછોડલાલ : અરે અક્કલ !

જેઠીબા : ડાહી મળે તો લઇ આવો ને ! નાગરી નાતમાં કોઇ કપાળમાં ડામ નથી દેવાનું.

રણછોડલાલ : ઓ મારા પ્રભુ !

જેઠીબા : હા, એમ પ્રભુનું નામ દો. 'અરે અક્કલ, અરે અક્કલ' બોલ્યે કશો લાભ નથી. હું મારા બાપને ઘેર જઈશ તો રહેશો વા ખાતા.

રણછોડલાલ : વહાલાં, કયો નાગર પત્નીને ખફા કરી શક્યો છે ? ખરેખર પ્રત્યેક નાગરણ જગદંબા જ છે. દેવી ! માફ કરશો. આપ એટલું કહેશો કે જે દ્રવ્ય સ્વીકાર્યું તે આપ દફતરદારનાં પત્ની હોઈ સ્વીકારી શકો ?

જેઠીબા : કેમ વારુ, નહિ ? તમારી સ્ત્રી ખરી; પણ મર્હુમ રાણી સાહેબની મિત્ર પણ ખરી. એવું બહુ ઝીણું કાંતતાં મને નથી આવડતું. અને તમે શીખવશો પણ નહિ.

રણછોડલાલ : વહાલાં ! એ મૈત્રી દફતરદારીને લીધે.

જેઠીબા : (આવેશથી) તમે જો એમ પુરવાર કરો કે એ મૈત્રી હું દફતરદારની સ્ત્રી તેથી ટકી હતી, તો હું આ દાગીના અંબાજીમાં મૂકી દઉં. તમારી બૅરી એટલે મૈત્રી થઈ તે કબૂલ; પણ મૈત્રી સાચવનાર તો હું જેઠીબા હતી. દફતરદાર સાહેબ ! તમારી કશી પણ મદદ એમાં મેં લીધી નથી.

રણછોડલાલ : તેમના દત્તકને ગાદી મળે તેવી ભલામણ તમે મને ઘણી વાર કરેલી.

જેઠીબા : (આવેશથી) બક્ષીજી ! તમે મારા ઉપર શું રૂશ્વતનો આરોપ મૂકો છો ? હા, મેં ભલામણ કરી હતી. પણ જો રૂશ્વત લેવી હોત તો ઠાકોર ગાદીએ આવ્યા પહેલાં લીધી હોત; આ રૂપિયા તો ગાદીએ આવ્યા પછી મળ્યા છે. મોટા મુત્સદી છો તો લગાર વિચાર કરીને બોલો અને આ આઠ હજારની રકમમાં આઠનો આંકડો શું બતાવે છે ? હું સાક્ષાત્ શક્તિ છું તેવું રાણીસાહેબ માનતાં ને ઠાકોર સાહેબને કહેતાં ગયાં. તમારે મન તો હું ફક્ત સ્ત્રી છું. જ્યારે મને શક્તિ રૂપે જોશો ત્યારે સંકેત સમજશો. લ્યો ચાલો જમવા.

રણછોડલાલ : ઠીક મારાં શક્તિ, ઠીક.

★ **લેખક:** આ વાત પછી પંદર દિવસે શું બન્યું તે આપણે હવે જોઈએ. રણછોડલાલ અમદાવાદ રજા પર આવ્યા છે, અને રજા પૂરી થતાં આજ સકુટુંબ ગોધરે જવાના છે. રણછોડલાલ ટપાલ વાંચતા દેખાય છે. પછી જેઠીબા દાખલ થાયછે.

જેઠીબા : નીચે અરધો ખંડ મળવા આવનારાઓથી ભરાઈ ગયો છે, ને તમે તો તમારાં કાગળિયાંમાંથી ઊંચા જ નથી આવતા.

રણછોડલાલ: હં. છો બેઠા. કોઈ મને મળવા આવ્યું નથી. સૌ રેવાકાંઠાના દફતરદારને મળવા આવ્યા છે શું સમજ્યાં ? સૌ અધિકારને.

જેઠીબા : બીજા તો ઠીક, પણ નાતનાં માણસો યે છે.

રણછોડલાલ : એમ ? ત્યારે બોલતાં શું નથી ? એ તો રાયજી ભાયડાઓ ! ફરી આંગણે ન ચડે. લ્યો હું જઈ આવું.

જેઠીબા : મહાકોર !

મહાકોર : જી બા.

જેઠીબા : નીચે કોઈ આવ્યું છે ?

મહાકોર : નેચે છ હાત બૈરાં આવીને બેઠાં છે.

જેઠીબા : ત્યારે ક્યારની કહેતી કેમ નથી ? જા કહે કે આવે છે, બેસજો. નૂરૂ ! માધુભાઈ ક્યાં છે ?

નૂરૂ : હજુર, છોટે સરકાર ઉસમાનકી સાથ ખેલતે હૈ.

જેઠીબા : ઉપર લઈ આવ.

નૂરૂ : હજુર, છોટે સરકાર આયે.

જેઠીબા : માધુ, તૈયાર થા બેટા, જવાનો વખત થશે.

માધુભાઈ : બા, રમવા દેને ! આજે નથી જવું.

જેઠીબા : ગાંડો છે ? ગયા વગર કૈં ચાલે ? જા, તૈયાર થા.

માધુભાઈ : મને થોડીવાર રમી લેવા દે. (રણછોડલાલ આવે છે)

જેઠીબા : કેમ મળી આવ્યા ?

રણછોડલાલ : હા; 'મારા છોકરાને નોકરી અપાવો, ભાણેજને અપાવો, જમાઇને અપાવો, ભાઇને અપાવો, ભત્રીજાને અપાવો,' એ બધું સાંભળ્યું. અને પછી આપણી નાતના આવ્યા'તા, તેમને દરેકને વળી ખાનગીમાં મળવું'તું તે મળ્યા. દરેકને કહેવાનું એક જ હતું : 'અમારે માધુભાઈના જન્માક્ષર જોઇએ છે !'

જેઠીબા : (હસીને) પછી વહેવાઈ શોધ્યા ?

રણછોડલાલ : ના રે બાપલા ! શા ભોગ લાગ્યા છે ? મેં તો કહ્યું કે તમને વાત કરે.

જેઠીબા : હાયહાય ! બાયલા કહેશે !

રણછોડલાલ : બાયલા છીએ તે બાયલા જ કહેને ? ને કયો નાગર બાયલો નથી ? એ બધા એમની બાયડીઓના કહ્યાથી આવ્યા ને મેં કહ્યું તમે મારી બા... મારાં ઘરવાળાંને પૂછો.

જેઠીબા : ઠીક. પછી પેલા બીજાઓ સાથે શી વાત કરી ?

રણછોડલાલ : કહ્યું કે જોઇશ. બધા એમ માને છે કે હું પોતે અંગ્રેજ સરકાર છું ને સરકારી નોકરીના સિક્કાઓ ગજવામાં લઇને વહેંચવા નીકળ્યો છું.

જેઠીબા : મોટા દફતરદાર થયા છો તો કોઇનું લીલું વાળો તેમાં શું ? ને હું તમને સાફ કહું છું કે મારા મામાના સાળાના સાઢુને તમારે જગો આપવાની છે.

રણછોડલાલ : તમે કહેવડાવજો કે અરજી કરે.

જેઠીબા : (ચીડાઇને) એમાં અરજો શાં ? આ તમને કહ્યું.

રણછોડલાલ : સારૂ. હું અરજી લખીશ. ઉપર તમે તેની સહી કરાવજો.

જેઠીબા : એ કંઇ મારૂં કામ નથી. તમે તમારે ગોઠવી લેજો.

રણછોડલાલ : સારૂ, એ પણ હું ગોઠવીશ. અને નોકરી કરવા એ ભાઇ પોતે આવશે કે તે પણ બીજા પાસે કરાવવાની છે ?

જેઠીબા : સારૂ હવે; તમારી ટપાલ વાંચો. હું લગાર નીચે મળી આવું.

★ **લેખક:** રણછોડલાલ ટપાલ વાંચવામાં પડે છે. ધીમે ધીમે એક પછી એક કાગળો વંચાય છે, સહીઓ થાય છે. પછી એક છેલ્લો કાગળ હાથમાં લે છે. વાંચે છે. સ્તબ્ધ થઇ જાય છે. ફરી વાંચે છે. આંખો મીંચી દે છે. ત્રીજી વાર ફાટી આંખે વાંચે છે અને ચારે તરફ બ્હેબાકળી દૃષ્ટિ ફેંકે છે. પટાવાળો આવે છે.

પટાવાળો : (ધીમેથી) હજૂર ! (લગાર મોટેથી) હજૂર ! (ખૂબ મોટેથી) હજૂર ! (રણછોડલાલ જવાબ આપતા નથી પટાવાળો જાય છે અને ત્યાં જેઠીબા આવે છે. જેઠીબાને આશ્ચર્ય થાય છે.)

જેઠીબા : કેમ, શું છે ? કંઇ થયું ? (થોડી વારે) બોલો તો ખરા, રાયજી ! શું છે ?

રણછોડલાલ : (ઘણાજ ધીરા ને ગંભીર સ્વરે) હું દફતરદાર નથી.

જેઠીબા : એટલે ?

રણછોડલાલ : (વધારે ભાર મૂકી) હું દ-ફ-ત-ર-દા-ર નથી.

પટાવાળો : હજૂર ! નીચે કેટલાક ગૃહસ્થો વિદાય આપવા આવ્યા છે.

જેઠીબા : સાહેબ હમણાં આવે છે. બેસાડજે.

રણછોડલાલ : આપો વિદાય, આપો વિદાય, આપો વિદાય, સગાંઓ, સંબંધીઓ, મિત્રો અને શત્રુઓ ! (અટકે છે) ભૂતપૂર્વ દફતરદારનાં પત્ની ! તમે પણ વિદાય લો અને આપો. વૅલેસ ! વૅલેસ ! વૅલેસ ! તેં આ શું કર્યું ! નિર્દોષ પંખીઓનો માળો તોડ્યો ! (અટકે છે) સૂરજરામ ! (ધિક્કારથી) સૂ-ર-જ-રા-મ ! (અટકે છે) તારૂં નિકંદન જશે. (ઉદાસીથી) પ્રિયે ! તમે રેવાકાંઠાનાં દફતરદારનાં સુખનાં ભાગિયણ નથી. દેસાઇની પોળના બેકારનાં દુઃખનાં ભાગિયણ છો. (અટકે છે) પ્રિયે ! નોકરી વગરનો હું નોકરી કોને અપાવું ? (હસીને) અને હવે કોઇ મળવા યે નહિ આવે, ને મારે ખોટી યે નહિ કરવા પડે ! (અટકીને ઘણા ધીરા અવાજે) ને નાતીલાઓ ! રણછોડ-

લાલના વહેવાઇ થવાની ચિંતાના તમારા ઉજાગરા પણ ટળશે.

માધુભાઇ : બાપુ ! નૂરૂ મને રમાડતો નથી ને કહે છે કે તૈયાર થાવ, તૈયાર થાવ, જવાનું છે. પણ મારે તો રમવું છે; કહોને એને.

રણછોડલાલ : નૂરૂ ! જા. (અટકીને) બેટા ! ચાલ રમીએ, ખૂબ રમીએ. રાજરમત તો બહુ રમ્યા, હવે તારી રમત રમું ચાલ, બાઈ ચાલ.

જેઠીબા : કુ-હુ-હુ-હુ-હુ-હુ-હુ-હુ ! કુ-હુ-હુ-હુ હુ-હુ હુ (એવામાં બારીમાંથી સુસવાટ કરતો પવન વાય છે ને બારીનાં બારણાં ધડાધડ અથડાય છે. ખડખડાટ હસતી કોઈ સ્ત્રીનો અવાજ આવે છે)

અવાજ : હા-હા-હા-હા-હા-હા ! (અટકે છે) હા-હા-હા-હા-હા-હા ! જેઠીબા ! રડીશ મા, બેટા ! દફતરદારની વહુ મટી તે રાજાની રાણી થવા. રડ મા દીકરા, હસ. ને જા તારા રાજા ને કુંવર સાથે રમ. મારી સતીમાની આશીષ છે.

જેઠીબા : સતીમા !

અવાજ : હા બેટા, સતી થએલી તારી વડસાસુ. આવજે !

માધુભાઇ : બા ! આ ઓરડામાં આવ, રમીએ. બાપુ યે છે.

જેઠીબા : બેટા ! આવું છું. બાપુને કહે.

માધુભાઇ : (અંદરથી) બાપુ કહે છે કે આવી પહોંચો, સંતાકુકડી રમીએ.

★ **લેખક** : અહીં પહેલો અંક પૂરો થાય છે. હવે અરધી મિનિટ સબૂર કરો.

સાંભળો ત્યારે. રણછોડલાલ ઉપરના રૂશ્વતના આરોપને, અને તે નિર્દોષ ઠર્યાં છતાં નોકરી ગયાને આ અરધી મિનિટમાં છ માસ થઇ ગયા. નરસિંહરાવના સ્મરણમુકુરમાંથી શબ્દો ટાંકું તો '. . . ગમે તેમ હો, પણ આ અનિષ્ઠ ભાસતા બનાવનાં પરિણામ અજ્ઞાત રીતે ગુજરાતને લાભકારી નીવડયાં.' 'ગુજરાતનું પાટનગર'ના લખનાર રત્નમણિરાવની સંભાવના એવી છે કે સને ૧૮૪૭માં મિલનો વિચાર જ આખા હિંદુસ્તાનમાં પહેલો કદાચ રણછોડલાલને આવેલો. આ સંભાવના સ્વીકારીએ તો રણછોડલાલ હિંદભરના મીલઉદ્યોગના પિતા ઠરે. હવે હું તમને વધુ નહિ રોકતાં રણછોડલાલને ઘેર લઇ જઇશ. તેમના ઓરડામાં શેઠ મગનભાઇ કરમચંદ, શેઠ હઠીસીંગ અને રણછોડલાલ પોતે વાતો કરી રહ્યા છે. તે વાતો સાંભળો.

રણછોડલાલ : (ધીમે ધીમે) વાત એમ છે, કે જે હિંદે હિંદ બહાર સોનાને ભાવે પરાપૂર્વથી કાપડ વેચ્યું છે તે હિંદ આજે બહારથી કાપડ લઇ પહેરે છે. કહો મને, કે શા માટે?

મગનભાઈ: કહો હઠીસીંગ; રંછોડભઇને જવાબ આપો.

હઠીસીંગ : મશીનરીની બલિહારી, બીજું શું?

મગનભાઇ : એ તો હવે દેશનો વેપાર ગયો તે ગયો.

રણછોડભાઇ : કેમ વારૂ? આપણે ત્યાં રૂ નથી? કારીગરો નથી? પૈસા નથી? પહેરનારા નથી? આપણે રૂ આપીએ ને વિલાયતવાળા આપણને કાંતી-વણીને કપડાંમાં પાછું પધરાવે એ બેહૂદું નથી? આ કમનસીબી કેમ દૂર ન કરવી?

હઠીસીંગ : ના કેમ પડાય? ત્યારે આપણે શું કરવું, બોલો! આપણે ત્યાં તો મંત્ર છે, યંત્ર નથી.

રણછોડલાલ: શેઠ! મંત્રના યુગ ગયા, યંત્રના આવ્યા. યંત્ર વગર મારો, તમારો, મગનભાઈનો અને દેશનો કોઇનો આરો નથી. કેમ, મગનભાઈ?

મગનભાઇ : એ તો છેસ્તો. પણ એ યંત્રોમાં આપણે સમજીએ શું? ગમે તેટલા બળી રહ્યા હોઇએ, પણ અજાણ્યા પાણીમાં કંઇ પડતું મુકાય? આ અફીણના સટ્ટામાં લોકોનો દાટ વળી ગયો.

રણછોડલાલ: સટ્ટા ને અડસટ્ટા વચ્ચેનો ફેર ન સમજે તો શું થાય? પણ આ તો જુગાર નથી, ઉદ્યોગ છે. કેમ હઠીસીંગ?

હઠીસીંગ : વાત ખરી, પણ . . . . આપ કહો છો તેમ કમાવાનું હોય તો મુંબઈવાળાઓ કંઇ પડ્યા વગર રહે? બેશક, આપે ચારે તરફનો વિચાર તો કર્યો હશે; પણ મને કંઇ બેસતું નથી.

મગનભાઈ: એ એક. અને બીજું: સાંચા શું, વરાળ શું, ને તે કેવી રીતે ચાલે, એ વળી બીજી ઉપાધિ. પણ એ તો આપ સમજો છો એટલે અમારે નીરાંત છે.

હઠીસીંગ : જો કે આમાં હા કે ના પાડવાની વાત નથી; કેમ મગનભઇ?

મગનભાઇ : આપણે શું સમજીએ કે હા કે ના પાડવાની હોય! આ કાંઈ શરાફી નથી. નવું સાહસ છે.

રણછોડભાઈ : ભાઇઓ! આમાં તો લક્ષ્મીને ઓરડો છોડી ઉંમરે આવવાનું છે. અને વગર સાહસે તો આપણા કે દેશના કશા શુક્રવાર વળવાના નથી.

હઠીસીંગ : એની ના ન પડાય, કેમ મગનભઇ! પણ રંછોડભઇ! પાંચ રળ્યા કોઈ ન જાણે, પાંચ ખોયા સૌ જાણે. એટલે લગાર વિચાર થાય.

રણછોડલાલ : (ધીમેથી) પણ આપને આમાં પડવાની મારી તો સલાહ નથી; એટલું જ નહિ, પણ આપ મારી પાસે શેર ન માગો એટલી વિનંતિ છે.

મગનભાઇ : (ગભરાઇને) એ શું બોલ્યા આપ? અમે આ બાબતમાં શું ધૂળ સમજીએ? આપે અભ્યાસ કર્યો છે, વિચાર કર્યો છે, અને આપનામાં વિશ્વાસ ન રાખીએ તો સૂરજ પશ્ચિમમાં ઊગે. મને તો શેર આપવા જ પડશે.

રણછોડલાલ : ના; એ જ ખોટું, મગનભાઇ! હું કંઈ પરમેશ્વર નથી. બેસવું હશે અને મારી હોડીમાં જગ્યા હશે તો જગ્યા આપીશ. ડૂબવાની ધાસ્તી હોય તો ના બેસવું. મારા કારભારની બાબતમાં વિશ્વાસ આપીશ, ધંધાના જોખમની બાબતમાં નહિ.

હઠીસીંગ : રંછોડભઇ! મારા ત્રણ શેર. પંદર હજાર ક્યારે મોકલું, બોલો?

મગનભાઇ : હઠીસીંગના ત્રણ ને મારા પાંચ.

રણછોડભાઈ : ભાઇઓ! એમ નહિ. બધાનો વિચાર કરવાનો છે. જ્યાંત્યાં વીસ શેર છે, ને મારી પાસે અનેકની માગણી છે. જુઓ આ પત્રો. પાંચ પ્રેમાભાઇ માગે છે, બે વાઇટ માગે છે, બે ફુલ જેમ્સ માગે છે, પાંચ ભાવનગર દરબાર માગે છે, બે ગૌરીશંકર ઓઝા માગે છે. એમાં જ એકવીસ થઇ ગયા; અને આપણે ત્રણે રહી ગયા.

મગનભાઈ : મેં તો આપને છ માસથી કહ્યું છે.

હઠીસીંગ : આપ અમને ભૂલો એ અમે માનવા તૈયાર નથી.

રણછોડલાલ : ના, નહિ ભૂલું. યાદશક્તિ પ્રભુની કૃપાથી ઠીક છે. અને શબ્દની મને કિંમત છે. હઠીસીંગજી, આપને એક શેર મળશે. મગનભાઈ આપને બે.

હઠીસીંગ : આપને તો પાંચે આંગળીઓ સરખી.

રણછોડલાલ : કબૂલ. પણ હોડીમાં કોઇને બેસવા માટે વધારે જગા જોઇએ, કોઇને ઓછી. (હસીને) મગનભાઇએ પહેલું કહેલું.

મગનભાઈ : હઠીસીંગ જ્યાં ત્યાં સાંકડે માંકડે બેસવાનું છે. જગા મળી એમ કહોને.

હઠીસીંગ : વ રૂ હવે; ક્યારે શરૂ થશે ?

રણછોડભાઈ : આગબોટ આવે ને સાંચા લાવે ત્યારે. આપણા દાદાભાઈ નવરોજજી મને લખે છે કે બેએક મહિનામાં આવી જશે.

મગનભાઈ : પણ મુંબાઈથી અમદાવાદ શી રીતે લાવીશું? સરકાર રેલની વાતો કરે છે, પણ રેલ તો હજી મોઢું યે બતાવતી નથી.

રણછોડલાલ : ખંભાત ઉતારીશું.

હઠીસીંગ : રંછોડભાઈ સાહેબ ! અમદાવાદ જો બંદર હોત તો કેટલું સારું ?

રણછોડલાલ : ન હોય તેથી ન થઈ શકે તેમ નથી. ઉદ્યોગ વગર બંદર કેવાં ? ઉદ્યોગ વગર કયું બંદર ટક્યું છે ? ખંભાત ગયું, ભરૂચ ગયું, સૂરતે ગયું. આપણે ઉદ્યોગ લાવીશું તો ઉદ્યોગ બંદરને લાવશે.

મગનભાઈ : (હસીને) અમદાવાદને ઉપાડીને આપ દરિયા પાસે લઈ જાવ !

રણછોડલાલ : ના દરિયાને અમદાવાદની પાસે લાવીશું. જોકે અત્યારે તો એ સ્વપ્ન છે.

હઠીસીંગ : વારુ, ખંભાતથી સાંચાઓ અમદાવાદ લાવવાનું કોણ કરશે ?

રણછોડલાલ : જેને ગરજ હોય તે રણછોડલાલ છોટાલાલ.

મગનભાઈ : અરે એ તે કંઈ આપનાં કામ ?

રણછોડલાલ : શેઠ, આપ મૂઆ વના સ્વર્ગે જવાયાં છે ? એમાં નાનમ શી? હું તો ઇજનેરની સાથે હથેડો પણ લેવાનું છું. એનું નામ જ પરસેવાના પૈસો. વળી હવે હું ક્યાં અમલદાર છું ?

હઠીસીંગ : જોઇશું સાહેબ !

રણછોડલાલ : તમને જોયે પાલવે, મને કર્યે પાલવે.

મગનભાઈ : હવે રજા લઉં ?

હઠીસીંગ : અને હું પણ ?

રણછોડલાલ : પધારો. અને મગનભાઈ! આપના બે, અને હઠીસીંગજી ! આપનો એક.

મગનભાઈ : બધા આપના જ છે.

★ **લેખક** : પછી સાંચા આવ્યા. રણછોડલાલ ખંભાત ગયા. ત્રણ માસ ત્યાં રોકાયા ને બળદગાડાંઓમાં સાંચા અમદાવાદ લાવ્યા. વિલાયતથી આવેલો એક ઇજનેર કૉલેરામાં ખપી ગયો. રણછોડલાલ હિંમત ન હાર્યા. બેએક વરસમાં મિલ ધમધોકાર ચાલી અને ખૂબ કમાવા લાગી. એમની વાહવાહ ચોટેચોટે બોલાવા લાગી. સાંભળો આ ત્રણ કાપડિયાઓને.

પહેલો : માણસ બડો બાહોશ. એક વાર સાંચા દરિયામાં ડૂબ્યા. પછી વળી ઈજનેર કોગળિયાનો ભોગ થયો. પણ રંછોડભાઈ ન ડગ્યા તે ન જ ડગ્યા.

બીજો : હા. મિલ મારી બેટી ધમધોકાર ચલાવી.

ત્રીજો : હાથે હથોડા લઇને કામ કરેલું, શેઠ! મારા ને તમારાથી એ ન થાય !

પહેલો : મારા ને તમારાથી શું, કોઈથી ન થાય ! નગરશેઠથી ય ન થયાં, ને ચૌટાના શેઠિયા હાથમાં ગજ લઇને બેસી રહ્યા.

બીજો : લાડવો ભાગ્યા વગર ધરઇને ખવાય છે? વાણિયો વેપાર કરી જાણે; કારભારાં ને કારખાનાં તો નાગરનાં

ત્રીજો : વાણિયાની ગુમાસ્તી કે શરાફી.

પહેલો : કે ગજ કાપડ ફાડવાનું.

બીજો : મીલના નફા વાંચ્યા? લંક લાગશે. ન્યાલ કરશે ને ન્યાલ થશે. સોના ત્રણસેં થયા, શું સમજ્યા ?

ત્રીજો : તગદીરની બલિહારી.

પહેલો : તગદીર તો કપાળમાં. હાથ ને અક્કલ ચલાવ્યા વગર કપાળમાં જ પડ્યું રહે. હામ ભીડ્યા વગર ધામ પહોંચાતાં નથી.

બીજો : વાત સવા સોળ આની. બીજો હત તો સાંચા ડૂબ્યા તેને દૈવ રૂઠ્યાં માની વાત બાજુએ મૂકત.

ત્રીજો : ને ત્યાર બાદ તરત ઈજનેરને કોગળિયું ખેંચી ગયું ત્યારે તો દૈવના કોપમાં શંકા જ ન રહેત.

પહેલો : એમ વાત છે, મારા શેઠ ! રંછોડભાઈ દૈવને ન ગાંઠ્યા. દૈવ એમને ગાંઠ્યો. એનું નામ તે રંછોડભાઈ. શું સમજ્યા ?

બીજો : નીકર 'મા મને કોઠીમાંથી કાઢ' એવો ઘાટ થાત. હું ને તમે તો હબકી જઇએ ને છાજિયાં લઇએ.

ત્રીજો : એટલેસ્તો હું ને તમે ગજ લઇને લુગડાં ફાડીએ છીએ.

પહેલો : ને એણે સાત પેઢીનો વિચાર કર્યો.

બીજો : સાથે અમદાવાદનો યે કર્યો ને ?

ત્રીજો : સાથે નહિ, પહેલો, મારા શેઠ! અમદાવાદની આબાદીમાં એણે પોતાની આબાદી જોઈ; ને અમદાવાદની આબાદીમાં આપણી ને આપણાં છોકરાંઓની આબાદી આવી ગઈ, સમજ્યા ?

પહેલો : કાનની બૂટ પકડું; ના કેમ કહેવાય ?

બીજો : ખરી સખાવત તે ઉદ્યોગ આપવો તે.

ત્રીજો : વાત સવા વીસ. પુનદાન તે કેટલાને પહોંચે ?

પહેલો : પુનદાન પોતાને માટે, ઉદ્યોગ સૌને માટે.

બીજો : સાંભળ્યું છે કે બીજી મિલ કરે છે ને લોઢા કોલસાની ખાણોની કંપની પણ કરે છે !

ત્રીજો : ને ખંભાતથી દરિયો લાવવાના છે !

પહેલો : એમ વાત છે! આપણે માનીએ કે કોલસો હાથ કાળા કરે.

બીજો : ને લોઢાં લવાર ટીપે.

ત્રીજો : અમદાવાદનું નામ બદલવું પડશે.

પહેલો : બદલ્યાં બદલાય છે ? રંછોડાબાદ કે રેંટિયાબાદ કહેવાથી શું વધારે છે ?

બીજો : સવા સોળ આની ને બે પૈ. અહમદશાહનો વારસ છે !

ત્રીજો : બહુ જીવો.

પહેલો : સો વરસ જીવો.

બીજો : સો મિલ કરો.

ત્રીજો : ને શહેરને તારો. લ્યો હીંડો.

પહેલો : આવજો, શેઠ !

★ **લેખક** : સંપત્તિ વધી જ ગઇ,—અમદાવાદની તથા રણછોડલાલની. બીજી મિલ થઇ. માધુભાઇને ઘેર દીકરો પણ થયો. એ દીકરો સમથ દાનવીર પાક્યો. સાઠ લાખની સખાવત કરી. બૅરોનેટ બન્યો. રણછોડલાલ અમદાવાદ મ્યુનિસિપૅલિટીના પહેલા પ્રમુખ થયા. અમદાવાદને તેમણે ગટર આપી ને ચકલીનાં પાણી આપ્યાં. બદલામાં ગાળો પણ ખાધી. હવે તમને મ્યુનિસિપૅલિટીની તેમની ઑફિસમાં લઇ જાઉં છું. રણછોડલાલ કામના કાગળો વાંચી રહ્યા છે. એક મ્યુનિસિપલ મેમ્બર મળવા આવે છે.

મેમ્બર : પ્રેસીડેંટ સાહેબ ! આ તો હવે હદ થાય છે. આખા શહેરમાં ખળભળાટ મચ્યો છે. ગટરની વાત પડતી મૂકવી જ ઠીક છે.

રણછોડલાલ : શહેરનો અભિપ્રાય જાણું છું. તમારો અભિપ્રાય જણાવો.

સભ્ય : સાહેબ ! વાત પડતી મૂકો.

રણછોડલાલ : એટલે કે શહેરનું મરણપ્રમાણ છે તેટલું રાખો.

સભ્ય : સાહેબ ! મરણ તો પ્રભુના હાથની વાત છે.

રણછોડલાલ : પ્રભુએ તે કામ પ્રમુખને સોંપ્યું છે.

સભ્ય : સાહેબ ! આમાં આપ જિદ્દ ન કરો.

રણછોડલાલ : મારે તમને એ જ કહેવું છે.

સભ્ય : લોકો બહુ વીફર્યાં છે. મામલો ગંભીર છે.

રણછોડલાલ : તમારે ઘેર બાળબચ્ચાં છે ?

સભ્ય : પ્રભુનાં આપ્યાં પાંચ છે.

રણછોડલાલ : એમની મા જ્યારે દવા પીવડાવે ત્યારે તે વીફરતાં નથી ? તે વખતે તમારાં પત્નીનો હાથ ઝાલવા તમે કદી ગયા છો ? ભાઇ, લગાર વિચાર કરો. પ્રમુખ તો શહેરની માતા છે.

સભ્ય : પણ આ તો વાત જ જુદી છે. આપણે તો શહેરની ઈચ્છા પ્રમાણે ચાલવાનું છે.

રણછોડલાલ : આપઘાત કરનારને કરવા દેવાય ? પોતાના શહેરીઓ જેમ બને તેમ વધારે મરે તેવી ઈચ્છા શહેરની તો ન હોય; તમારી પણ ન હોય.

સભ્ય : પણ લોકોને ન જોઈએ તે કંઈ તેમને પરાણે અપાય છે ?

રણછોડલાલ : ના; હું પરાણે મારવા નથી માગતો. જુઓ ભાઇ, તમારી ફરજ છે કે આ કામમાં તમારે પ્રમુખને મદદ કરવી. બાકી લોકપ્રિયતાના ક્ષણભંગુર લ્હાવા લેવા હોય તો તમારી મરજી.

સભ્ય : સાહેબ ! લોકમતને માન ન આપવું તે તો જોહુકમી.

રણછોડલાલ : લોકમતની તમે કરો છો તેવી વ્યાખ્યા અમલમાં મુકાશે ત્યારે દેશનું સત્યાનાશ વળશે. લોકમતને કેળવવાની ફરજ બજાવવી નથી ને લોકમતના નામે જ્યાંત્યાં ધીંગાણાં કરવાં છે ! હું લોકમતને કેળવવા આ ખુરસીમાં બેઠો છું, શું સમજ્યા ? સાહેબજી.

સભ્ય : સાહેબ !...

રણછોડલાલ : મેં શું કહ્યું ? સા-હે-બ-જી. બીજા મળવા આવનારા છે. સિપાઈ ! બીજા મેમ્બર સાહેબને મોકલ.

બીજો સભ્ય : સાહેબ !

રણછોડલાલ : બોલો.

બીજો સભ્ય : બહુ ખોટું થઈ રહ્યું છે.

રણછોડલાલ : તમે એમાં ભાગ ન લેશો.

બીજો સભ્ય : ચકલીનાં પાણીની વિરુદ્ધ શહેરમાં સભાઓ ભરાય છે. લોક ખળભળ્યા છે.

રણછોડલાલ : તમે તો શાંત છો ને ?

સભ્ય : પણ સાહેબ ! લોકમતની વાત છે, મારા મતની નથી.

રણછોડલાલ : બરાબર. મ્યુનિસિપલ મેમ્બર એટલે કોઈ પણ જાતના મત વગરનું ભૂંગળું, એ ભૂલ્યો.

સભ્ય : ના સાહેબ. લોકમતનું ભૂંગળું.

રણછોડલાલ : બરાબર. લોકને ચઢાવવા, ઉશ્કેરવા, ખોટે રસ્તે દોરવા અને પછી "લોકમત છે, લોકમત છે" એવાં ભૂંગળાં વગાડવાં. સામી ભીંતે લખી રાખજો કે આવી ડીમોક્રસી સત્યાનાશ વાળશે. હવે લોકની વાત પડતી મૂકો. તમને ચકલી સામે શું છે ?

સભ્ય : કૂવાનાં પાણી વધારે સારાં. ચકલી શુદ્ધ નહિ. વળી આમાં ધર્મનો પણ સવાલ છે. અને કૂવા હવડ પડી રહેશે તો કૂવાઓનું શું થશે ? ને ચકલાં બગડશે તો શહેર તરસે મરશે.

રણછોડલાલ : ભેજું હવડ બહુ ખરાબ ! અમદાવાદના કૂવાઓમાં ખાળકૂવાઓનાં ગંદાં પાણી ભળ્યાં છે. છતાં તમારે પીવું હોય તો મેં ક્યાં રોક્યા છે ? નકામાં શું કરવા માથાં ફોડાવો છો ? લગાર વાંચો, વિચારો અને પછી આવો. સાહેબજી.

સભ્ય : પણ સાહેબ !....

રણછોડલાલ : મેં શું કહ્યું ? સા-હે-બ-જી. બીજા મળવા આવનાર છે. સિપાઇ !

સીપાઇ : સાહેબ ! ટંકશાળની મીટિંગનો વખત થયો છે.

રણછોડલાલ : ગાડી મંગાવ.



ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણીના નામની ઓળખાણ 'કુમારના' જૂના વાચકોને તો આપવાની જરૂર ન જ હોય. ભાવનગરના વતની એ કુમારે દક્ષિણામૂર્તિભવનમાંની વિદ્યાર્થી અવસ્થાથી લખવા માંડેલાં કાવ્યોદ્વારા 'કુમારે' જ એમનો પહેલો પરિચય ગુજરાતને કરાવ્યો; અને ત્યારથી માંડીને ગુજરાત વિદ્યાપીઠ અને શાન્તિનિકેતના અભ્યાસકાળ દરમ્યાન ઉત્તરોત્તર વિકસતી જતી એમની શક્તિઓ કાવ્યો, ગીતો અને નાટકો દ્વારા 'કુમાર'નાં પાનાંઓ ઉપર સૌથી વિશેષ ચમકી છે. ૧૯૩૪માં અમેરિકા જઇને અભ્યાસની સાથે તેમણે પોતાની લેખન-પ્રવૃત્તિ પણ વધારી; અને હિંદની રાજકીય તથા સાંસ્કૃતિક અસ્મિતાનું સાચું સ્વરૂપ અમેરિકાના લોકો આગળ રજૂ કરવાના સફળ પ્રયત્નો જે થોડા હિંદીવાનોએ કર્યાં છે તેમાં એ મોખરે આવી ગયા. આજે એ અમેરિકામાંની ઇન્ડિયા લીગના ઉપપ્રમુખ છે. આ માસમાં સ્વદેશ આવેલા અમારા એ જૂના મિત્રનું અમે આનંદભર હૃદયે સ્વાગત કરીએ છીએ.

★ **લેખક** : ગટરની સામેની સભામાં રણછોડલાલ આવે છે. ગાડી પર કાંકરા પડે છે. રણછોડલાલ ઊતરે છે ને ગાળોનો વરસાદ વરસે છે.

પહેલો : રંછોડિયા ! આ તો ગટર નથી ખોદાતી, તારી ઘોર ખોદાય છે.

બીજો : જીવતાં નરકમાં પડવું હોય તો પડ, શહેરને શું કરવા નાખે છે ! નથી જોઈતી તારી નરકખાણ. રાખ તારા ઘરમાં

ત્રીજો : એ તો ધરમ વટોળવા બેઠો છે. રંછોડ નથી, રાક્ષસ છે.

ચોથો : ચકલીમાં શેનાં સાબરમતીનાં પાણી ? ગામનાં મળમૂતર પીવડાવવાનો છે. પીજે તું ને તારું ઘર.

જુવાનિયાઓ : અલ્યા બોલો 'રંછોડ રૈંટિયો, થાય છે ભંગિયો !'

બધા : 'રંછોડ રૈંટિયો થાય છે ભંગિયો.'

પહેલો : ઝાલો એનો ચોટિયો.

બીજો : દાબો એનો હેડિયો.

ત્રીજો : મારો એને મેંડિયો. (રણછોડલાલ ઉપર કાંકરા પડે છે. રણછોડલાલ ભાષણ કરવા ઊભા થાય છે)

રણછોડલાલ : ભાઈઓ !

અવાજ : બેસી જા, રાક્ષસ !

રણછોડલાલ : ભાઈઓ; તમે મને સાંભળવા આવ્યા છો, તમને નહિ. અમદાવાદમાં ગંદકી ઘણી છે, તેમાં શબ્દોની ગંદકી શું કરવા ઉમેરો છો? મળમૂત્રની ગંદકી સારૂ ગટર આવશે, પણ શબ્દોની ગંદકી સારૂ મારી પાસે કંઈ નથી. ગટર એ મારી ઘોર નથી, શહેરની ગંદકીની અને તમને ખોટું ભરાવનારાઓના દુરાગ્રહની ઘોર છે. મરેલાંઓ કે જેમની સંખ્યા જીવતાંઓ કરતાં ઘણી વધારે છે તેઓના મત ગણીએ તો મારી બહુમતી મોટી છે

એક અવાજ : તમે મરેલાંઓમાં ભળો અને બહુમતી વધારો.

રણછોડલાલ : હું ભળીશ, પણ તમને જીવતા રાખીને, તમારો ક્રોધ શમાવીને સાંભળો. ગટરના અને ચકલીના ફાયદા અને ગેરફાયદા તોળી જોશો તો રણછોડ રાક્ષસ નહિ પણ માણસ લાગશે. અકાળે મરેલાં જો કહેવા આવી શકે તો મને જરૂર ઠપકો આપે કે મેં ગટર મોડી આણી. મારે તો આમ જીવતાં ને મરેલાં બધાંના ઠપકા ખાવાના છે. પણ હોય ! ભંગી અને વણકરને તો નસીબમાં વતરાં ને ગાળો લખેલાં જ હોય !

એક અવાજ : આપને કોણ ગાળો દઈ શકે?

રણછોડલાલ : જેમની હું સેવા કરૂં તે; બીજા કોણ

બીજો અવાજ : આપની સેવાઓની કોણ ના પાડે છે?

રણછોડલાલ : એ જ દુઃખ છે. કોઈ ના પાડતા નથી. અને હું ના પાડું તો ગાળો સાથે કાંકરા નહિ પણ લાકડીઓ ખાઉં. (ગંભીર અવાજે) હું તમારો ગુલામ, એટલે મારે ગાળો, માર, મહેણાં ને ઠપકા બધું સહન કરવાનું. અને ગુલામને બીજું મહેનતાણું શું હોય?

ત્રીજો : આપ તો અમારૂં નાક છો.

રણછોડલાલ : હા. અને તે પણ તમારૂં. તો કાપવું હોય તો કાપી નાખો. (ખિન્નતાથી) આજે મારૂં દિલ બહુ દુઃખે છે. જે અમદાવાદને મેં મારૂં માન્યું ને જેનો હું થયો, જેની ખાતર મેં મારી જાત ઘસી, જેના દુઃખે રોયો ને સુખે હસ્યો, તે અમદાવાદે મારા દિલમાં જખમ કર્યો! મારામાં વિશ્વાસ મૂકીને મારો વિશ્વાસઘાત કર્યો!

ઘણા અવાજો : ના, ના, ના. વિશ્વાસ છે, પૂરો વિશ્વાસ છે.

રણછોડલાલ : (મોટેથી) તો વિશ્વાસ મૂકી જાણો. ને હું જે કરૂં છું તે તમારી ખાતર, તમારી પ્રજા ખાતર, તેની પ્રજા ખાતર, અને (દર્દથી) અકાળે મરી ચૂકેલાં બીચારાં અનેક બાળબચ્ચાં ને જુવાનિયાંના દુઃખી આત્મા ખાતર, કરવા દો, કરવા દો. (તાળીઓના ગડગડાટ)

★ **લેખક** : અને અમદાવાદને મીલ આપનારે તેને ગટર અને વૉટર વર્ક્સ પણ આપ્યાં. હવે આપણે લગાર તે કાળના પ્રાર્થના સમાજમાં ડોકિયું કરીએ ને રણછોડભાઈને, તેમના મિત્રો, ભોળાનાથ સારાભાઈ, મહીપતરામ રૂપરામ અને ગોપાળરાવ દેશમુખ સાથે મળીએ. મહીપતરામ બોલતા સંભળાય છે અને એક ધાતુની મૂર્તિ ઉપર પેન્સિલના પ્રહારો કરી રહ્યા છે.

મહીપતરામ : મૂર્તિમાં જો સત હોય તો થઈ જ રહ્યું ! જુઓ, આ મૂર્તિ શું ઈશ્વર છે ? લાલજી ! તમારામાં જો સત હોય તો બોલો. ક્યાંથી બોલો ? તમે ફક્ત ધાતુના ટુકડા છો. શું સમજ્યા ? જડ છો. નીકર પેન્સિલના માર સહન કરો ? બોલો ! શેના બોલો ? ગૃહસ્થો, જોઈ લો. સુધારાએ સાબિત કરી આપ્યું છે કે મૂર્તિપૂજા દંભ છે, પાખંડ છે, વહેમ છે, બુદ્ધિહીનતા છે, જડતા છે, અને સુધારાના સૂરજે આજે ચોમેર ઝગઝગાટ કરી નાખ્યો છે. જુઓ ! આ મૂર્તિને હવે હું આ પત્થરથી ત્રણ વાર જોરથી ઠોકું છું કે જેથી કશી જ શંકા ન રહે.

રણછોડલાલ : પરમાત્માની સહનશીલતા મણી પાડ માનજો. મહીપતરામભાઈ, જો તમારા કે મારા માથે આમ ફટકા પડે તો આપણે સહન ન કરી શકીએ ને બૂમો પાડીએ. પણ તેથી આપણે ઈશ્વર સાબિત થઈશું ?

મહીપતરામ : રણછોડભાઈ ! તમારા હૃદયમાં ઊંડે ઊંડે હજી મૂર્તિપૂજા તરફ પ્રેમ છે. તમારી દલીલ બરાબર નથી. આ ઈશ્વર નથી એટલું જ નહિ પણ માણસ પણ નથી. તે હવે સાબિત થાય છે. જો મનુષ્ય હોત તો વેદનાથી બૂમ પાડી હોત, અને જો ઈશ્વર હોત તો મારો હાથ થંભાવી દીધો હોત. બેમાંથી એકે બન્યું નથી, એટલે મેં કહ્યું તે જ સત્ય છે. જુઓ આ છેલ્લી વાર લાલજીને માથે પેન્સિલનો એક ફટકો મારૂં છું. હ્યો—ઓ—ઓ—ઓ !

રણછોડલાલ : જોયું ? પેન્સિલ તૂટી ગઈ ! સત વગર આવું બને ? મહીપતરામભાઈ ! હવે લાલજીને બહુ ન મારશો, હોં ! એમાં સાર નથી. ને પેન્સિલ સમાજની હતી તે તોડી માટે કાલે આખી પેન્સિલ લેતા આવજો.

મહીપતરામ : તમારા લાલજીમાં સત હોય તો તેની કનેથી માગી લો.

ભોળાનાથ : મહીપતરામભાઈ ! મૂર્તિઓને મારવા માટેનાં ખાસ સાધનો કહો તો સમાજ વસાવે. કેમ રણછોડભાઈ.

રણછોડલાલ : (બહુ ધીમેથી) મૂર્તિને આજે એ મારવા ઉપર ચઢ્યા છે ને એને ઘોબા નહિ પાડે ત્યાં સુધી નહિ જંપે ! ભોળાનાથભાઈ તમે કૈં કહો.

ભોળાનાથ : મહીપતરામભાઈ ! એ મૂર્તિ આપણે જેની હતી તેને સાજી સમી સોંપવાની છે. માટે જો એને શિક્ષા કરવી હોય તો પણ એને નુકસાન ન થાય તેવી રીતે કરજો.

રણછોડલાલ : હા, એ તો મારા ચીનુનું રમકડું છે. વળી એ કંઈ પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ નથી. પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ તે માર ખાવા સમાજ સુધી આવે ય ખરી ? કેમ, ગોપાળરાવ ?

ગોપાળરાવ : હા; શું મારા ભઈ મહીપતરામ ! બાપડા બાળકના રમકડાને ટીચી નાખ્યું ! છોડો હવે.

મહીપતરામ : રણછોડભાઈએ સાચું જ કહ્યું છે. પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ સમાજ સુધી આવવાની ધૃષ્ટતા જ ન કરે.

રણછોડલાલ : આજથી નિયમ કરો કે મૂર્તિને કદી માર ન મારવો. આપણે તેને આપણા જેવી કલ્પી લઈ તે જવાબ ન આપે તેથી ક્રોધ કરવો પડે અને ક્રોધ કરવાથી લોહી ગરમ થાય અને પેન્સિલો તૂટે ! કેવી સારી પેન્સિલ તમે તોડી નાખી ! અને તે કેવા કારણે ? અમદાવાદને ઉદ્યોગની, પાણીની, ગટરની, ઉદ્યાનોની, ઇસ્પિતાલોની જરૂર છે કે નહિ તેની ચર્ચા માટે નહિ, પણ ધાતુની મૂર્તિમાં સત છે કે નહિ તે ખાતર !

મહીપતરામ : એક પેન્સિલ તૂટી તેમાં તમે મારા પર પિસ્તાળ પાડી. અને ચીનુને રમકડું તે આવું અપાય? સાચો પ્રાર્થનાસમાજી મૂર્તિને રમકડાંમાં આપે ? બાળકને કેવા સંસ્કાર પડે ?

ભોળાનાથ : અને સાચો સનાતની લાલજીને મહીપતરામને સ્વાધીન કરે ? કેમ ગોપાળરાવ ?

ગોપાળરાવ : રણછોડભાઈ કોનું નામ ? હરામ છે એમને સુધારામાં કે પ્રાચીનતામાં કશામાં યે શ્રદ્ધા હોય તો !

રણછોડલાલ : ભાઈ, મને તો બંનેમાં શ્રદ્ધા છે; પણ સૌથી વધારે સમાધાનમાં છે.

મહીપતરામ : હસવું ને લોટ ફાકવો સાથે તો રણછોડભાઈ જ કરી શકે. કેમ ભોળાનાથભાઇ ?

ભોળાનાથ : હા. અને રણછોડભાઇ ! બધામાં સમાધાન સારૂં, અંતઃકરણના વિષયમાં નહિ.

રણછોડલાલ : ભોળાનાથભાઈ ! સમાધાન વગર શાંતિ સંભવે જ નહિ. અને અંતઃકરણને તો શાંતિની સૌથી વધારે જરૂર.

ભોળાનાથ : ખરૂં; પણ ઇશ્વર બાબતમાં એકકે સિદ્ધાંત વગર અંતઃકરણમાં શાંતિ ન થાય.

રણછોડલાલ : (ધીમેથી) ઇશ્વરને આપણાં માનસિક કાટલાંથી તોળીએ તે વ્યાજબી છે ? સાકાર ને નિરાકારની ચર્ચા વખતે વિસરીએ છીએ કે ઇશ્વર સર્વશક્તિમાન પણ છે. ને સર્વશક્તિમાન તો સાકારે થાય ને નિરાકારે થાય. એમાં આમ જ છે ને આમ નથી, એવા આપણા આગ્રહો શોભે ? મારામાં, આપનામાં, ગોપાળરાવમાં, મહીપતરામભાઇમાં, પશુમાં, પંખીમાં, વૃક્ષમાં, પાણીમાં, પ્રાર્થના સમાજમાં, મંદિરમાં, એમ એ કયાં નથી !

ભોળાનાથ : પણ એ તો આપણે સમાજીઓ કહીએ જ છીએ.

રણછોડલાલ : પણ આપણે ઇશ્વરને એકલો નિરાકાર માની તેની સાકાર થવાની શક્તિને હસીએ છીએ એનું નામ દુરાગ્રહ.

મહીપતરામ : મેં શું કહ્યું'તું ભોળાનાથભાઇ ? એમને સિદ્ધાંત જ નથી.

ભોળાનાથ : રણછોડભાઇ ! ત્યારે તમે શું પ્રાર્થનાસમાજી નહિ ?

રણછોડલાલ : કેમ વારૂ નહિ ? સમાજનો સિદ્ધાંત ખોટો છે એવું મેં કયારે કહ્યું ?

મહીપતરામ : સનાતનીઓ ખોટા છે એવું પણ કયારે કહ્યું ?

રણછોડલાલ : કોઇને ખોટો કહેવા જેટલું જ્ઞાન મારામાં હોય તો જરૂર કહું. લ્યો ચાલો, જઇશું ? મહીપતરામભાઈ ! તમને ફેતારેતો જઈશ. ચાલો. પણ જરાક બે મિનિટ ભદ્રકાળીજીના મંદિર આગળ ખોટી કરૂં તો માફ કરશો.

મહીપતરામ : સેંકડો વર્ષથી દેશ ખોટી થયો તો તમારી બે મિનિટથી શું ?

★ **લેખક** : આમ રણછોડલાલ મિલમાં યે જતા, મ્યુનિસિપૅલિટીમાં યે જતા ને પ્રાર્થનાસમાજમાં યે જતા. મિલનો ઉદ્યોગ ફાલ્યો ને ફળ્યો. મ્યુનિસિપૅલિટીમાં તેમનું નામ ન ભુંસાય તેમ લખાયું. પ્રાર્થના સમાજમાં તે ભાષણો આપતા, પણ ઘેર આવી સનાતનીને શોભે તેમ પંચાયતન દેવની પૂજા કરતા. અને છેવટે તે ધારાસભામાં પણ ગયા. હવે તેમની છેલ્લી સાંજે મળીએ. રણછોડલાલ એમના આલીશાન બંગલાની અગાશીમાં એકલા આરામ ખુરશીમાં બેઠા છે, ને સૂર્યાસ્તના રંગોથી રંગાએલાં સાબરમતીનાં પાણી નિહાળી રહ્યા છે. ત્યાં પાછળથી એક અવાજ આવે છે.

અવાજ : બેટા !

રણછોડલાલ : કોણ ?

અવાજ : ન ઓળખ્યો ? હું અહમદશાહ. બોલ, શી ઈચ્છા છે ?

રણછોડલાલ : કશી જ નથી. થાકી ગયો છું, માટે ઊંઘવાની.

અવાજ : બેટા ! કાલથી લાંબી ઊંઘ લેજે. આજ છેલ્લી સાંજ મારી સાથે આળસ મેં કેટલું કર્યું ?

રણછોડલાલ : હાં, મિલ કરી ને ઉદ્યોગ આપ્યો; ગટર અને ટાંકી કરી ને આરોગ્ય આપ્યું.

અવાજ : મને ખાત્રી હતી. કેમ, જીવનનું સરવૈયું કાઢયું ?

રણછોડલાલ : ના જે કર્યું તે આપે કરાવ્યું સારા માટે કે ખોટા માટે તે આપ જાણો. બાકી મિલો તો નીકળ્યે જાય છે. મિલો પૈસા વધારે છે ને પૈસા મિલો વધારે છે. બીજું કંઇ લાગતું નથી.

અવાજ : બેટા ! તું અને હું તો કરી છૂટયા. હવે અમદાવાદનું પ્રારબ્ધ. તારા અનુયાયીઓ એટલું સમજે તો સારૂં કે દ્રવ્યના ત્રણ રસ્તા છે દાન, ભોગ અને નાશ ! સાબરમતીનો કાંઠો ભોગભૂમિ નથી, ઋષિઓની તપોભૂમિ છે. માટે દ્રવ્યનો ભોગ અહીં નિર્માણ નથી; બીજા બે જ રસ્તા છે. ગભરાઈશ નહિ; તારો પૌત્ર પહેલો માર્ગ પકડશે.

રણછોડલાલ : મારે કયાં જોવા આવવું છે ?

અવાજ : એ ભૂલ છે. હું પણ મારી છેલ્લી સાંજે એમ જ માનતો હતો.

રણછોડલાલ : ત્યારે શું મારે પાછું આવવાનું છે ?

અવાજ : જન્મવું નહિ, લાંબે ગાળે હવે હું નહિ આવું. તું આવજે.

રણછોડલાલ : આજ તો મારી છેલ્લી સાંજ ને ?

અવાજ : હા, તારા આ શરીરની. આવજે.

★ **લેખક**: રણછોડલાલ પોતાની છેલ્લી સાંજના વિચારમાં આંખો બંધ કરે છે પછી પૌત્રને બૂમ પાડે છે.

રણછોડલાલ : ચીનુ !

ચીનુભાઇ : આવ્યો દાદાજી, કેમ ?

રણછોડલાલ : જરાક થયું કે તને બોલાવું વાંચતો હોઇશ.

ચીનુભાઈ : હા. ઇશાવાસ્ય ઉપનિષદ્

રણછોડલાલ : લાગ્યું કે એવું કૈં હશે. એમાં શું છે ?

ચીનુભાઇ : દાદાજી, એમાં શું નથી ? સાંભળો...

> इशावास्यं इदं सर्वं यत्किंच जगत्यां जगत्
>
> तेन त्यक्तेन भुंजीथा मा गृधःकस्यस्विद्धनं।

એટલે કે આ સઘળું વિશ્વ પરમાત્માથી ભરેલું છે જે છે તે તેને અર્પણ કરીને ભોગવ. લેભ છોડ. ખરે ! આ દ્રવ્ય કોનું છે ?

રણછોડલાલ : કોનું છે ?

ચીનુભાઈ : પરમાત્માનું. પરમાત્માની મિલ્કતના આપણે માત્ર ટ્રસ્ટીઓ છીએ.

રણછોડલાલ : સારી વાત છે; પણ બધું દાનમાં ન આપી દેતો

ચીનુભાઈ : દાદાજી ! ભોગ અને નાશમાંથી બચે તે દાનમાં આપવું, તેના કરતાં દાનમાંથી બચે તે ભોગવવું એ મારૂં સૂત્ર છે.

રણછોડલાલ : આગળપાછળનો જરાક વિચાર કરજે, ભાઈ !

ચીનુભાઈ : દાદાજી ! એ અભિમાન પરમાત્માને જ શોભે. ચાલો જઈશું ?

રણછોડલાલ : હા વખત થઈ ગયો છે (અટકીને) તારે જે કરવું હોય તે કરજે; પણ મારી પાછળ બહુ ખરચ ન કરતો. મારા બાપ કરોડપતિ નહોતા.

ચીનુભાઈ : (હસીને) જોઇશ.

★ **લેખક**: અમદાવાદને મિલ, ગટર, પાણીની ટાંકી અને સૌથી વધારે તો દાનવીર પૌત્ર આપનાર નીચે સૂવા ગયા તે પછી ઊઠયા નહિ.

('રણછોડલાલ અને બીજાં નાટકો' નામના લેખકના આગામી સંગ્રહમાંથી- લેખક તથા ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી).

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો —— લેખક

[૩૧]

ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

ભારતમાતાને મેં ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ ચારે દિશાએથી જોઈ છે, અને જ્યાંથી જોઇ છે ત્યાંથી રૂપરૂપના ભંડાર જોઇ મારાં ચક્ષુ ધન્ય થયાં છે.

વર્ષાઋતુમાં દક્ષિણનો સહ્યાદ્રિ પર્વત જોવા મળે એ પણ સદ્‌ભાગ્ય ગણાય. હમણાં મુંબાઇથી પુણે જતાં આવતાં પશ્ચિમઘાટની શોભા મેં પેટ ભરીને જોઇ. પર્વતનાં શિખરો ને તળેટીઓ લીલાંછમ બની ગયાં હતાં. અસંખ્ય ઝરણાં, ધોધ, સરિતાઓ ને સરોવરોથી એ ગિરિપ્રદેશ મનોહર બન્યો હતો. ખંડાલા, લોનાવલા, મુળશીપેઠા વગેરેની કુદરત તો અલૌકિક હતી. એના સૌંદર્યના અનુસંધાન દ્વારા મગ્ન બની મેં ચાલતી ગાડીએ પણ ઇશ્વરનાં ધ્યાન ને ઉપાસનાના આનંદ પેટભરીને ભોગવ્યા.

પુણામાં મૂઠા નદીને કિનારે, એક બંગલાને ત્રીજે માળેથી સૃષ્ટિસૌંદર્ય માણવાનો અપૂર્વ અવસર મને મળ્યો. નદીકિનારા પર પહેલી રાત, મધ્યરાત ને પાછલી રાતની ભિન્નભિન્ન પ્રકારની બદલાતી શોભા આટલી નિકટતાથી જોવાની તક મને કદી મળી નહોતી. નીલ આકાશમાં ઝગતા તારાનાં તથા વીજળીના દીવાઓનાં પ્રતિબિંબથી મંડિત રૂપેરી સરિતા આછા અલંકારો સજેલી પવિત્ર સૌભાગ્યવતી જેવી લાગતી હતી. પાછલી રાતે તો પછી ચાંદની ખીલી પહેલાં એ ચાંદનીના આછા પ્રકાશમાં અને પછી પ્રાતઃકાળ થતાં ઉષાના મનોહર રંગોમાં નદી, નદીના બંને કિનારા, પાછળના પહાડો ને મનોહર આકાશ મેં જોયા જ કર્યાં. કોઇ પર્વની ઉજવણી માફક મેં એ રાત ને પ્રભાતના મીઠા કલાકો સાત્ત્વિક નિરાંતથી માણ્યા.

પછી મેં પુણામાં પર્વતી, ચતુર્શિંગી, સંગમેશ્વર, બંદ ગાર્ડન, લશ્કર(છાવણી), મૂળાનો પૂલ તથા શનવારપેઠના પેશ્વાવાડા જોયાં.

પર્વતી પરથી પરથી આખું પુણા, એની બંને નદીઓ સાથે નજરે પડતું હતું. બાજીરાવના કતારા, મેડીઓ, છજાં, અટારીઓ અને ઝરૂખા તથા ટંકારખાનાંની ને સુરંગોની ઐતિહાસિક જગ્યાઓ, જૂના ઇતિહાસને મનોચક્ષુ આગળ પ્રત્યક્ષ કરી રહ્યાં છે. અહીંની લક્ષ્મીનારાયણની મૂર્તિઓ મને ગમી, પરંતુ હરિજનોને મંદિરમાં પ્રવેશની હજી બંધી છે એ પાટિયા પર વાંચ્યું ત્યારે તો જે જાળીવાળી બારી એથી હરિજનોને દર્શનની છૂટ છે તે બારી થી જ સાચાં દર્શન કર્યાં.

ચતુર્શિંગી ઉપર જવાનું ટૂંકી જની છાવણીઓને રસ્તેથી હતું. લડાઇને પ્રસંગે લાખો રૂપિયા ખરચીને કરેલાં મકાનો અને સાધનો આજે વેરણછેરણ થઈ રહ્યાં હતાં. અહીંથી ફરગ્યુસન કૉલેજ અને એનાં છાત્રાલય દૂરથી દેખાતાં હતાં. એ કૉલેજની સંસ્કૃતિએ, દક્ષિણ અને ગુજરાતને જે અલભ્ય લાભ આપ્યા છે તે ઋણના બદલામાં એ સ્થળેથી મેં એ સંસ્થાને પ્રણામ કર્યાં. મંદિરમાં તો સવારને વખતે કોઇ પૂજારી પણ ન હતો, એટલે માતાજીનાં દ્વાર બંધ હતાં. પણ ખરાં માતાજી તો ત્યાંથી જ્યાં નજર નાખો ત્યાં—ખેતરો અને મેદાનોમાં, પહાડ ઉપર અને પુણા નગરીના સત્ત્વમાં જોવાતાં હતાં. બહુ દહાડે પહાડ ઉપર ચડવાનું મળવાથી મને આનંદ થયો અને જે ઘાટોને આગગાડીમાંથી દૂરથી જોયા હતા તે તો સ્પર્શ પામીને માતા પૃથ્વી સાથે મેં એકતાનો અનુભવ કર્યો.

બંદ ગાર્ડન તો ત્રણેક વખત જઈ આવ્યો. બાગનાં ફૂલો, વૃક્ષો બેઠકો ને એકાન્ત રસ્તા ઉપરાંત ખરી મઝા તો પૂલ પરથી નદીના પાણીનો આખો ધોધ પડતો જોવામાં છે. ચારે કાંઠે ભરપૂર પાણી વહી રહ્યાં છે પશ્ચાતભૂમિમાં દૂરદૂર ભૂરા પર્વત શોભે છે અને કિનારે બાગનાં વિશાળ વૃક્ષો પર પંખી કિલકિલાટ કરી રહ્યાં છે. બંધથી આગળ દૂરદૂર સુધી જતી નદી ગ્રામ્ય ને ખરબચડી ભૂમિથી અંકિત ખેતરોમાંથી જતી કોઈ ભરવાડણ જેવી લાગે છે.

જુલાઈની ધારાસભા પૂરી થાય તે પહેલાં જ્ઞાનેશ્વર મહારાજનું જન્મસ્થાન આળંદી જોવું હતું. પણ આળંદી જતી મોટરબસ ચાર વાગે ઉપડવાની હતી અને અમે તો એક વાગ્યાના બસ સ્ટેશને પહોંચી ગયા! વચલો જે વખત મળ્યો તે દરમિયાન અમે શનવાર પેઠમાં આવેલા પેશ્વાવાડાના બળતાં બચેલા મહેલની આગલી મેડીના ઐતિહાસિક ખંડમાં જઇને બેઠા. "આપણા પૂર્વજોનું સ્મરણ કરાવતું આ સ્થળ બગાડશો નહિ." એવાં પાટિયાંએ અમારા મન પર બહુ અસર કરી. પેશ્વાઓથી આજ સુધીનો ઇતિહાસ નજર સમક્ષ તરી રહ્યો. સ્વધર્મ અને સ્વરાજ્ય સ્થાપન કરવાના પેશ્વાઓના મનોરથો ક્યાંના ક્યાં ઊડી ગયા અને છ હજાર માઇલથી વેપાર કરવા આવેલા અંગ્રેજો હિન્દના સર્વસત્તાધીશો બન્યા. ફરી પાછો નાટકનો પ્રવેશ બદલાયો ને 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે—અને તે હું લઇશ જ' એમ પોકારતા લોકમાન્ય ટિળક પ્રકટ્યા; ને એમના દેહવિલય પછીના આ પચ્ચીસીમાં દેશે ખેડેલી લડતોને અંતે આવી પહોંચેલી દીલ્હીની વાટાઘાટોનાં શુભ પરિણામોની આશામાં, ભારે હૃદયે અમે એ ઐતિહાસિક સ્થળને પ્રણામ કરીને આળંદી જવા માટે નીકળ્યા.

આળંદીનો રસ્તો ભવ્ય હતો. પહાડો, તળેટીઓ અને ખેતરો એટલાં લીલાંછમ બની ગયાં હતાં કે એ આખું દૃશ્ય નીલગિરિના પ્રદેશનું સ્મરણ કરાવતું હતું. નાની ઇન્દ્રાયણી નદી પૂરથી મસ્ત સુંદર બની હતી અને યાત્રાનો દિવસ નહિ હોવાથી મંદિરો તથા બીજાં જોવાલાયક સ્થળો શાન્તિપૂર્વક જોઈ શકાયાં. એક મંદિરના છજામાંથી નદી બહુ જ સુંદર દેખાતી હતી. મેઘાચ્છાદિત આકાશમાંથી અવારનવાર ડોકિયાં કરતો સૂર્ય આખી પશ્ચિમ પૂર્વ વહેતી નદીને દેદિપ્યમાન બનાવી દેતો. આળંદીની પવિત્રતા, વાતાવરણની સાત્ત્વિકતા ને સૃષ્ટિસૌન્દર્ય તીર્થને યોગ્ય હતાં નિવૃત્તિનાથ જ્ઞાનદેવ, સોપાન અને મુક્તાબાઈ જેવાં ઉચ્ચ સંતો ને ચાંગદેવ જેવા પંડિત ને યોગીની મૂર્તિઓ ત્યાં જોઈ. તુકારામના શિષ્ય મલ્લાપાના સમાધિ મંદિરમાં અમને તુકારામના અભંગોની હસ્તલિખિત પ્રતો જોવા મળી. એ જગ્યાએથી ઈન્દ્રાયણીનો તટ રળિયામણો લાગતો હતો.

સ્વ. રાનડેએ મહારાષ્ટ્રના સંતો વિષે જે પુસ્તક લખ્યું છે તેની ચર્ચા કરતા અમે, સંતો અને તીર્થો વડે આપણાં લોકજીવન કેવાં સંસ્કારી ને સંતોષી રહી શક્યાં છે તથા બીજી પ્રજાઓના પ્રમાણમાં આપણાં અભણ ગણાતાં સ્ત્રીપુરુષો પ્રભુભક્તિથી કેવાં તરબોળ ને કેવાં નીતિ તથા ચારિત્ર્યવાન આજ દિન સુધી રહ્યાં છે એ વિષે વાતો કરતાકરતા અમે પુણે પાછા આવ્યા.

ફેરગ્યુસન રોડ પર ફરતાં મને બાપુ ગોખલેની સ્વદેશભક્તિ અને વીરતા સાંભર્યાં. અને મનમોહનદાસ રામજીના બંગલાના બગીચામાં બેસી સવારે ઉપનિષદો વાંચવામાં અને ચાંદની રાતોમાં અગાશીમાંથી પ્રભુપ્રાર્થના કરવામાં જે સમય માણ્યો છે તે તો કદી ભુલાય એમ નથી. (ચાલુ)



માધુકરી

આવો બ્રાહ્મણ ને આર્ય, આવો શદ્રો અનાર્ય,
આવો ક્રિસ્તાન, મુસલમાન ને અછૂતો,
આવો આવો પતિત, નિશ્ચલ નિશ્ચિત ચિત્ત,
માની મુક્તિના સર્વ સરખા દૂતો.
માના અભિષેક તણો મંગલ આ કુંભ ઊણો,
સહુને સ્પર્શે જશે ભરાઈ પુણ્યનીરે :
(રવીન્દ્રવીણા) - - ભારતભૂમિને લોકસાગર-તીરે

રા. બ. રણછોડલાલ છોટાલાલ સી. આઇ. ઈ.

જેમનું જીવનદર્શન કરાવતી રેડિયો-નાટિકા આ અંકમાં પ્રકટ થઇ છે તે મહાન અમદાવાદી જ નહિ, પણ મહાન ગુજરાતી રણછોડલાલ છોટાલાલની મહત્તા આપણે બહુ ઓછી પ્રીછી છે. હિંદમાં મીલઉદ્યોગની સૌ પહેલી સ્થાપના કરી અમદાવાદને સમૃદ્ધ અને અગ્રણી શહેર બનાવનાર એ સાદા પણ ઝીણી બુદ્ધિના ને બાહોશ નરની જીવનરેખા હવે પછી આપવા ધારી છે. દરમ્યાન, એમનો અંગત સંપર્ક પામનાર સ્વ નરસિંહરાવ ભોળાનાથે 'સ્મરણમુકુર'-માં નોંધેલાં સ્મરણોમાંનાં નીચેનાં અવતરણ એમના વ્યક્તિત્વનો ખ્યાલ આપી રહેશે.

'રણછોડલાલ છોટાલાલ: અમદાવાદને, સૂતરની મિલનો ઉદ્યોગ પ્રથમ સ્થાપીને, મ્યુનિસિપાલિટીમાં પ્રેસિડેન્ટની પદવી લેઇ અનેક આરોગ્યાદિકને પોષક સુધારા દાખલ કરીને, નગરોમાં ઉચ્ચ પદવી આપનાર રણછોડલાલ છોટાલાલ; ભોળાનાથના બાલમિત્ર; પાછળથી સી. આઇ. ઈ. પદ પામેલા; પુત્રપૌત્રને અઢળક ધન આપનારા, જેને પરિણામે એમના પૌત્ર સર ચીનુભાઇ બૅરોનેટની અસાધારણ પદવી મેળવી શકયા, તે રણછોડલાલ છોટાલાલ. રોજ સાંજ થતાં પહેલાં રણછોડભાઈને આવવા બેસવાનું સ્થાન ભોળાનાથનું ઘર.


✽ ✽ મહીપતરામ વિલાયત જઈ પાછા આવ્યા તેમને નાતમાં લેવા કે એ પાતકીનો નિતાન્ત બહિષ્કાર કરવો એ ચર્ચા નાતજાતમાં ચાલ્યાથી સમુદ્રગમનનો પ્રશ્ન બહુ જોસભેર મંડળમાં ચર્ચાય છે. રણછોડભાઈ એમની ઠાવકી વાણી અને શૈલીથી કહે છે: 'જુઓ, ત્યાં ઘઉં મળે છે, ચોખા મળે છે, દૂધ મળે છે; શા માટે હિંદુ પોતાનો ખાવાપીવાનો ધર્મ સાચવી ના શકે ?' આ સામાન્ય સત્યને વસ્તુસ્થિતિની કસોટીથી તપાસવાનો સંભવ ઉડાવીને જ દલીલો ચલાવાય છે. કોઇવાર વળી ધર્મનાં વિવિધ તત્ત્વોની ચર્ચા થાય છે તેમાં પણ રણછોડભાઈ પોતાની તીક્ષ્ણ બુદ્ધિનો ઉપયોગ, સાચી તેમજ ખોટી દલીલોમાં કરીને વિલક્ષણ છાપ પાડે છે.

✽ ✽ રણછોડભાઇએ મિલનો ઉદ્યોગ આરંભ્યો ત્યારથી નગરમાં તેમને 'રણછોડભાઈ રેંટિયો' એ નામથી લોકો ઓળખતા. ગાંધીજીનો રેંટિયો એ નહિ, પણ અગ્નિબળથી ચાલતો (વિદેશી યંત્રસામગ્રીનો રેંટિયો. રણછોડભાઇ આજે હયાત હોત તો એ કયો રેંટિયો સ્વીકારત ?

✽ ✽ મિલનો ઉદ્યોગ શરૂ કરતાં પહેલાં રણછોડભાઇ અંગ્રેજ સરકારની નોકરીમાં પોલિટિકલ ખાતામાં અમલદાર હતા. નોકરીમાં પણ પોતાની શક્તિથી છાપ પાડી; પણ 'ભાવિ તણા જ પ્રભાવે' લાંચના આરોપને લીધે નોકરી ખોઇ. એ પ્રસંગે જ્યારે આ આરોપની તપાસ ચાલતી હતી ત્યારે રણછોડભાઇના મન ઉપર અત્યંત ગ્લાનિ, વિચારમાં જ લીન રાખે એવી મૂઢાવસ્થા વગેરે ભાવોએ એવું જોર કરેલું કે ખેડામાં મારા પિતાને ઘેર આવેલા તે નહાવા બેસે તે વખતે કૂંડીમાં લોટો બોળીને પાણી શરીર ઉપર નાંખતે નાંખતે અધવચ અટકે, લોટો વાંકો ને વાંકો રહે, ને રણછોડભાઈ શૂન્ય મનથી જોયા કરે.

✽ ✽ પણ આ અનિષ્ટ ભાસતા બનાવનાં પરિણામ અજ્ઞાતરીતે ગુજરાતને લાભકારી નીવડયાં. રણછોડભાઈની તીક્ષ્ણ બુદ્ધિ, દૂરદર્શિતા, ઝીણામાં ઝીણી વિગતનો સૂક્ષ્મ અભ્યાસ ઇત્યાદિ અસાધારણ શક્તિનાં લક્ષણો આ સમયથી તેમના અંતકાળ સુધી પ્રગટ થતાં આવ્યાં. મિલનું સાંચાકામ, ક્રિયા, સર્વની વિગત આરંભથી તે અંત સુધી એઓ મિલ જોવા આવનારને એવી રીતે સમજાવતા કે એમની ઝીણવટને શક્તિથી બધા છક થતા. મ્યુનિસિપાલિટીના પ્ર-

આ માસ ઑક્ટોબરનું પંખી : સારસ



લગભગ બેલડીમાં ફરતા આ પંખી વિષે આપણે ત્યાં કથા અને કાવ્યનું આલ્હાદક વાતાવરણ રચાયું છે, ને એક મુઆ તો બીજું પ્રાણત્યાગ કરે એવી અખંડ પ્રેમની લોકોક્તિ એને માટે એટલી બધી પ્રચલિત છે કે એના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે.

પણ ગુજરાતનું જ અધિવાસી, સમસ્ત ગુજરાતમાં વ્યાપક ને હિંદભરનાં પંખીઓમાં મોટામાં મોટું આ પંખી જોયું હશે કેટલાએ?

પાછતર ચોમાસામાં ને શિયાળામાં નદી-નાળાં ને તળાવકાંઠાઓ પર બબ્બેની બેલડીએ અથવા પાંચપચીસને ટોળે વળીને ચરતાં કે ખેતરમાં રાતવાસો રહેતાં એ દેખાય છે.

માથાપૂર ઊંચો દેહ, આછો નીલ વર્ણ, ગૌરવવંતી ધીમી મનોહર ચાલ, કર્કશ છતાં પ્રફુલ્લ કરનારો ગંભીર ગર્જના જેવો અવાજ અને ઊડે ત્યારે અવ્યાહત પણ શાંતવેગી લાગતો પ્રવાહ—આટલી નિશાની એ મહાપંખીને ઓળખી કાઢવા માટે પૂરતી છે.

ઑગસ્ટથી ઑક્ટોબર સુધીમાં, ડાંગર-ની ક્યારી વચ્ચે કે નદીના થળિયા ઉપર, ડાખળાં-સાંઠીકડાંના ચારેક ફૂટ મોટા માળા એ બાંધે છે; ને એટલાં નિર્ભય હોય છે કે માદા માળામાં ઈંડાં સેવવા બેઠા પછી કોઈ ચોપગાં પશુની યે તાકાત નહિ કે ત્યાંથી એને ખસેડી શકે. ઈંડાંમાંથી બચ્ચાં નીકળે કે તરત માબાપ સાથે ચરવા નીકળી પડે છે.

સ્વભાવે વનસ્પતિભક્ષક આ પંખી ઘાસના ગોપટા, કૂંળાં મૂળિયાં વગેરે ખાય છે, જોકે પાણીમાંની જીવાત પણ એને ખપે ખરી.

(શ્રી 'નેચર'ના લેખ ઉપરથી સંપાદિત)

મુખ તરીકે અમદાવાદની અપૂર્વ સેવા રણછોડભાઈની હતી એ નિર્વિવાદ છે. પરંતુ એ સેવામાં એમણે વાપરેલાં બુદ્ધિશક્તિ, ધૈર્ય ઇત્યાદિ ગુણો બધાના જાણવામાં નહિ હોય. અમદાવાદમાં અગાઉ દર સાલ કૉલેરાનો રોગ આવતો જ. સ્વચ્છ પાણી રણછોડભાઈની દૂરદર્શિતાથી આવ્યું ત્યારથી એ રોગ નાબૂદ થયો. એ પાણીની યોજના તેમજ ગટરોની યોજના બંનેનો નિકટ સંબંધ હોઇ તે માટે એક expertને બોલાવ્યો હતો; પરંતુ એ પંડિત પોતાનો રીપોર્ટ તૈયાર કરે તે પૂર્વે રણછોડભાઇએ એની જોડે એના જ વિષયની ચર્ચા કરવામાં, એની ભૂલો બતાવવામાં, એનો મત ફેરવવામાં, પોતાની સૂક્ષ્મ અભ્યાસ અને બુદ્ધિશક્તિને યોગે એ વિષયની આશ્ચર્યકારક પ્રવીણતા પ્રગટ કરી હતી. દરેક વિષયમાં આ ગુણબળથી રણછોડભાઈ દીપતા હતા.

* * આ યોજનાઓ સામે આરંભમાં અમદાવાદના નગરજનો બહુ જ વિરોધવૃત્તિ દર્શાવતા હતા. લોકોને ચઢાવનારા ખાનગી શત્રુઓ પણ હતા. નગરવાસીઓનાં મન પોતાની તરફ વળે એ હેતુથી અમદાવાદમાં કાળુપુરના રસ્તા પર આવેલા ટંકશાળના કૉમ્પાઉન્ડમાં મોટી જાહેર સભા ભરી. તેમાં ભાષણ કરવાનું રણછોડભાઇએ શરૂ કર્યું ન કર્યું, ને ઉશ્કેરી મૂકેલા લોકોએ રમખાણ મચાવ્યું. . . ને આખરે એ જ લોકો કેટલાંક વર્ષ પછી રણછોડભાઇને આશીર્વાદ દેવા લાગ્યા. 'ઝીણો ખરો !' એ એમની બુદ્ધિશક્તિ માટે અમદાવાદના વાણિયાઓનું બે શબ્દોમાં પૂરેલું પ્રમાણપત્ર અનેકવાર સાંભળેલું છે.

* * મારા પિતાની ધાર્મિક પ્રવૃત્તિમાં રણછોડભાઈ આદ્ય સહકારી હતા. ધર્મસભા નામની સંસ્થા સ્થાપવામાં એ બંને મુખ્ય ચાલક હતા. ખાડિયામાં એક નાના ડહેલાના ભોંયતળિયામાં એ નાની સભા મળતી. ધર્મના વિષયના વાદવિવાદ થતા, એમાં રણછોડભાઇનો ઘાંટો બહુ બળથી બહાર પડતો હતો. ઉત્તર કાળમાં જે અતિ મન્દ સ્વરે બોલતા, જાહેર સભામાં ઊભા થઈ ભાષણ કરે ત્યારે જેનું બોલવું છેક પાસે બેઠેલા સિવાય કોઈ સાંભળી ના શકે, તે આરંભકાળમાં ઘાંટા પાડનારા હશે તે કોઈ માની પણ ના શકે. એ ધર્મસભા મરી ગઈ. મરી ના ગઈ; શુષ્ક ચર્ચાથી ભોળાનાથને સંતોષ ના થયો. પ્રભુ જોડે નિકટ સંબંધ સ્થાપનારી ભક્તિની ભૂખ પ્રગટ થઈ ને ધર્મસભાની ચિતાની રાખમાંથી 'પ્રાર્થનાસમાજ' પ્રગટ થઇ સજીવ રૂપે આવી. એ પ્રવૃત્તિમાં પણ રણછોડભાઇએ આરંભનાં વર્ષોમાં બહુ ઉત્સાહથી સહાયતા આપી હતી. પરંતુ મૂર્તિપૂજા વિષે રણછોડભાઈ અને ભોળાનાથ એ બેની વચ્ચે સબળ મતભેદ હોવાને પરિણામે ખરૂં ઐક્ય એ બેનું એ કામમાં જામ્યું નહિ. એક મોસમ એવી ગઈ કે પ્રાર્થનામંદિરની વેદી ઉપરથી એક રવિવારે રણછોડભાઈ મૂર્તિપૂજાપક્ષનું મંડન કરે, તો બીજે રવિવારે ભોળાનાથ ખંડન; એમ દ્વન્દ્વયુદ્ધ લાંબો વખત ચાલ્યું. છેવટે, ક્રમેક્રમે, રણછોડભાઈની સહાયકવૃત્તિ શિથિલ થઈ, ને પ્રાર્થનાસમાજની ઉપાસનાઓમાં આવવાનું ઓછું થઈ ગયું. આવે ખરા; પણ આરતી ગવાતી હોય તે વખતે, ઉપાસનાના કાર્યક્રમને અંતે; એટલે સુધી કે કોઇક વાર તો 'જયદેવ ! જયદેવ !' શબ્દોચ્ચાર છેલ્લી કડીને અંતે થાય અને સામે દ્વારમાં રણછોડભાઈની સ્થૂલ આકૃતિ આલેખાય: 'ભાઈ સાહેબ ! હમે મોડા પડ્યા !' એ શબ્દો ઉચ્ચારતી, બે હાથ વડે પ્રથમ અર્ધ વર્તુલની રેખા આંકી, અંતે તાબોટા પાડવાનો અવાજ લગભગ થાય એવી રીતે હાથેલીઓ જોડાય. અને એ રીતે નમસ્કાર કરતી, સુખડના ઊભા ટીલાથી અંકિત કપાળવાળી, ખભા ઉપર શાલ નાખેલી, કરમજી પાઘડી પહેરેલી, કાથિયા રંગનો ડગલો પહેરેલી, એ મૂર્તિ નયન સમક્ષ અત્યારે જોઉં છું.' ('સ્મરણમુકુર'માં નરસિંહરાવ)

અવાજ

વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઇએ તો અવાજ એ કોઇ પણ બે દ્રવ્યોના અફળાવાથી, ઘર્ષણથી કે ધ્રૂજારીથી ઉત્પન્ન થતાં આંદોલનોનું પરિણામ છે. આ આંદોલનો જ્યારે આપણી કર્ણેન્દ્રિય ઉપર અથડાય છે ત્યારે અવાજ આપણને પ્રત્યક્ષ થાય છે. અવાજનું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્વર, અને કર્કશ સ્વરૂપ તે ધડાકા કે ઘોંઘાટ.

ઘોંઘાટનો અણગમો બધાંને હોય છે. ઘણાને ખબર નહિ હોય કે ભય અને ત્રાસની જેમ શરીર પર માઠી અસર થાય છે તેમ ઘોંઘાટથી પણ થાય છે. કેમકે તેનાથી ચિત્તની શાંતિનો અને મનની એકાગ્રતાનો નાશ થાય છે. સતત અવાજથી લોહીનું દબાણ વધે છે. પાચનતંત્ર બગડે છે અને નિદ્રાવસ્થા દરમ્યાન પણ જ્ઞાનતંત્ર ઉશ્કેરાય છે. ચાલુ કર્કશ અવાજ સાંભળ્યા કરવાથી શ્રવણેન્દ્રિયના જ્ઞાનતંતુઓ નબળા થઇ બહેરાપણું પણ આવે છે. આમ, ભારે અવાજથી તંદુરસ્તીનો નાશ થાય છે અને તજ્ઞોના અભિપ્રાય મુજબ સતત ઘોંઘાટથી આયુષ્ય પણ ઓછું થાય છે. આધુનિક યુગનાં સીમાચિહ્ન લેખાતાં યંત્રો, મીલો, ટ્રેન, મોટર અને ઍરોપ્લેન વગેરેએ આપણને સુખસંપન્નતા અપાવ્યાં છે, પણ તેનાથી ઉત્પન્ન થતા ભારે અને કર્કશ અવાજથી ત્રાસ અને હાનિ પણ ઓછાં નથી ઉપજાવ્યાં.

અવાજનાં ત્રણ આવશ્યક તત્ત્વો છે: પ્રમાણ, મોટાઈ અને ગુણ (Timbre). અવાજ ઉત્પન્ન કરનાર કોઈ દ્રવ્ય એક સેકન્ડમાં ૧૦૦૦ આંદોલનો ઉત્પન્ન કરે અને જે અવાજ ઉત્પન્ન થાય તે મુશ્કેલીથી સાંભળી શકાય તેવો હોય છે. જોકે એ જાણવું જરૂરનું છે કે આપણા કાન ક્ષણના ૧૬ આંદોલનોથી માંડી ૪૦,૦૦૦ આંદોલનથી ઉત્પન્ન થતા અવાજ સાંભળવાની શક્તિ ધરાવતા હોય છે.

અવાજનું માપ કાઢવા માટે એક એકમ નક્કી કરવામાં આવ્યો છે. એક સેકંડમાં એક હજાર આંદોલનોથી ઉત્પન્ન થતા અવાજને એક 'ડેસિબલ' અવાજ કહેવામાં આવે છે; બીજા દેશોમાં એકમનું નામ 'ફોન' રાખવામાં આવ્યું છે.

અવાજનું મોટાપણું એકલા અવાજની તીવ્રતા ઉપર જ નથી અવલંબતું, પણ તીવ્રતા સાથે કમ્પસંખ્યાના મિલન ઉપર પણ અવલંબે છે. એક ક્ષણમાં થતાં આંદોલનોની સંખ્યા ઓછી હોય તો તે અવાજ ઘેરો હોય છે. જુદીજુદી કમ્પસંખ્યાવાળા બે અવાજોનું મોટાપણું તો એકસરખું હોય છે. તેમાં યે જેમાં આંદોલનો ઓછાં હોય છે તેના ઉપાદાનમાં તીવ્રતા (Intensity) વધારે હોય છે અને આથી તે અવાજ કાનના પડદા ઉપર વધારે દબાણ ઉપજાવે છે.

અવાજ એક ડેસિબલથી માંડી ૧૨૦ ડેસિબલ સુધીની કક્ષાનો હોય છે. ઘડિયાળનું ટકટક કે ગુસપુસ વાતનો અવાજ ૧૦ ડેસિબલનો ગણાય. ઘરમાં હરફરથી થતો અવાજ ૨૪ ડેસિબલનો અને વૃક્ષોમાંથી પસાર થતા પવનથી ઉત્પન્ન થતો અવાજ ૩૦ ડેસિબલનો હોય છે. કાગળ ફાડવાનો કે ઑફિસમાં થતા અવાજનો આંક ૪૦ ડેસિબલનો લેખાય ટાઇપરાઈટરના અવાજનો આંક ૫૦ અને શાંત રસ્તા ઉપરના અવાજનો આંક ૫૦ ડેસિબલનો ગણી શકાય. ટૅકસીનો અવાજ ૬૫ અને ટ્રકનો અવાજ ૭૫ ડેસિબલનો હોય છે. પાણીના દંદુડાનો અવાજ ૮૫ ડેસિબલનો અને હથોડાના ઘાનો અવાજ ૯૭ ડેસિબલનો હોય છે. મોટરના ભૂંગળાનો અવાજ ૧૦૦ ડેસીબલનો અને મોટા પ્રિન્ટિંગ પ્રેસનો અવાજ ૧૧૦ ડેસિબલનો હોય છે. ઍરોપ્લેનના પંખાથી થતો ઘુરઘુર અવાજ ૧૨૦ ડેસિબલનો હોય છે જ્યારે ૧૪૦ ડેસિબલનો અવાજ આપણને ત્રાસદાયક થઈ પડે છે.

ઘોંઘાટથી મનુષ્યપ્રકૃતિ ઉપર થતી માઠી અસરો ધ્યાનમાં લઈ

પશ્ચિમના વૈજ્ઞાનિકો ઘોંઘાટ ઉત્પન્ન ન થાય, યા જેમ બને તેમ ઓછો ઉત્પન્ન થાય તેવા ઉપાયો યોજી રહ્યા છે. યંત્રોમાં રહી ગએલી યાંત્રિક ખામી અને મોટી મશીનરીમાં અસમતોલ રોટર ભારે અવાજ ઉત્પન્ન કરે છે. રોટરનું અસમતોલપણું પકડવા વૈજ્ઞાનિકોએ એક ભારે કરામતવાળું યંત્ર બનાવ્યું છે. આજે તો હવે બિલકુલ અવાજ ન કરે તેવી ધાતુ બનાવવા ધાતુશાસ્ત્રીઓ અને ઈજનેરો મથી રહ્યા છે.

ઘોંઘાટથી બચવાના બે ઉપાયો છેઃ એક તો ઘોંઘાટ ઉત્પન્ન જ ન થાય તેવું કંઈક થવું જોઇએ. શહેરોમાં વિશાળ મકાનો બંધાતી વખતે લોખંડ ઉપરના હથોડાના અવાજને નિવારવા ઇલેક્ટ્રિક આર્ક વેલ્ડિંગનો ઉપયોગ થવો જોઇએ. યંત્રોનો અવાજ ઓછો કરવા યંત્રોને જમીનમાં ઊંડાં ગોઠવવાં જોઇએ.

ઘોંઘાટથી બચવાનો બીજો ઉપાય કાયદાનું રક્ષણ મેળવવાનો છે. રેડિયો, મોટરનાં હોર્ન, ગ્રામોફોનના ઘેરા અવાજો, ટ્રકના ખડખડાટ વગેરે ત્રાસદાયક અવાજો કાયદા દ્વારા બંધ કરી શકાય. ઘરમાં ભારે અવાજ કે ઘોંઘાટ ઓછો આવે તે માટે દીવાલો વચ્ચે હવાનું પડ, યા રબ્બર કે ઘાસનું પડ રાખવાથી કામ સરે છે. આને લીધે બહારથી આવતો ઘણોખરો અવાજ શોષાઈ જાય છે.

યંત્રો કે સંચાકામમાં થતા અવાજો શોધી કાઢવા અને તેનું પૃથક્કરણ કરી તેને દબાવવા માટે એક રૉબૉટ મશીન શોધી કાઢવામાં આવ્યું છે. આ મશીન 'અવાજ ડિટેક્ટિવ' જેવું કામ કરે છે. રેડિયો જેવી કામગીરીભર્યું આ ડિટેક્ટિવ યંત્ર, સાંચાકામના અવાજનું એકલું મોટાપણું જ પકડતું નથી, પણ તેની તીવ્રતા અને ઊંડાણ પણ માપે છે. આ યંત્રથી કેટલાયે નિવારી શકાય તેવા અવાજો પકડાય છે.

અવાજ સામેની વિજ્ઞાનની લડાઇ હજી ચાલુ જ છે અને તેમાં બહુધા સફળતા વરતી જાય છે. બિનઅવાજી ટાઇપરાઈટર શોધાયું છે, તેમ ભવિષ્યમાં બિનઅવાજી ટ્રેન, મોટર અને એરોપ્લેન પણ આપણે જોઇએ તો નવાઈ નહિ. —શિવપ્રસાદ ત્રિવેદી

આયોડિન

વાગ્યા કે સોજા ઉપર લગાડવામાં આવતી અને 'લાલ દવા'ના નામથી લોકમાં જાણીતી દવા 'ટિંકચર ઑવ આયોડિન' કોણે નહિ જોઈ હોય? એ ટિંકચર ઑવ આયોડિન—એટલે આયોડિનનો અર્ક—આયોડિન નામની દવામાંથી અમુક મિશ્રણો કરીને બનાવાય છે.

આયોડિનની શોધ ઈ.૧૮૧૨માં B.Courtois—બી. કુર્વા—નામના એક ફ્રેન્ચ રસાયણશાસ્ત્રીએ એક દરિયાઇ વનસ્પતિના kelp—કેલ્પ—નામના સોડાક્ષારોમાંથી કરી હતી. આપણે તો સામાન્ય રીતે લગાડવાની દવા તરીકે જ એનો ઉપયોગ જાણીએ છીએ, પણ જંતુનાશક તરીકે વાઢકાપમાં તેમજ જમીનના ખાતરમાં પણ એનો ઉપયોગ થાય છે. પાટાપીંડી કરવામાં વપરાતી પીળા રંગની ગંધાતી દવા આયોડોફૉર્મ પણ આયોડિનમાંથી જ બને છે. એ ઉપરાંત ઑર્ગેનિક પદાર્થો તથા રંગો (ઑર્ગેનિક ડાઇઝ)ની બનાવટમાં અને ફોટોગ્રાફીની પ્લેટોની બનાવટમાં પણ તે ખૂબ વપરાય છે.

જગતને મોટા ભાગનું આયોડિન દક્ષિણ અમેરિકાનો ચીલ (Chile) પ્રાંત આપે છે. એ સિવાય આયર, સ્કૉટલૅન્ડ, ફ્રાન્સ, નૉર્વે, રશિયા ને જાપાનના દરિયાકિનારા ઉપર થતી દરિયાઇ વનસ્પતિના કેલ્પમાંથી એ મેળવાય છે. અમેરિકા, જાવા અને ઇટાલીના મીઠાના તેમજ તેલના કૂવાઓમાંથી પણ તેનો સારો જથ્થો મળે છે. દરિયાઇ વનસ્પતિના કેલ્પમાંનું આયોડિન દવા તરીકે શરીરમાં અમુક ઊણપવાળાં તત્ત્વો પૂરવા વપરાય છે અને તે માટે બજારમાં વાઇ—કેલ્પ નામની આયોડિનની ટીકડીઓ મળે છે. —'શિવમ્ સુન્દરમ્'

આ માસ (ઑક્ટોબર) ઈતિહાસમાં

તા. ૨ જગદ્વંદ્ય વિભૂતિ મહાત્મા ગાંધીજીનો જન્મ, ૧૮૬૯.

તા. ૬ અંગ્રેજ રાજકવિ લૉર્ડ ટેનીસનનું અવસાન, ૧૮૯૨.

તા. ૧૨ કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો, ૧૫૦૨.

તા. ૧૬ હિંદી રાષ્ટ્રીયતાનો પહેલો ભભૂકો લાવનાર બંગભંગ ૧૯૦૫.

તા. ૨૧ અંગ્રેજ પ્રજાને મહાસાગરની રાણીનું બિરદ અપાવનાર ટ્રફાલ્ગરના નૌકાયુદ્ધમાં ફ્રેન્ચો સામે અંગ્રેજોને અંતિમ વિજય અપાવી એમનો નૌ-સેનાપતિ હૉરેશિયો નેલ્સન તેમાં ખપી ગયો, ૧૮૦૫.

તા. ૨૩ ભગવાન બુદ્ધના ધર્મોદેશથી પ્રેરાઈ એમની ભૂમિ હિંદના સ્વયંદર્શનાર્થે કપરી મુસાફરી ખેડીને આવનાર ને સંખ્યાબંધ ધર્મગ્રંથો અહીંથી લઈ જઈ પોતાની પ્રજાને નગદ ઉપદેશ આણી આપનાર વિખ્યાત ચીની યાત્રી હ્યુએન સંગનું અવસાન, ૬૬૪.

તા. ૨૬ પહેલાં જે સ્કૅન્ડિનેવિયા દ્વીપકલ્પના બે એકત્ર દેશો તરીકે ગણાતા તે સ્વીડન—નૉર્વેના યુગલમાંથી નૉર્વે છૂટું પડીને સ્વીડનથી સ્વતંત્ર રાષ્ટ્ર બન્યું, ૧૯૦૫.

તા. ૨૯ રાણી એલિઝાબેથના પ્રેમપાત્ર દરબારી ને મહાન શોધસફરી સર વૉલ્ટર રાલે (જુઓ અંક ૨૭૧માનું મુખચિત્ર)નો વધ, ૧૬૧૮.

તા. ૩૧ આજથી વીસ વરસ પહેલાંની પચ્ચીસીમાં હિંદના રાજકારણમાં 'મુંબાઈના સિંહ' તરીકે ઓળખાતા મહાન પારસી નેતા સર ફીરોઝશાહ મહેતાનું અવસાન, ૧૯૧૬.



આ માસની વ્યક્તિવિશેષ

કૅપ્ટન કૂક

જગતના નાવિક સંશોધકોમાં વૈજ્ઞાનિક સમુદ્રવીર તરીકે સૌપહેલું ઊંચું પદ મેળવનાર અને બ્રિટિશ સામ્રાજ્યને અઢળક સંપત્તિવાળા બે સરસ ટાપુઓ—ન્યૂ ઝીલૅન્ડ અને ઑસ્ટ્રેલિયા—નાં શોધ-સંશોધન કરી આપીને એ સામ્રાજ્યના રચનાર મહાપુરુષોમાં ગણના પામનાર કૅપ્ટન જેમ્સ કૂકનો જન્મ ઇંગ્લંડના યૉર્કશાયર પરગણાના માર્ટન ગામે ૧૭૨૮ની ૨૭મી ઑક્ટોબરે મામૂલી મજૂરને ત્યાં થએલો. કુમાર વય કોઈ વેપારીની ગુમાસ્તીમાં ગાળીને દરિયાનો સાદ સાંભળી એ નૌકાખાતામાં દાખલ થયો અને અંત ને પ્રતિભાથી આગળ વધી એક માપણી કરનાર જહાજનો વડો બન્યો, જે પદેથી એણે કૅનેડાના કિનારાની શાસ્ત્રીય મોજણી કરી આપી. ૧૭૬૮માં એને પાસિફિકની વૈજ્ઞાનિક શોધસફરની સરદારી સોંપાઇ જેની બે વરસની કામગીરીમાં એણે ન્યૂઝીલૅન્ડ તથા આજ સુધી અજ્ઞાત ઑસ્ટ્રેલિયાના સમૃદ્ધ પૂર્વ કિનારાની શોધ કરી તેની સંપૂર્ણ માપણી કરી. તે પછીની એની વિખ્યાત સફરમાં 'એન્ડેવર' જહાજમાં એણે આખા દક્ષિણ ગોળાર્ધનો મહાસાગર ખેડી નાખી અનેક ટાપુઓ શોધ્યા ને ભૂગોળના ક્ષેત્રમાં અમુક વૈજ્ઞાનિક સત્યો સ્થાપિત કર્યાં ત્યાંથી ૧૭૭૫માં પાછો ફરતાં ઇંગ્લંડે એનું બહુમાન કરી રૉયલ સોસાએટીનો મોંઘો સુવર્ણપદક એને આપ્યો.

તેની છેલ્લી સફર પશ્ચિમ ગોળાર્ધમાં જવાનો ઉત્તર-પશ્ચિમ માર્ગ શોધવા યોજાઈ, જેમાં હાવાઈ ટાપુઓ શોધીને બેરિંગ સામુદ્રધુનીની પાર સુધીના ઉત્તર અમેરિકાના સમગ્ર પશ્ચિમ કિનારાની પાકી મોજણી કર્યાં બાદ બરફને લીધે તેને પાછા હાવાઈ ટાપુઓમાં ફરવું પડ્યું જ્યાં વતનીઓ સાથે થએલી ઝપાઝપીમાં તે ૧૭૭૯ના જાન્યુઆરીની ૧૪મી તારીખે માર્યો ગયો.

અનુષ્ટુપ

અંધ ને અજ્ઞ એ એમાં ઓછો શાપિત આંધળો.
એકાંગે પાંગળો અંધ. અજ્ઞ સર્વાંગ પાંગળો

—રમણલાલ સોની

અમદાવાદ મ્યુનિસિપાલિટીની મીટિંગ ભરાઈ હતી. રા. બ. રણછોડલાલ છોટાલાલ પ્રમુખ હતા. તેમની પાસે બે સભ્યો આવ્યા. એક કહે, જુઓ સાહેબ, આ શખ્સે મને લોફર કહ્યો.' બીજાએ ફરફેરાઇને કહ્યું, 'સાહેબ આણે મને લોફર કહ્યો.' શાન્ત ગંભીર મુખ રાખી રણછોડભાઈ બોલ્યા: 'શું કામ લડી મરો છો? અમારે મન તમે બંને સરખા છો!' આ વચનમાં ઝીણી રમૂજ-ટકોર ઉદ્દિષ્ટ નહિ હોય એમ કહેવા હું તૈયાર નથી. (નરસિંહરાવ)

કહેવતોના અર્થ: 'ઘરડી ગાયને કોટે ડહેરો.' માણસ ઘરડો થાય તો પણ પોતાની જૂની કુટેવો કે પ્રકૃતિ ન છોડે તેના ઉપાલંભ માટે વપરાતી આ કહેવતનો અર્થ એ છે કે ગાયને જો ભટકવાની કે ઓખર કરવાની ટેવ પડી હોય તો તે ઘરડી થયે પણ જતી નથી, અને તેને એમ ભટકતી અટકાવવાને ગળે લાકડું કે ટોકરો બાંધી રાખે છે. એ જ ભાવની બીજી કહેવતો: 'હાલ જાય હવાલ જાય, પણ બંદોકા ખ્યાલ (ખેલ) ન જાય;' 'ઘરડો (શરીરે) થયો છે, પણ જીવ (મન) ઘરડો થયો નથી; 'ઘરડો થાય, પણ ચસકો ન જાય;' 'વાંદરો ઘરડો થાય પણ ગુલાંટ ન ભૂલે' વગેરે.


અનેકાર્થી શબ્દ: **વાઘ**=એક હિંસ્ર પ્રાણી; ચેટાંબકરાંનું ટોળું. **વાઘ**=વાણી; લૂગડાંઘરેણાંથી સજાએલી સીમંતિની સ્ત્રી; લગામ.

ગણિત-ગમ્મત

૧૧, ૧૨ અને ૧૩—દસથી વીસની અંદરની પાસેપાસેની આ ત્રણ રકમો એવી ખૂબીદાર છે કે તેનું જે બીજરૂપ (square) આવે તે, એજ રકમને ઉલટાવવાથી આવતી રકમના બીજરૂપનાં ઉલટાવેલાં જવાબની બરાબર થાય છે. દા. ત. ૧૨^2=૧૪૪; ઉલટાવતાં ૨૧^2=૪૪૧ ઉલટાવતાં ૧૪૪! વીસથી ત્રીસ સુધીમાં આવી એક માત્ર રકમ ૨૨ છે. ત્રીસથી સોની મર્યાદામાં આવી બીજી સંખ્યાઓ તમે શોધી કાઢશો ?—કા. મ. જોષી

નાના બાળકના ડાબા જમણી જોડા જલદી ઓળખાતા નથી. તેને અંદરની બાજુએ કંઈક નિશાન કરી રાખવાથી એ મુશ્કેલી ટળશે.

ઍલાર્મ ક્લૉકનો અવાજ બહુ પજવતો હોય તો ઊની દળીનો કટકો ટેબલ પર મૂકી તે પર રાખવાથી અવાજ જરા દબાશે.




હવે આપણે મ્હૈસુરથી આગળના તામિલ ભાષી દખ્ખણ દેશના સિક્કા જોઇએ. એ તામિલદેશમાં પ્રાચીન કાળમાં ત્રણ વંશ થયા: (૧) પાંડ્ય વંશ—આજના મદુરા–તીનેવેલી પરગણામાં; (૨) ચોળવંશ–કોરોમંડલ (ચોળમંડલમ્) કિનારા પર; (૩) ચેરા (કેરા ?) વંશ —કેરળમાં, એટલે કે કોચીન–ત્રાવણકોર સાથેના મલબારમાં. પણ એ ત્રણેની પહેલાં ઈ. સ.ના ૬થી૮ સૈકાના ત્રણસો વર્ષમાં અહીં પલ્લવો નામના પરાક્રમી રાજાઓ થઈ ગયા જેમણે પોતાની રાજધાની કાંચી (આજના કાંજીવરમ)થી વિસ્તરી છેક લંકા સુધી આણ વર્તાવી. દક્ષિણના ભવ્ય અને બલિષ્ઠ સ્થાપત્ય તથા શિલ્પનો પાયો પણ એ પલ્લવોએ નાખ્યો. એ પલ્લવોનો રૂપાનો એક સિક્કો ઉપર આપ્યો છે, જેમાં એક બાજુએ સિંહનું ચિત્ર છે અને બીજી બાજુ બાજઠ ઉપર મૂકેલો કળશ તથા તેની ચોમેર પ્રકાશકિરણો છે.

શિયાળામાં થીનું ઘી કાઢવા માટે પળી કે ચમચો ગરમ કરી વાપરવાથી સરળતા થશે.


ઊર્ધ્વમુખ માણસે કઠોરતા અને કોમળતા બંને કેળવવાનાં છે. પોતાની જાત પ્રત્યે કઠોરતા અને બીજાઓ પ્રત્યે પ્રેમ અને ક્ષમાની કોમળતા —કાલેલકર

બારીની ફ્રેમો રંગતાં પહેલાં કાચ ઉપર સારી પેઠે લીલો સાબુ ભૂંસી દેજો. રંગતી વેળા ડાઘ ઊડ્યા હશે તો એ સાબુને ધોતાં વેંત તેની સાથે સહેલાઇથી નીકળી આવશે.

'મનુ, મૂડી ને મજૂરી વચ્ચે શો ફેર ?'
'મેં કનુને એક રૂપિયો ઉછીનો આપ્યો છે તે 'મૂડી'; પણ એ પાછો મેળવવા માટે મારે જે પ્રયત્ન કરવો પડશે તે 'મજૂરી'.




ઉપરનાં ત્રણ નાનાં વર્તુલો ઉપર દોરેલાં ત્રણે તીર નિશાન એકબીજાથી સરખે જ અંતરે છે; પણ વર્તુલોથી થતા દૃષ્ટિભ્રમને લીધે બીજા-ત્રીજા વચ્ચેનું અંતર મોટું લાગે છે.



ભારે વજન ઉપાડવાની ચીનાઓની યુક્તિ

યુક્તિભરી કારીગરી, નુસખા ને હુન્નરબાજી માટે ચીનની પ્રજા જાણીતી છે. આ ઉપર આપેલું ચિત્ર, એ પ્રજાએ અતિ ભારે વજન ઉચકીને હેરફેર કરવા માટે યોજેલી યુક્તિનું છે. એ પદ્ધતિથી માત્ર મોટા મજબૂત વાંસની મદદથી ૩૨ માણસો, એકબીજાની હડફેટે આવ્યા વિના, શિસ્તબદ્ધ રીતે જંગી બોજો ખેંચી જઈ શકે છે. વચ્ચેનો છાયાવાળો ભાગ તે વજનદાર વસ્તુ છે, પોલી લીટીઓ તે મજબૂત વાંસ દર્શાવે છે, અને દરેક કાળું ટપકું તે એકએક માણસ છે. આ પદ્ધતિથી વચ્ચેનું આખું વજન ૩૨ જણમાં સરખી રીતે વહેંચાઈ જાય છે. ઉચકવાને ખેંચી જવાનું કામ બરોબર એક સાથે, એક જ સમયે ને એકધારી રીતે થાય તે માટે તેઓ પણ, આપણા મજૂરોની માફક, 'હેઈસા' 'હેઇસા' જેવા તાલબદ્ધ ઉદ્ગારો કાઢતા જાય છે અને આગળ ધપતા જાય છે. ચીની બંદરોની ગોદીઓ અને એવાં મજૂરીનાં સ્થળો આવા તાલબદ્ધ આલાપોથી સદા ગુંજતાં જ હોય છે.







હિંદની મૂર્તિકલાના શ્રેષ્ઠ કાળ પાંચમી સદીની હિંદની ત્રણ વિવિધ કલાશાખા-ઓની ત્રણ બુદ્ધમૂર્તિઓ અહીં આપી છે. જમણી બાજુ (નીચે)ની સારનાથ-માંની બુદ્ધપ્રતિમા ભારતીય મૂર્તિકલાનો સુપ્રસિદ્ધ નમૂનો ગણાય છે. તેની મથાળેના બોધિસત્ત્વ ગાંધાર કલાનો શ્રેષ્ઠ નમૂનો છે. હિંદની વાયવ્ય સરહદનો ગાંધાર-કંદહાર-પ્રદેશ સિકંદરે જીતવાને કારણે ત્યાંની મૂર્તિકલા પર પડેલી ગ્રીક અસર એમાં સ્પષ્ટ છે. આથી પશ્ચિમી વિવેચકો કહેતા કે હિંદને મૂર્તિકલાનું જ્ઞાન ગ્રીકોએ જ આપેલું! પણ આ અંકમાંના 'મથુરાની શિલ્પકલા'ના લેખમાં દર્શાવ્યું છે તેમ, આ દેશમાં તેની યે પૂર્વેના કાળથી મૂર્તિકલા હતી. આ ઉપર આપેલી ઊભી બુદ્ધપ્રતિમા ગુપ્તકાળના મથુરાના શિલ્પનો સર્વોત્તમ નમૂનો છે. આ અંકમાંના એ લેખને અનુસંધાને આ ત્રણે શિલ્પમૂર્તિઓના મુખભાવ, લાવણ્ય અને તેની નેત્રાંગકલાનું નિરીક્ષણ બોધક અને રસદાયક થઇ પડશે.